वार्षिक मूल्य ( पोस्टेज सह ) रु. १-८-०.     Reg. No. B. 525.

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

पुस्तक १२. અંક ૭.   વીરાત્ ૨૪૪૨ અશાડ સં. ૧૯૭૨.   જુલાઇ ૧૯૧૬.

અમો તો તું અમે નહિ તો નહિ તું જાણજે નિશ્ચે,
નહિ જો બીજ ક્યાંથી વૃક્ષ ફળ કોના ઉપર ફળશે?
અમારી હસ્તીમાં હસ્તિ રહી તારી અજબ રીતે,
અમો પર ઘાવ કરતાં ઘાવ આવી તમ ઉપર પડશે.

## વિષયાનુક્રમ.

અમૃત વૃષ્ટિ—કાવ્ય ( રા. કૈવલ્ય ) ... ... ... ... ૨૧૦
સ્નેહાળ પ્રિયા—કાવ્ય ( રા. કૈવલ્ય ) ... ... ... ... ૨૧૧
તંત્રીની નોંધ—૧ જૈન ઇતિહાસ સામગ્રી, ૨ અંગ્રેજી ભાષામાં જૈન ધર્મ સંબંધી પુસ્તક, ૩ જેસલમીર તથા બીજા જૈન ભંડારો, ૪ પાટણની પ્રભુતા અને જૈનો, ૫ જૈન પવિત્ર આગમોનું મુદ્રીકરણ, ૬ સંપ ત્યાં સુખ, ૭ રાજભક્તિની અવધિ. ... ... ... ... ૨૧૧
સ્વીકાર અને સમાલોચના ( તંત્રી ) ... ... ... ... ૨૧૭
પ્રાચીન પત્ર ( મુનિશ્રી વિદ્યાવિજય ) ... ... ... ... ૨૨૧
જૈન ધર્મનો અન્ય ધર્મોમાં ઉલ્લેખ ( રા. ગોકુળદાસ ના. ગાંધી )... ... ૨૨૫
લાલા લજપતરાય શું કહે છે? અહિંસા પરમો ધર્મ-સત્ય કે ઘેલછા? ... ૨૩૭
કૉન્ફરન્સ મિશન ૧ સુકૃત ભંડાર ફંડ, ૨ ધાર્મિક હિસાબ તપાસણી ખાતું, ૩ શેઠ ફ. પ્રે. સ્કોલરશીપો. ... ... ... ૨૪૧

ઑનરરી તંત્રી.

મોહનલાલ દલીચંદ દેશાઇ.

બી. એ. એલ્. એલ્. બી.

વકીલ હાઇકોર્ટ-પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.

Printed, by-Dahyabhai Shakrabhai Gandhi at his 'Satya Prakash' Printing Press, Ahmedabad. and Published by-Lalchand Laxmichand Shah for Jaina Swetambar Conference at its office at Pydhuni, Bombay, No. 3.

# કાં ! ખાંસી અને દમથી હેરાન થાઓછો કે ?

## હા. જો તમારે ભૂતથી બચવું હોય તો—

**લોકપ્રિય ડૉ. સર ભાલચંદ્ર નાઇટ સાહેબની ભલામણપર ધ્યાન આપો.**

એ. સી. એમ અત્તરવાલાનું કફશીરપ મેં વાપર્યું છે, અને તે કફને શરદીમાં ઘણું ઉપયોગી માલુમ પડયું છે. આ કફશીરપ ઘણું સ્વાદિષ્ટ છે.

**જરૂર વાપરો.** **જરૂર વાપરો.**

**માત્ર એક વખત એ. સી. એમ. અત્તરવાળાનું**

## કફસીરપ.

જેની ઇંગ્લાંડ તથા હિંદમાં ઘણી બાટલીઓ ખપતી થઇ છે. દમ, ખાંસી, ક્ષય, હાંફણુ વિગેરે દરદો મટાડવા માટેનાં અતિ ખેંચાણકારક સર્ટીફીકેટો મળેલાં છે. કીંમત બાટલી ૧ રૂ. ૦—૧૨—૦ વી. પી. ખર્ચ જૂદું. જથાબંધ લેનારને સારૂં કમીશન આપવામાં આવશે. માટે નીચેના ઠેકાણાથી મંગાવી લ્યો.

**એ. સી. એમ અત્તરવાળા**
અબદુલ રહેમાન સ્ટ્રીટ,
મુંબઇ નં. ૩.

**કે. એમ. અત્તરવાળા.**
ત્રણદરવાજા,
અમદાવાદ.


---

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ.

આ બોર્ડ તરફથી "શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ધાર્મિક હરીફાઇની પરીક્ષા" તથા "બાઇ રતનબાઇ—શા ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ—સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા" તા. ૩૧-૧૨-૧૯૧૬ રવીવારે બપોરના ૧ થી ૪ વાગ્યા સુધીના ટાઇમે મુકરર કરેલા એજંટોની દેખરેખ નીચે લેવામાં આવશે.

ચાલુ વર્ષમાં માણસાનું સેન્ટર વધારવામાં આવેલ છે અને ત્યાના એજંટ તરીકે શા મફતલાલ જેચંદ તથા શા હાથીભાઇ મુલચંદને નીમવામાં આવ્યા છે.

દરેક પાઠશાળાના સેક્રેટરીને વિનતિ કરવામાં આવે છે કે પોતાની શાળાના વિદ્યાર્થીઓ જેઓ પરીક્ષામાં બેસવા ઇચ્છા રાખતા હોય તેઓનાં નામનું લીસ્ટ તા. ૩૦-૧૧-૧૬ સુધીમાં મોકલી આપવા મહેરબાની કરશો.

પાયધુની, મુંબઇ નં. ૩.

**મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.**
**મોહનલાલ દલીચંદ દેશાઇ.**
ઓનરરી સેક્રેટરીઓ.

---

# બે જાહેર ચેલેંજો




અમો અમારા પ્રખ્યાત
સેંટના રાજા **મોહીની** જેના
માત્ર ચારજ ટીપાં રૂમાલપર
નાંખવાથી ચ બેલીના પુલોની
ચાર દિવસ સુધી ખુશબો
નથી આપતું તેવું સાબીત
કરનારને રૂ. ૧૦૦)નું ઇનામ
તેમજ વળી અમારા પ્રખ્યાત-

**પુષ્પાકર હેઅર ઓઇલ**

(રજીસ્ટર્ડ)

જે તેલ માથામાં નાંખવાથી ખીલતા ફુલોની તાજી ખુશબો આપે છે તેમજ માથાના દરેક દરદો માટે ઘણુંજ ફાયદાકારક છે. વળી બજારમાં વેચાતાં સુગંધીદાર તેલો જેમ ઘાસલેટ [ વાઈટ ઓઈલ ] નાંખવામાં આવે છે તે જે કોઇ સાબીત કરી આપે કે અમારાં પુષ્પાકર તેલ ઘાસલેટ તેલથી બનાવવામાં આવે છે તેને અમો રૂ. ૫૦૦) ઈનામ આપવાને બંધાઈએ છીએ. તો શા માટે બન્ને ઇનામો મેળવતા નથી.

એકલા માલેક.

**ધી ઓરીએન્ટલ ડ્રગ એન્ડ કેમીકલ કું.**

આડત્યા:— **મોહીની એજન્સી.**

જુમા મસજીદ—મુંબઇ.

# ખાસ ખબર.

આ કૉન્ફરન્સ હેરૅલ્ડ માસિકના **નવા** થનારા ગ્રાહકોને જણાવવામાં આવે છે કે સંવત ૧૯૭૦ ના પર્યુષણ પર્વ સમયે આ માસિકના ખાસ અંક તરીકે **શ્રીમન્ મહાવીર સચિત્ર અંક** ૨૪૦ પૃષ્ટનો આઠ આના કિંમતનો બહાર પાડવામાં આવેલ હતો. તેમજ તે વર્ષનાં દિવાળીના શુભ પ્રસંગે **શ્રી મહાવીર સચિત્રનો ઉત્તરાર્ધ ભાગ** ૧૫૦ પૃષ્ટનો અંક પ્રગટ કરવામાં આવેલ છે. ગયા બંને અંકો સાથે મંગાવનાર પાસેથી ફક્ત બાર આના કિંમત લેવામાં આવશે. ગયા વર્ષના **પર્યુષણ પર્વ પ્રસંગે જૈન ઇતિહાસ-સાહિત્ય સચિત્ર અંક** એટલે ૩૬૦ પૃષ્ટનો **ખાસ** અંક બહાર પાડેલ છે. તેની કિંમત છુટક ૧ અંકની બાર આના રાખવામાં આવેલી છે, પણ નવા ગ્રાહકોને તે અંક ખાસ **મફત** આપવામાં આવશે. માત્ર તેઓનું નામ ગ્રાહકના લીસ્ટમાં તા. ૧ જુલાઇ સને ૧૯૧૫ થી દાખલ કરવામાં આવશે. અને તે પછીના બધા અંકો પુરા પાડવામાં આવશે. આવો ઉત્તમ લાભ લેવા દરેક જીજ્ઞાસુ બંધુ આ માસિકના ઉત્તેજન અર્થે, આ પત્રના આધાર શ્રી કોન્ફરન્સ દેવીના સહાય આપવા અર્થે અને પોતાના આત્માના લાભાર્થે ગ્રાહક તરીકે નામ લખી મોકલાવવા અને બીજાઓને ગ્રાહક થવા તત્પર થશેજ. એવી અમો આશા રાખીએ છીએ. નવા થનાર ગ્રાહકોનું લવાજમ પ્રથમ લેવામાં આવશે.

માસિક સંબંધી તમામ લખાણ નીચેના શીરનામે અને લેખ સંબંધીનું તમામ કાર્ય **તંત્રી મોહનલાલ દલીચંદ દેશાઇ** વકીલ લાલજી માનસિંહ બીલ્ડીંગ પ્રીન્સેસ સ્ટ્રીટ **મુંબઇના** શીરનામે લખવા રિવાજ રાખશો.

પાયધુની, **મુંબઇ** નં. ૩.

આસિસ્ટંટ સેક્રેટરી
**શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.**


## कास्मीरनो पवित्र केशर.

આ કેસરજ પૂજાને યોગ્ય છે. આ એક કુદરતી પૈદાવાર છે, અને શ્રી મહારાજા સાહિબ કાશ્મીરની આજ્ઞાથી પ્રતિ વર્ષે ખેડવામાં આવે છે. અમો પ્રસિદ્ધ વ્યાપારયો, દેરાસરો અને તીર્થ સ્થાનોમાં મોકલીએ છીએ. પ્રથમ શ્રેણીના એક તોલાની કિંમત રૂ. ૧॥. **ખાલિસ** કસ્તૂરી રૂ. ૨૫ તો. **અસ્સલ** મમીરા રૂ. ૩ તો. શુદ્ધ શિલાજીત ॥ તો. અમૂરીહિંગ )- તો. સુગંધિત જીરા રૂ. ૨, સ્વાદિષ્ટ મુરબા બાદામ રૂ. ૧, સ્વચ્છ મધુ રૂ. ૧ શેર, સર્વ પ્રકારની શાલો ઇત્યાદિ વસ્તુ કિફાયતે મોકલીશું.

**કાશ્મીર સ્ટોર્સ શ્રીનગર નં० ૧૯**

सर्वं दानात् परं दानं अन्नदानं विशिष्यते ।

લ્હેમારાજ લાભના | એક અમૂલ્ય સૂચના.

# શાસ્ત્રાજ્ઞાનું પાલન એ હિન્દુ માત્રનો પરમ ધર્મ છે.

भवन्ति नरकाः पापात् पापं दारिद्रसंभवम् ॥
दारिद्रमप्रदानेन तस्मात् दानपरो भवेत् ॥

–દાન નહિ આપવાથી દારિદ્રય આવે છે; દારિદ્રથી પાપ થાય છે અને પાપને પરિણામે નર્ક મળે છે. માટે

## બસો રૂપિઆમાં અન્નદાન સાથે અમર નામ !

રૂ. ૨૦૦ આપી અન્નદાન ખાતે એક દિવસ રોકી આરસની તખ્તીમાં નામ કોતરાવી યાદગિરી અમર કરો ! !

ગરીબ હિંદુ અનાથોની દયા લાવવી અને મ્હેમને સારે માઠે પ્રસંગે બ્રાહ્મણોની માફક યાદ કરી દાન આપવું એ દરેક હિંદુનું કર્તવ્ય છે. કારણ કે, આવા નિરાધાર અનાથોને દાન કરવાથીજ પરલોકની વાટ ખરચી પ્રાપ્ત થાય છે. હાલમાં સોના આશરે અનાથો હિંદુ વર્ણવ્યવસ્થાનુસાર આશ્રમમાં મળે છે.

માટે તમારા દાનના મની–ઓર્ડરો તુરત નીચલે સરનામે મોકલાવી આપો.

રૂ. ૨૫) દાન આપવાથી એક "ગોદાન" ગણાય છે. તેના વ્યાજમાંથી અનાથોને દુધ અપાય છે અને દાતાના નામનું સ્મારક બોર્ડ ઉપર રખાય છે.

એક રૂપીઆ સુધીનાં દાન વાર્ષિક રીપોર્ટમાં છપાય છે. તે રીપોર્ટ મફત મળે છે, તે મંગાવવા દાન મોકલી લખો.

**મંત્રી–હિન્દુ અનાથાશ્રમ, નડીઆદ.**

# જનસમાજને ફાયદાકારક

# ચેતવણી.

**હજારો ગ્રાહકોની ખાત્રીવાળી ૮૦ વરસથી સંપુર્ણ માન પામેલી અને ભરોસાદાર ચોખ્ખા ચાંદીના દાગીના વેચવાની જુનામાં જુની પેઢી.**

## ગ્રાહકોને ખાસ અગત્યની સૂચના.



અમદાવાદના બજારમાં આજકાલ ચાંદીનાં દાગીના વેચનાર અનેક વેપારીઓ છે. છતાં અમારી દુકાનમાં દરેક જાતના દાગીના ખાસ જસ્તીથી ઝળેલી તથા ઘુઘરીઓ બાંધવાનો વાળો તે પણ ચોખ્ખી ચાંદીનો પાકી ગેરંટીથીજ આપવામાં આવે છે. ભાવમાં ઠગાવાની બીલકુલ ધાસ્તી રહેતી નથી માટે એકવાર પધારવા વિનંતિ છે.

**ચોખ્ખી ચાંદીના દાગીના-**

**બનાવનાર તથા વેચનાર.**

# પંચાલ ભૂલાભાઇ હીરાચંદ

ઠે. માંડવીની પોળમાં લાલાભાઇની પોળમાં ઘર નં. ૨૨૧૪.

અમદાવાદ.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

Jaina Shvetambara Conference Herald.

પુ. ૧૨ અંક ૭. વીરાત્ ૨૪૪૨. અસાડ, સં. ૧૯૭૨. જુલાઇ, ૧૯૧૬.


# અમૃત વૃષ્ટિ.

અમૃત આકાશમાંથી ઉતર્યા રે લોલ
　　સ્વર્ગીય થતું અહીં સાકાર જો—અમૃત.
મંદમંદ સમીર શીતળ વાય છે રે લોલ
　　વીજ કરે અતિ ચમકારજો—અમૃત.
ચારે દિશેથી અંહીં ભેગા મળી રે લોલ
　　અભ્ર રચે ગોષ્ટી એકાકારજો—અમૃત.
આંબાનાં કુંજમાં કોયલ કુદે રે લોલ
　　આનંદે કરતી 'કુ હુ' કારજો—અમૃત.
હર્ષમાં નિમગ્ન મયૂર નાચતારે લોલ.
　　કળા કરી કરે 'મેહુ'કારજો—અમૃત.
વિરમી ચકોરી સુખ શાંતિમાંરે લોલ.
　　મટયો આજ પ્યાસીનો પોકારજો—અમૃત.
પપૈયોય પીને 'પીહુ' બોલીનેરે લોલ,
　　વિરહી હૃદય ભરે વિકારજો—અમૃત.
ગરજે ગડગડે અતિ શોરથીરે લોલ
　　વ્યોમ ધરા થતા એકાકારજો—અમૃત.
અમૃતની રેલછેલ વિશ્વમાં રે લોલ
　　વિશ્વ થતું અમૃતાકારજો—અમૃત.

૪-૮-૧૫ —કૈવલ્ય.

# સ્નેહાળ પ્રિયા.

'પ્રિયતમ પ્રિયતમ' વદી પ્રભાતને પ્રગટાવે
સહુઆન્હિક-ભોજનની સગવડ સચવાવે
'પ્રિય વ્હેલા આવજો' એમ કહેતી વળાવે
પ્રમદા પ્રીતિ પદ્મ પરાગ પૂર્ણ પ્રસરાવે
સુણી આવંતો હસતી સ્વાગતવા આવે
સુખ શાંતિદાયક ઉપાય સર્વ વસાવે
મધુ મધુરી ગોષ્ટ કરી થાક ફીકર વીસરાવે
પ્રમદા પ્રીતિ પદ્મ પરાગ પૂર્ણ પ્રસરાવે
ગૃહકાર્ય કુશળ વ્યવ્હારે ન ખામી બતાવે
પતિનાં સુખ શાંતિ કાજ દેહ કષ્ટાવે
સદા સરળ હૃદયથી આજ્ઞાતુર્ત ઉઠાવે
પ્રમદા પ્રીતિ પદ્મ પરાગ પૂર્ણ પ્રસરાવે
મન મલીન મદન મદમાં મચીને મરડાવે
તન તપે તત્ક્ષણ તીવ્ર તાપથી ત્યારે
સ્થૂળ-સૂક્ષ્મ સ્નેહને સ્પષ્ટપણે સમજાવે
પ્રમદા પ્રીતિ પદ્મ પરાગ પૂર્ણ પ્રસરાવે

—કૈવલ્ય,

# તંત્રીની નોંધ.

**૧ જૈન ઇતિહાસ સામગ્રી—જૈન** ઇતિહાસની કેટલી જરૂર છે તે હવે સમાજને સમજાવા લાગ્યું છે, તે માટે વિધવિધ પ્રયત્નો થાય છે, તેની નોંધ લેતાં અમને આનંદ થાય છે. શિલાલેખો પણ ઇતિહાસ સામગ્રી છે તેના સંબંધે કૉન્ફરન્સ તરફથી સંગ્રહ પ્રસિદ્ધ કરવાનો હતો તે હજુ વિચાર અમલમાં આવ્યો નથી ત્યાં તો—

૧. કલકત્તાના બાબુ પુરણચંદજી નહાર એમ. એ. બી. એલ. તરફથી શિલાલેખો **'જૈન લેખ સંગ્રહ'** છપાય છે કે જેનાં ૫૪ પૃષ્ઠ હાલ છપાયાં છે, અને તે સિવાય છ પ્લેટો લિથોમાં છપાઇ છે. આમાં કેટલાક ઉપયોગી છે અને કેટલાક તદ્દન નવા છે. છપાઇના ટાઇપ ને પદ્ધતિ રમણીય નથી પણ પ્રયાસ સ્તુત્ય છે.

૨. પ્રસિદ્ધ જૈન સાક્ષર શ્રીમન્ મુનિ મહારાજશ્રી જિનવિજયજી તરફથી **'પ્રાચીન જૈન લેખ સંગ્રહ'** સંશોધિત થઇ છપાય છે. તેમાં આઠપેજી ચાર ફૉર્મ એટલે ૬૪ પૃષ્ઠ

છપાયેલાં જોયાં પછી કહેવામાં કોઇ જાતનો વાંધો નથી કે કાર્ય ઘણું સુંદર, રમણીય અને પ્રાચીન તત્ત્વથી પૂર્ણ છે. આ છપાવવા માટે વડોદરાના એક સારા પ્રેસમાં ગોઠવણ થઇ છે અને મહિનામાં ૧૦ થી ૧૫ ફૉર્મ તૈયાર થશે. તેમાં પ્રથમ તો બધા લેખો મૂળમૂળ રૂપે છપાશે. આ લેખો અત્યાર સુધીમાં અંગ્રેજી પુસ્તકો જેવા કે એપિગ્રાફીકા ઇંડિકા, આર્કીઑલૉજીકલ ખાતાના જૂના અને નવા રીપોર્ટો, સોસાયટીનાં જર્નલો આદિમાં છપાયલા છે તે અને બીજા ઉક્ત મુનિશ્રીએ સંગ્રહેલા છે, તે છે—અને પછી તે બધા લેખોનો સાર અને ઉપયોગી ટાંચણ હિન્દી યા ગુજરાતી ભાષામાં આપવામાં આવશે એવો પ્રબંધ હમણાં રાખવામાં આવ્યો છે. આ ક્રમ ઘણો અનુકૂળ છે અને લેખોનો જે સાર મુનિશ્રી આપવા ઇચ્છે છે તે આશા છે કે ઘણો ઉપયોગી અને સુંદર થશે. આ સિવાય ખાસ આનંદદાયક બિના એ છે કે 'આર્કીઑલૉજીકલ સર્વેના દક્ષિણ વિભાગના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રીયુક્ત ડી. આર્. ભાંડારકરે પણ આ કામમાં સાહાય્ય આપવા ઇચ્છા દર્શાવી છે અને પોતાની ઑફીસમાં જૈન શિલાલેખો કે, જે પ્રકટ નહીં થયા હોય તેવા 'મુનિશ્રીને મોકલી આપ્યા છે. એમના લેખોમાંથી કેટલાક તો બહુ ઉપયોગી અને મહત્ત્વના છે. પ્રારંભમાં તો બધા શિલાલેખો પાષાણની પ્રતિમાઓના લેખો જ વિભાગ રાખવામાં આવશે. પછીથી ધાતુની પ્રતિમાઓના લેખો આપવાનો વિચાર રાખવામાં આવ્યો છે. કે જે ધાતુપ્રતિમાના લેખોનો સંગ્રહ મુનિશ્રીએ કરેલો તેની સંખ્યા પાંચસેં લગભગ છે. આ સિવાય અમોએ રા. રમણિકલાલ મગનલાલ મોદીએ આબુના લેખો લખેલા તે તથા રા. કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ એલ્. બી. વકીલ અમદાવાદ તરફથી મળેલા છ ફોટા આબુપરના મોકલી આપ્યા છે. આ રીતે મુનિમહારાજો તથા શ્રાવકો જેની પાસે શિલાલેખોની નકલો હોય યા જે કરાવી શકે તે તેમના પર મોકલાવી આપશે.

(૩) **જૈન પ્રશસ્તિ સંગ્રહ**—ઉક્ત મુનિશ્રીએ પ્રાકૃત સંસ્કૃત પ્રશસ્તિઓ છપાવવા માટે એકત્ર કરી છે અને થોડા સમયમાં પ્રેસમાં અપાશે. આ પ્રશસ્તિઓ પીટર્સનના રીપોર્ટો અને કિલ્હૉર્નીના તેમજ ભાંડારકરના રીપોર્ટોવાળી અને બીજી મુનિશ્રીએ સંગ્રહી છે તે બધી એકજ પુસ્તકમાં આવવા વિચાર છે કે જેથી જોનારાઓને બધે ઠેકાણે ફાંફાં મારવા મટી જાય.

(૪) **જૈન ઐતિહાસિક રાસ સંગ્રહ**—આ સંગ્રહમાં ઉક્ત મુનિશ્રી ઐતિહાસિક રાસાઓ અને સ્તનાદિ પ્રગટ કરવાના છે અને તે છપાય છે.

(૫) **વિજ્ઞપ્તિ ત્રિવેણી**—આ પુસ્તક ઐતિહાસિક છે અને તે ઉક્ત મુનિશ્રીએ સંશોધિત કરી પ્રેસમાં છપાવી તૈયાર રાખ્યું છે. આ ગ્રંથ નવીન જ છે અને પ્રસ્તાવના પણ લંબાણથી લખવામાં આવશે આ સિવાય ઉક્ત મુનિશ્રી કૃપારસકોષ વગેરે બે ત્રણ ગ્રંથો છપાવે છે. આ સર્વ પ્રયત્નો માટે અમે આ મુનિશ્રીના અખંડ અને અવિશ્રાંત પરિશ્રમ અને ઉત્સાહ હૃદયપૂર્વક અભિનંદીએ છીએ,

હવે આ સંબંધે અમે કાંઇ સૂચના કરીશું તે એટલી જ કે:—

૧. શિલાલેખો સંબંધી શ્વેતાંબરી અને દિગંબરી બંને જેટલાં મળે તેટલાં સર્વ સાથે સાથે છપાવવાં, તેમ ન બની શકે તો શ્વેતાંબરી સર્વ એકત્રિત કરી છપાવવાં અને સાથે સાથે દિગંબરી એકત્રિત થતાં હોય તે સર્વકરી તે કોઇ દિગંબરી સજ્જન ને છપાવવા

આપી દેવાં. સર્વ ન બને તો ઉપયોગી અને પ્રાચીન હોય તેને પ્રથમ પદ આપવું. આમ બનશે તો તીર્થો સંબંધીના ઝઘડા ઘણી સારી રીતે પતી શકશે, અને જૈન ઇતિહાસનાં અણમોલાં અને અંધકારમાં પડેલાં અણજાણ્યાં દ્વાર ઉઘડશે.

૨. દરેક પુસ્તક કે સંગ્રહમાં અનુક્રમણિકા વિસ્તારપૂર્વક અને વિષયવાર આપવાનું ખાસ લક્ષમાં રાખવું.

૩. દરેક ગ્રંથ તૈયાર કરવામાં તે સંબંધી જેટલાં બને શકે તેટલાં પુસ્તકો, સાધનો નો ઉપયોગ કરવો ઉદાહરણ તરીકે ફ્રેંચ ડાક્ટર ગેરિનોએ છપાવેલ જૈન બિબ્લિઓગ્રાફી અને શિલાલેખોની રેપર્ટરી, કીર્તિકૌમુદી (મુંબઇ ગવર્નમેંટ સંસ્કૃત સીરીઝ) માં આપેલા આબુગિરિ પરના શિલાલેખો, ડભોઇનાં પુરાતન કામો, ભાવનગર રાજ્ય તરફથી છપાયેલ બ્હુલરનો સંગ્રહ કે જે આત્માનંદ સભાની લાયબ્રેરીમાં છે તે વગેરે સર્વ કામે લગાડવાં ખપે છે.

છેવટે આવા આવા પ્રયત્નો અખંડ ચાલુ રહે એવું ઇચ્છીએ છીએ અને તેવા પ્રયત્નો સદા ગતિમાન્ રહે તે માટે જૈન ઇતિહાસને જ લગતું એક માસિક નીકળે તેવો સમય આવી લાગ્યો છે એમ અમે જણાવીએ છીએ.

**૨ અંગ્રેજી ભાષામાં જૈન ધર્મ સંબંધી પુસ્તક**—જૈન ધર્મ સંબંધી અંગ્રેજીમાં ઘણાં થોડાં પુસ્તકો છે તેથી હાલના જૈન યુવકો અંગ્રેજી ભણવા સાથે પ્રાકૃતનું જ્ઞાન ન હોવાથી તેમજ સંસ્કૃતનું જ્ઞાન ઓછું હોવાથી વળી વિશેષે ગૃહના ધર્મ સંસ્કાર યથાયોગ્ય ન પડવાથી અંગ્રેજીમાં લખેલાં પુસ્તકોના અભાવે જડવાદી બનતા જાય છે. આ સ્થિતિ અટકાવવા માટે જૈન ધર્મરસિક શ્રીમંતોએ અંગ્રેજીમાં વિદ્વાનો પાસે પુસ્તકો લખાવી જૈન તત્ત્વજ્ઞાનનો પ્રસાર જૈન શિક્ષિત યુવકોમાં તેમજ જૈનેતર પ્રજામાં કરવો ઘટે છે. જૈન ધર્મનું રેખાદર્શન (Outlines of Jainism) એ નામનું પુસ્તક તૈયાર થાય છે એવી ખબર અમે આપી ગયા છીએ પણ તેના સંબંધમાં ૧૨ મી જુલાઇના ન્યુ ઇડિયા પત્રમાંથી વિશેષ ખબર મળી છે તે નીચે આપીએ છીએઃ—

The Cambridge University Press will shortly publish for the Jain Literature Society, a volume of *Outlines of Jainism*, by Mr. Jagmanderlal Jiani, president of the All India Jain Association, edited by Dr. F. W. Thomas, Librarian to the India office and president of the Jain Literature Society. The work is being issued in advance of a series designed to consist principally, but not exclusively of translations from authoritative texts, and presents in a modern compass a thorough exposition of the system and its terminology.

**૩. જેસલમીર તથા બીજા જૈન ભંડારો**—બહુ આનંદની વાત છે કે શ્રીમંત વડોદરા સરકાર પોતાની હમેશની વિદ્યાપ્રિયતા એક યા બાજી રીતે પ્રગટ કરી સાહિત્યનો સમુદ્ધાર કરવા પ્રત્યે તીવ્ર લાગણી ધરાવે છે. તેના પરિણામે પાટણના જૈન ભંડારોની ફેરિસ્ત કરવા આપણા જૈન સાક્ષર રા. ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. ને મોકલ્યા

હતા અને તેમણે પ્રવર્ત્તક શ્રીમાન્ કાન્તિવિજયજીની સહાયથી સર્વ ભંડારો તપાસી યોગ્ય હકીકત અને પ્રશસ્તિનો સંગ્રહ કરી એક રિપોર્ટ તૈયાર કરવાની સર્વ સામગ્રી મેળવી છે. આ રિપોર્ટ બહાર પડયે બહુ ઉમદા અને ઉપયોગી બાબતો જૈન ઇતિહાસને અંગે મળી આવશે તેમજ જૈન સાહિત્યની પ્રભાનો ખ્યાલ આવી શકશે. આને અંગે કેટલાંક મહત્ત્વનાં પુસ્તકો પણ શ્રીમંત સરકાર તરફથી બહાર પડવાનાં છે અને તેમાંનો એક ધનપાલપંડિત કૃત 'પંચમી કહા' નામનો પ્રાકૃત ગ્રંથ છે. આ ગ્રંથની એકજ પ્રત મળી છે અને તે યોગ્ય રીતે શુદ્ધ નહિ હોવાથી સંશોધિત કરવી મુશ્કેલ છે તો કોઇ પાસે તે હોય તો રા. દલાલપર મોકલવામાં આવશે તો તેનો ઉદ્ધાર થશે. રા. દલાલનું સરનામું 'સેંટ્રલ લાયબ્રેરી, વડોદરા' છે.

બીજી નોંધ લેવા લાયક બીના એ છે કે આ માસમાં કે તુરતમાં જેસલમીર અને મારવાર મેવાર અને માલવાના ઉપયોગી સ્થલો કે જ્યાં જૈન ભંડારો આવેલા છે તેમાંના પુસ્તકોની શોધખોળ કરવા માટે રા. દલાલને શ્રીમંત સરકાર મોકલાવવાના છે તો આશા છે કે તે તે સ્થલના ભંડારો જોવા તપાસવાની સર્વ અનુકૂળતા ત્યાંના સંઘો તથા તે તે સ્થળે લાગવગ ધરાવતા આપણા પૂજ્ય મુનિવરો મેળવી આપશે. કૉન્ફરન્સ ઑફિસમાં રહેલી પંડિત હિરાલાલ હંસરાજે જેસલમેર ભંડારની કરેલી ટીપો બધી રા. દલાલપર મોકલી આપવામાં આવી છે. જૈન સાહિત્યનો વિજય હો !

**૪. 'પાટણની પ્રભુતા' અને જૈનો**—આ સંબંધે અમે ગયા અંકમાં જે કંઇ જણાવ્યું છે તેપર લક્ષ ખેંચીએ છીએ. આ પુસ્તકના સંબંધમાં શું કરવું તે માટે જૂદા જૂદા મુનિરાજ અને શ્રાવક તરફથી અભિપ્રાય મળ્યા છે તે અમે ટાંકીએ છીએઃ—

અ. 'અમારા તરફથી તો એ પુસ્તક જ્યારથી જોવામાં આવેલ છે ત્યારથીજ કાંઇ ઉપાય યોજવાની જરૂર છે (એમ) વિચારવામાં આવેલ છે તેમજ કેટલાક શ્રાવકોની સાથે વાત નીકળતાં પણ કહેવામાં આવેલં છે પરંતુ ઉપાય યોજવાવાળાના તરફથી કાંઇ પગલાં ભરવામાં ન આવે તો પછી બીજા બોલીને કે લખીને શું કરે ?...આપણને થતો ગેર-ઇન્સાફ હઠાવવાની કોશેસ કરવી આપણી ફરજ છે......"

જુનાગઢ ૨૮-૬-૧૬ વક્તા મુનિમહારાજશ્રી વલ્લભવિજયજી.

બ. 'પાટણની પ્રભુતા નામનું ચાર માસ પૂર્વે વાંચ્યું છે. તે સંબંધી તમારા અભિપ્રાય ને તત્સંબંધી પ્રવૃત્તિને અનુકુલ છું. તમને યોગ્ય લાગે તેમ પ્રવર્તશો. આવી અનેક બાબતો છે. પરંતુ એક મંડલ આ દિશામાં કામ કરે એવું સ્થાપવું જોઇએ. સાધુઓ અને શ્રાવકો ભેગા રહી પરસ્પર સલાહથી આ વિષય માટે કામ કરે તેવું થવું જોઇએ. ચારે તરફથી મજબુત અવાજ ઉઠે પ્રવૃત્તિ થાય અને પૂર્ણપણે ફાવી શકાય તો જાહેરમાં આવવું ઠીક છે. સમાજના સાંકડા વિચારો વધવામાં એક તરફથી આડકતરી રીતે નિમિત્તતા વધે નહીં તે ધ્યાનમાં રાખીને કામ કરશો."

વિજાપુર ૫-૭-૧૬ —મુનિમહારાજશ્રી બુદ્ધિસાગરજી

ક. "પાટણની પ્રભુતા" નામનું પુસ્તક ગુજરાતીના ગ્રાહક તરીકે માસ તરફ ભેટમાં આવેલું છે તથા તે પુસ્તક મેં પુરેપુરૂં વાંચેલું છે અને તે ઉપરથી મને જે વિચાર થયા છે તે નીચે પ્રમાણે છેઃ

૧ કોઇપણ રાજ્યમાં કોઇપણ વ્યક્તિ અથવા કોઇપણ ધર્મવાળાની પ્રબળતા થાય ત્યારે તેના સામે ઇર્ષાથી કે સ્વાર્થથી અનેક વ્યક્તિઓ અથવા વિરૂદ્ધ ધર્મીઓ ખટપટ ઉઠાવી પ્રબળપક્ષને તોડવા પ્રયત્ન કરે એ સંભવિત છે. તેજ પ્રમાણે ગુજરાતી ગાદી ઉપર મહારાજ સિધરાજની સગીર વયમાં મીણલદેવી સતા ભોગવતાં હતાં ત્યારે જૈન ધર્મિઓની પ્રબલ સત્તા જમાવવા માટે તે વર્ગ તરફથી કોશીસો થઇ હતી અને તેના સામે વિરૂદ્ધ પક્ષે એ સત્તા તોડી પાડવા માટે ઘણી ખટપટો અને કાવાદાવા કરી લોકો તથા ક્ષત્રીઓને ઉશ્કેરી જૈન ધર્મિઓની સત્તા તોડી પાડી હતી.

૨ આ રાજ્ય ખટપટમાં એક જૈન યતિએ મુખ્ય કરી ભાગ લીધો હતો અને એક સંસારી ગૃહસ્થ આવી રાજ્ય ખટપટમાં ઉતરી સ્વાર્થાંધ બની અનેક અનર્થો કરે તેવાં અનર્થો સદરહુ જતીના હાથથી કરાવવામાં આવેલાં છે—આ અનર્થો તથા જતીને જે સ્વરૂપમાં ચીતરવામાં આવેલ છે તે ખરેખર જૈન ધર્મ તથા તેના આચાર્યની પદવી ભોગવતા આવા યતિને અપમાન કે તિરસ્કાર યુક્તજ ગણાય અને લોકોમાં તેની મહત્તા તથા આબરૂ અને ગૃહસંસાર ત્યાગી લીધેલી જૈન દિક્ષાને ઉતારી પાડનારૂં ગણાય એવી મારી માન્યતા છે. આ યતિના હાથથી આગ સળગાવવાના તથા ખુન કરવા વિગેરે અનેક અઘટિત બનાવોની ઘટના આ પુસ્તકમાં ગોઠવેલી છે.

૩ આ યતિ ઇતિહાસિક બનાવનો—ખરેખરો પાત્ર હતો કે નહિ તે તો ઇતિહાસ તપાસી ખાત્રી કરશો. જો તેનું નામ ઇતિહાસમાં હોય તો તેમાં તેણે આ વખતના રાજ્ય કારભારમાં કેટલે દરજ્જે ભાગ લીધો હતો તે તપાસવું જોઇએ અને તેના પ્રમાણમાં એક ઇતિહાસિક નોવેલ બનાવનારે આવા ધર્માચાર્યને તેના દરજ્જા તથા ધાર્મિક બંધારણને નહીં છાજતી રીતે ચીતરવામાં કેટલી બધી સંભાળ અને કાળજી રાખવી જોઇએ તે તો આપ સારી રીતે જાણો છો માટે......

જેતલસર ૨૯-૬-૧૬ :—વકીલ અભેચંદ કાળીદાસ.

ડ. 'પાટણની પ્રભુતા' પર આપે લાગણી ભરી ટુંકી નોંધ લીધી તે માટે ધન્યવાદ આપવો ઘટે છે........"પાટણની પ્રભુતા" ત્રણ માસપર મળી વાંચી, કંપારી વછુટી. તેની ભાષા રચનાપરથી લાગે છે કે 'ધનસ્યામ' તે 'ગુજરાતી' માં કટકે કટકે પ્રસિદ્ધ થઇ ગએલ સુન્દર નવલકથા 'વેરની વસુલાત'ના કર્ત્તા હશે. તેમ જો હોય તો ખરેખર એક સાક્ષરનાહાથે રાક્ષસી કૃત્ય થયું છે. જૈન આચારવિચાર, જૈનસિદ્ધાન્ત-ધર્મભાવના-લક્ષ્યબિંદુ અને જૈનોના સુપ્રસિદ્ધ ઇતિહાસિક કૃત્યો—એ સર્વપર-આક્ષેપો કરી જૈનસમાજની પામરતા બતાવી છે! જે ધર્મે દયા-અભેદ પ્રેમ-નીતિનું સામ્રાજ્ય સ્થાપ્યું તે જૈન ધર્મને જૈનેતરોના હાથે આવો બદલો ? ! ! !

'મુદ્રારાક્ષસ નાટક' ( સંસ્કૃત )માં જે આકારે ખટપટી પ્રપંચી કૌટિલ્ય નીતિકુશળ ચાણાક્ય આળેખાયલ છે તેનું માત્ર અણછાજતું રૂપાન્તર 'જતી કે જમદૂત,' —ભયંકર-કાળું-ધનસ્યામ ચિત્ર તે 'આનંદ સૂરિનું છે ! ! ! 'ઉદો મારવાડી' જેને કર્ત્તા કુમારપાળના મહામંત્રી તરીકે ઓળખાવે છે તે ચિત્ર જાણે અત્યારના ઘાસલેટના ફેરીઆ

પાંજરાપોળમાં સુનારા-વ્યાજવટાની કપટજાળથી પૈસો પેદા કરનાર 'મારવાડના બનિયા' જેવું છે. મુંજાળ–મીનળ દેવીનાં ચિત્રો વ્યભિચારદર્શક છે.

એકંદર આખી કથામાં બધાં જૈનપાત્રો ભાવહીન–કાળાં–મલીન ચિત્રેલાં છે. તે બધું જો ઇતિહાસથી સપ્રમાણ લખાયું હોત તો આવો ભયંકર–વિવાદગ્રસ્ત વિષય ચર્ચતાં કર્ત્તાએ સ્પષ્ટીકરણ કરવું જોઇતું હતું. અમો નથી ધારતા કે કર્ત્તા તેમાં વિજયી નિવડે. આતો ઇત્યાસીક નવલ કથાના નામે જૈનોની દશામાં અને અગ્યારમા શતકની સુપ્રસિદ્ધ–સપ્રમાણ જાહોજલાલી પર લેખકે કાદવ ઉડાડયું છે! તે બધું નિર્દોસ ભાવે લખાયું હોય એમ તે કેમ માની શકાય? એથીજ એ કૃતી...ને પાત્ર છે. તેને જન્મ પમાડતાં પ્રો. ખુશાલ ત શાહે કેવી મદદ કરી હશે? જે કલ્પવૃક્ષની છાયા નિચે પ્રોફેસર બિરાજે છે તેનાં મૂળીઆં ખોદનારાને તે મદદ આપે? સાહિત્ય અને રાજદ્વારી વિષયમાં આગેવાન 'ગુજરાતી'ના સબ એડીટર અંબાલાલ બુ. જાની ભેટના નામે જૈનોને કંપારી આપનાર કૃતી સાથે કેમ સંમત્ત થયા હશે? આ સબંધે મુદ્દાવાર ખુલાસા મેળવવા જૈન વિદ્વાનોએ પ્રયાસ કરવો ઘટે છે.

જૈનો પોતાના ધર્મ–સ્થાનો–શાસ્ત્રો–સાહિત્ય અને જાહોજલાલીની જાળવણી નહિ કરશે તો જૈનેતરોના હાથે તેમને સત્ત્વહીન–મલીન અને આખરે ભયંકર આકારમાં રાવણ જેવા આળેખવામાં આવશે.

મુંબઇ ૧૬–૭–૧૬ —પદમશી નથુ શાહ.

[ આ પ્રમાણે અમારી પાસે જે અભિપ્રાયો આવ્યા તે એમને એમ જણાવ્યા છે અને તે પરથી જૈન સમાજના પર તે પુસ્તકની શું અસર થઇ છે તેનો કંઇ ખ્યાલ આવી શકે તેમ છે. આ પત્ર સમગ્ર સમાજના વિચારોને માન આપનારૂં છે તેથી આ પુસ્તકના વિદ્વાન લેખક અમો જણાવી ગયા તે પ્રમાણે પોતાનો ખુલાસો સ્પષ્ટ ભાષામાં કરશે એમ અમે હૃદયપૂર્વક ખાત્રી રાખીએ છીએ. અમે કર્ત્તાની સાથે પત્રવ્યવહાર કરી જે પરિણામ આવશે તે આવતા અંકમાં મૂકવા પહેલી તક હાથ ધરીશું ]

**૫. જૈન પવિત્ર આગમોનું મુદ્રીકરણ**--અમને અતિશય આનંદ થાય છે કે શ્રીમાન્ પન્યાસ આનંદસાગર ગણિના સ્તુત્ય પ્રયાસથી 'આગમ વાચના' શરૂ થઇ, 'આગમોદય સમિતિ 'નામની સંસ્થા ઉભી કરવામાં આવી અને તેના પરિણામે શેઠ દેવચંદ લાલભાઇ જૈન–પુસ્તકોદ્ધાર ફંડદ્વારા અનુયોગદ્વાર પ્રથમ ભાગ અને ઉત્તરાધ્યયન સૂત્રનો પ્રથમ ભાગ એમ બે નિર્ણયસાગર પ્રેસમાં મુદ્રિત થયાં. કાગળો ઘણા જાડા, ટકાઉ અને બ્લુ રંગના સુંદર વાપરવામાં આવેલા હોવાથી પુસ્તકોનું આયુષ્ય દીર્ઘ લંબાશે એમાં શક નથી. ટાઇપ પણ મોટા અને સુંદર વાપરવામાં આવ્યા છે, તેથી વાચકને પણ સરલતા થઇ છે. બંને ગ્રંથોના પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયા છે પણ થોડા વખતમાં બીજા વિભાગો છપાઇ સંપૂર્ણ થશે તો તે દરમ્યાન નમ્ર સૂચના એ કે પ્રસ્તાવના મૂલ, ટીકા, ચૂર્ણિ વગેરેના રચનારાઓના સમય કાલ અને ઇતિહાસ, સૂત્રના ઇતિહાસ--નામ પ્રમાણે અર્થ શું છે? તેને માટે સ્થાનાંગ ને નંદી સૂત્રમાં શું ઉલ્લેખ છે? મૂળ જણાવાતાં પદો હમણાં છે કે નહિ તેનાં કારણ, ભાષાવિવેક વિગેરે હકીકતોથી પરીપૂર્ણ આપવામાં આવશે તો કાર્યની મહત્તામાં ઓર વધારો થશે. અનુયોગ દ્વારમાં મલધારગચ્છીય આચાર્યશ્રી હેમચંદ્ર વિરચિત વૃત્તિ આપવામાં આવી છે

આ આચાર્ય મહા વિદ્વાન્ અને સમર્થ ગ્રંથકાર થયા છે. તેમણે વિશેષાવશ્યકપર ટીકા લખેલી તે છપાઇ ગઇ છે તે સંવત્ ૧૧૬૪ માં વિદ્યમાન હતા. ઉત્તરાધ્યયનસૂત્રમાં મૂળ, તેપર શ્રીમદ્ ભદ્રબાહુ કૃત નિર્યુક્ત અને શાંતિસૂરિની શિષ્યહિતા નામની વૃત્તિ આપેલાં છે. શાંતિસૂરિ તે પ્રસિદ્ધ 'વાદિવેતાલ' શાંતિસૂરિ છે કે જે સં. ૧૦૯૬ માં દેવલોકે પધાર્યા હતા. આ વૃત્તિ પરથી દેવેન્દ્ર ગણિએ સમૃદ્ધત કરી સં ૧૧૨૯ માં વૃત્તિ લખી છે, તેમાં કારણ તેમણે જણાવ્યું છે કે—

શ્રી શાંત્યાચાર્ય ભૃંગઃ પ્રવર મધુસમા મુત્તરાધ્યયનવૃત્તિં
વિદ્વલ્લોકસ્ય દત્તપ્રમુદ મુદગિરદ્યાં ગભીરાર્થ સારાં ૩
તસ્યાઃ સમુધ્ધૃતા ચૈષા સૂત્રમાત્રસ્ય વૃત્તિકા
એક પાઠગતા મંદબુદ્ધીનાં હિતકામ્યયા ૪

અમે આ સર્વ પ્રયત્નોને અભિનંદી ઇચ્છીએ છીએ કે પીસ્તાલીસ આગમોનો સત્વર આ રીતે ઉદ્ધાર થાય,

**૬. સંપ ત્યાં સુખ**—બોરસદમાં વીસા શ્રીમાળી જૈન જ્ઞાતિમાં ટુંક વખતથી બે તડ પડેલાં હતાં તે ત્યાંની મુક્તિ-વિજયજી જૈન કન્યાશાળા કે જે ત્યાંના વીશા ઓશવાળ પંચ તરફથી શરૂ થઇ હતી તેના ઇનામી મેળાવડાની અસરથી તેમજ ત્યાંના સીટી ઇન્કવાયરી ઓફિસર અમદાવાદવાસી જૈનબંધુ રા. રા. અમુલખરાય છગનલાલના સદુપદેશથી સમાધાન થઇ ન્યાત એકત્ર જમી છે. આવાં તડાંનું સમાધાન કરનારા કાર્યવાહકોને ધન્યવાદ આપી ઇચ્છીશું કે આવું કાર્ય અખંડ અને ઉગ્ર વિહાર કરવાના આચારવાળા આપણા પૂજ્ય મુનિરાજો હમેશાં હૃદયપૂર્વક ઉપાડી લેશે તો સમાજની પ્રગતિ સહેલાઇથી અને વ્હેલી થશે.

**૭. રાજભક્તિની અવધિ!**—એક પ્રતિષ્ઠિત ગણાતા ભાવનગરના શેઠ જનરલ સેક્રેટરીને જણાવે છે કે "મારા વિચાર પ્રમાણે અર્જુનલાલ શેઠીની હકીકત આપણે હૈરલ્ડ માં લેવી ઠીક નથી. આ બાબત આપ વિચાર કરી જોશો." કેવું જૈન હૃદય! જીવદયા પાળક જૈનો પાંજરાપોળનું રક્ષણ કરશે, પારેવાંને જાર નાંખશે અને વાયુકાય જલકાય જેવા સૂક્ષ્મ જંતુઓની રક્ષા કરશે, પણ મનુષ્ય પ્રાણી અને તે વળી સ્વધર્મ વગર વાંકે તપાસ વગર જેલમાં સડતો રહે તેને માટે કંઇ કરવામાં ન આવે—અરે! જીભ કે કલમ પણ લાગણી બતાવવા માટે વપરાય નહિ પણ ઉલટું કોઇ વાપરે તો તેનો પ્રતિબંધ ઇચ્છે તે જૈનો અહિંસા પરમો ધર્મઃને કેવી અધો રીતે પાળે છે? લાલા લજપતરાય કે જે હિંદનો શ્રેષ્ઠ પુત્રોમાંનો એક, નિડર અને સત્યાગ્રહી વીર છે એ જેણે બાપનો જૈનધર્મ મૂકી દીધો છે તે જુલાઇના મૉડર્ન રિવ્યુમાં Ahinsa Parmo Dharma—A Truth or Fad? એટલે અહિંસા પરમોધર્મ એ સત્ય છે કે ઘેલછા છે? એ મથાળા નીચે એક લેખ લખ્યો છે કે જેનું ભાષાંતર જૈન અને જૈનશાસનમાં આવી ગયું છે અને આમાં અમે આપ્યું છે તે વાંચી જવા અમે ભલામણ કરીએ છીએ. તેમાંની કેટલીક ટીકા એ છે કેઃ—

" ભારતવર્ષ અત્યારે અને છેલ્લાં પંદર શતકમાં તદન કચડાઇ ગયેલો અને પુરૂષત્વના એકેએક અંશ ગુમાવી બેઠેલું છે અને એ સ્થિતિ કેટલાક લોકો કહેશે કે અહિંસાવાદથી ઉભી થયેલી નથી, પણ તે બીજા સદ્ગુણોને તિલાંજલિ આપવાથી થઇ છે, છતાં હું તો આગ્રહપૂર્વક માનું છું કે ગૌરવ, મનુષ્યત્વ અને સદ્ગુણના માર્ગને વિસારે પાડી અધઃપ

તન આણનાર જે જે કારણો છે, તેમાંશ્રી એક અહિંસાવાદના ઉચ્ચ સત્યની વિકૃતિ છે. અત્યંત ખેદ તો એથીજ થાય છે કે જે લોકો આ સિદ્ધાંતને સંપુર્ણ શ્રદ્ધાથી વળગી રહે છે ( જૈનો ) તેઓ પોતાનાજ વર્તનથી બતાવી આપે છે કે આ સત્યનો વિપરીત વ્યવહાર મનુષ્યોને દાંભિક, નિર્માલ્ય અને ક્રૂર જીવનને માર્ગે દોરી જાય છે."

એ મથાળાના નીચે જે લખ્યું છે તેનો અનુવાદ જૈન અને જૈનશાસનમાં છે તે વાંચવાની તેમને અમે ભલામણ કરીએ છીએ. આવું લખવામાં કોઇપણ સહાયભૂત હોય તો આવા આપણા જિનાનુયાયીઓ અને તેના વિચાર–આચાર છે એમ અમને પ્રીતીત થાય સત્ય કહેતાં કોઇ વખત કડવી ગોળી આપવી પડે છે, પણ આમાં તો જરા સાકર ચોપડીને આપી છે તો મીઠું ન લગાડતાં આમાં રહેલા અમૃત અને માધુર્યને ગ્રહણ કરવામાં પોતાની સુજનતા જોશે.

—તંત્રી

# સ્વીકાર અને સમાલોચના.

**આનંદ કાવ્ય મહોદધિ**—મૌક્તિક ૪ થું ( સંશોધક શ્રી બુદ્ધિસાગર સૂરિ સંગ્રાહક રા. જીવણચંદ સાકરચંદ ઝવેરી પ્ર૦ શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ. સુરત જૈન પ્રિંટિંગ પ્રેસ પૃ. ૬૬+૬૮૦ મૂલ્ય બાર આના ) આની અંદર ખરતર ગચ્છીય જિનહર્ષ ગણિનો શ્રી શત્રુંજય તીર્થરાસ આખો મૂકવામાં આવ્યો છે. પ્રસ્તાવનામાં શત્રુંજય મહાત્મ્ય લખનાર ધનેશ્વરસૂરિનો સમય અને તે:કાલનો ઇતિહાસ રસ પડે તેવો આપ્યો છે. આજ મહાત્મ્ય પરથી ગૂજરાતિ કૃતિ અનુવાદિત થઇ છે. જિનહર્ષનો સમય જણાવી તેની કૃતિઓ વિસ્તારથી મૂકી છે. અમારે કહેવું જોઇએ કે યશોવિજયના પરિચયમાં જિનહર્ષ આવ્યા હોય અને તેથી રાસ લખવાની ઇચ્છા થઇ હોય એવો સંભવ ઉપસ્થિત કરવામાં આવ્યો છે પણ તેને કંઈ પણ કલ્પના સિવાય આધાર હોય એમ પ્રતીત થતું નથી; કૃતિઓ તરફ નજર નાંખતાં કર્તા સં. ૧૭૪૦ થી સં. ૧૭૬૦ સુધી અવશ્ય વિદ્યમાન હતા એમ સ્પષ્ટ જણાય છે.

શ્રી બુદ્ધિસાગર સૂરિએ મહેનત ઘણી સારી લીધી છે અને આવી રીતે બીજી ગૂર્જર કૃતિઓ સંશોધિત કરી મુકશે તો જૈનસાહિત્યપર ઉપકાર થશે.

વિશેષમાં સૂચના રૂપે જણાવવાનું કે

(૧) કોઇપણ કૃતિનું સંશોધન એકજ પ્રતિ પરથી શુદ્ધ અને નિર્ણય પૂર્વક થતું નથી, તેથી જ્યાં સુધી બેચાર પ્રતો શુદ્ધ અને જૂની પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી સંશોધન કરવાની તસ્દી લેવી વ્યાજબી નથી. આ સૂચના કરવાનું પ્રયોજન, અશુદ્ધિ એક બે અશુદ્ધ પ્રત પર આધાર રાખવાથી આના પૂર્વાર્દ્ધમાં રહેલી છે તે છે. તે માટે પ્રસ્તાવનામાં જણાવેલું છે કે "શત્રુંજય રાસની છાપવા યોગ્ય નકલ જેના ઉપરથી કરવામાં આવી તે પ્રતિની અશુદ્ધતાથી નકલ કરનારે કરેલી અશુદ્ધતાથી, છાપવાની અશુદ્ધતાથી તથા સુધારવામાં બીજી શુદ્ધ પ્રતિ ન મળવાથી ઘણા ખંડોમાં શબ્દોની તથા પાઠોની અશુદ્ધતા રહી

ગઇ છે, એમ, પાટણવાળી પ્રતિ મળ્યા બાદ અને તે પૂર્વે અમને જણાયું છે.......... કર્ત્તાની સ્વલિખિત પ્રત ઘણા ખરો છપાઇ ગયા બાદ આવી તેથી શબ્દ અને પાઠોની અશુદ્ધિયો રહેવા પામી છે, અને અમને તેથી બરાબર સુધારવા માટે સન્તોષ થયો નથી. શુદ્ધ પ્રતિયોની પ્રાપ્તિ વિના અશુદ્ધિ દોષો રહેવા પામે એ સ્વાભાવિક છે."

(૨) આ ગ્રંથમાલામાં અગાઉ પ્રકટ થયેલાં મૌક્તિકો સંબંધે અમારી કરેલી સૂચનાઓ આમાં પણ અમલમાં મુકવામાં નથી આવી જાણી દિલગીર છીએ.

અનુક્રમણિકા, શબ્દાર્થ કોષ, ઢાળ અને દેશીની અનુક્રમણિકા, વિગેરે આપ્યાં હત તો ગ્રંથનું મહત્ત્વ યથાયોગ્ય જળવાત.

(૩) વિષયો વાર મથાળાં પાડવામાં આવ્યાં હત અને તે દરેક ખંડમાં મુકવામાં આવ્યાં હત તો વાચકને લાભ થાત.

કર્ત્તા શ્રી જિનહર્ષના હસ્તાક્ષરનો ફોટો મુકવામાં આવ્યો છે તેથી તેના પ્રકાશકને મુબારકબાદી આપીએ છીએ.

પ્રસ્તાવનામાં જે કર્ત્તાની કૃતિઓ જણાવી છે તેમાં વિદ્યાવિલાસ રાજાનો રાસ સં. ૧૭૬૦ આસપાસ રચાયેલો જણાવી ) ઉમેરેલો છે પણ જણાવવાનું કે તે રાસ પંદરમા સૈકામાં થયેલ ખરતર ગચ્છીય જિનહર્ષે સં. ૧૫૧૧ માં રચેલ છે. તેની પ્રશસ્તિમાં જણાવ્યું છે કેઃ—

વાચક ગુણવર્ધન સુખદાયા, શ્રી સોમગણી સુપસાયા એમ જિનહર્ષ ગુણગાયા, આટલુ જણાવી ગ્રંથમાલાનો વિજય ઇચ્છીએ છીએ.

**સંસ્કૃત પ્રવેશિની**—( પ્રથમ ભાગ-સનાતન જૈન ગ્રંથમાલા અંક ૧૨. સંપાદક કાવ્યતીર્થ વ્યાકરણ શાસ્ત્રીશ્રી શ્રીલાલ જૈન. મૂલ્ય રૂ. ૧ પૃ. ૨૦૮ કલકત્તા વિશ્વકોષ પ્રેસ ) પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે આ પુસ્તક રચવામાં બે પ્રધાન કારણ છેઃ—૧ તો આજકાલ અંગ્રેજી સ્કૂલોમાં જે સંસ્કૃત શિખવનારાં પુસ્તકો ચલાવવામાં આવે છે તેનાથી વધારે પરિશ્રમ લેવાથી પણ તેનું ફલ ઓછું થાય છે, વિદ્યાર્થી રાત્રિદિવસ રૂપ ગોખી ગોખી થાકી જાય છે પણ રૂપોનું જ્ઞાન થતું નથી, ૨ પુરાણી પદ્ધતિથી વ્યાકરણાદિ શીખનારા રૂપ બરાબર જાણે છે પણ તેને ભાષાંતર કરતાં આવડતું નથી આથી આ બનેમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા આ પુસ્તકની રચના કરેલી છે. આ હીંદીમાં કરેલ છે તો આપણી જૈન પાઠશાલાઓ કે જ્યાં હીંદીનો પ્રચાર છે ત્યાં આ પુસ્તક ચલાવવામાં આવે તો ઘણું સારૂં એમ અમે કહી શકીએ છીએ કારણ કે લેખક દિગંબર હોવાથી આ પુસ્તકમાં દિગંબરી વિશિષ્ટ માન્યતાઓ આવી નથી તેમ આવવાનો સંભવ પણ નથી, પરંતુ ઉલટું જૈન ધર્મ સંબંધી વાક્યો તથા હકીકતો જણાવે છે. જેમકે જિનવાક્ તત્ત્વં ભાષતે=જિનવાણી તત્ત્વોનું વર્ણન કરે છે. આવાં જિનાન્ પૂજાવઃ—આવાં જૈનેન્દ્રં પઠાવઃ અમે બે જીનોને પૂજીએ છીએ, અમે બે જૈનેંદ્ર ( વ્યાકરણ ) શીખીએ છીએ. જૈનઃ અહં જીવાન્ ન શસામિ—હું જૈન જીવોને મારતો નથી. વગેરે વગેરે એકંદરે પુસ્તક ઘણું યોગ્ય થયું છે અને શ્રીમતી કૉન્ફરન્સે એક ઠરાવ ખાસ કરી કર્યો છે કેઃ—

"દરેક જૈનશાળામાં તથા વિદ્યાલયમાં બને ત્યાં સુધી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું જ્ઞાન આપવાનું અને ધાર્મિક પુસ્તકાલય રાખવાનું આવશ્યક છે એપર તેના કાર્યવાહકોનું લક્ષ ખેંચવામાં આવે છે."

આ ઠરાવને માન આપવા આવાં પુસ્તકો શાળામાં ચલાવવાં અને પુસ્તકાલયમાં રાખવાં યોગ્ય છે.

**न्यायदिपिका**—આચાર્યવર્ય શ્રી ધર્મભૂષણ વિરચિત પ્ર. ભારતીય જૈન સિદ્ધાંત પ્રકાશિની સંસ્થા—કાશી. મૂલ્ય આના ૪ ) આ ન્યાય વિષેનો સુંદર ગ્રંથ છે કે જે કલકત્તાની સરકાર તરફથી લેવાતી સંસ્કૃત પરીક્ષામાં સંસ્કૃત ન્યાયની પ્રથમ પરીક્ષામાં નિર્ણિત કર્યો છે. મૂલ શુદ્ધ રીતે આપવામાં આવ્યું છે. અનુક્રમ આપવાથી ઉપયોગિતા વધી છે. પ્રસ્તાવના આપી તેમાં કર્તાનો સમય, ગ્રંથપરની ટીકાઓ વગેરેનું વૃત્તાંત આપ્યું હોત તો વિશેષ મહત્ત્વનું થાત. જૈન ન્યાય સમજવા માટે સંસ્કૃતજ્ઞોને ખાસ ઉપયોગી ગ્રંથ છે. આનું હિંદી ભાષાંતર જુદું છપાયું છે.

**परीक्षामुखं**—( આચાર્યવર્ય શ્રી માણિક્યનંદિ વિરચિત ને હિંદીભાષાનુવાદક–ન્યાયતીર્થ શ્રી ગજાધરલાલ જૈન બંગાનુવાદક—બ્રહ્મચારિ સાંખ્યતીર્થ: શ્રી સુરેન્દ્રકુમાર પ્ર૦ ગાંધી હરિભાઇ છોકરણ એંડ સન્સ દ્વારા ભારતીય જૈન સિદ્ધાંત પ્રકાશિની સંસ્થા ) આ સનાતન જૈન ગ્રંથમાલાનો ૧૧ મો અંક છે આમાં પ્રમાણ અને પ્રમાણાભાસનાં લક્ષણ, છ ઉદ્દેશમાં વિભાગ પાડી આપ્યાં છે. અન્ય સાહિત્યનાં અંગો સાથે ન્યાય પણ જૈનોએ પલ્લવિત કર્યું છે અને પોતાની વિશિષ્ટતા સિદ્ધ કરી છે. આપણે જૈન પ્રત્યક્ષ પ્રમાણ કહીએ છીએ તેમાં અને ન્યાય દર્શનાદિ જેને પ્રત્યક્ષપ્રમાણ કહે છે તેમાં ઘણો અંતર છે. આ ગ્રંથમાં સંસ્કૃત મુલ અને તેનું હિંદી અને બંગાલી ભાષામાં માત્ર ભાષાંતર આપેલ છે. આવા ગ્રંથોનું અંગ્રેજીમાં વિવેચન, પ્રસ્તાવના વગેરે સહિત લખાવી બહાર પાડવામાં આવે તો વિશેષ યોગ્ય થઇ પડે તેમ છે. સનાતન જૈન ગ્રંથમાલાનો વિજય ઇચ્છીએ છીએ.

**सेवाधर्म**—આ નામની એક નાની સોળપેજી આકારમાં ૬૫ પાનાની ચોપડી કુમારદેવેન્દ્રપ્રસાદ જૈન, આરાહ તરફથી બહાર પડી છે. તે શ્રી. જી. એસ. એરંડેલના The was of Service એ નામના પેમ્ફલેટનું હિંદીમાં ભાષાંતર છે. તેમાં સેવાના પ્રકાર અને ગુણ ટુંકમાં પણ સ્પષ્ટ ભાષામાં જણાવ્યા છે. મૂલ્ય ચાર આના છે.

**स्वामी दयानन्द और जैन धर्म**—રચનાર 'હંસરાજ શાસ્ત્રી પૃ. ૧૪૭ આઠ પેજી જૈન પ્રીંટીગ પ્રેસ મુલ્ય આઠ આના ) આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનન્દે વેદના સ્વમતિ અનુસાર અર્થ કરી તેના નામનો ઝુંડો લઇ દરેક ધર્મનું ખંડન યદ્વાતદ્વા પોતાના 'સત્યાર્થપ્રકાશ' નામના ગ્રંથમાં કર્યું છે કે જેમાં જૈન ધર્મના સંબંધે ઘણો વિભ્રમ ગેરસમજથી ઉત્પન્ન કર્યો છે. આ વિભ્રમ કેવી રીતે ઉડી જાય છે એ જૈન મતના ખરા મંતવ્ય બતાવી મધ્યસ્થ રીતિએ પંડિતજીએ આ પુસ્તકમાં દર્શાવ્યું છે તે માટે પંડિતજીને ધન્યવાદ આપીએ છીએ. અમોને ખંડન મંડન ઉપર ગાળગલીચ વાપરવી, તેમજ તદ્દન ઝનૂની બનવું તે બિલકુલ પસંદ નથી તેથી એવો કોઇ પણ પ્રસંગ હાથ ધરવામાં અચકાઇએ છીએ, પરંતુ આ ગ્રંથમાં મધ્યસ્થ રીતિએ જે પક્ષમંડન કરવામાં આવ્યું છે તેથી અમને ઘણું નવું જાણવાનું મળ્યું છે. ઘણી વખત એવું બને છે કે 'જેવા થાય એવા થઇએ તો સુખે રહીએ' તેવીજ રીતે આર્યસમાજ militant spirit થી કાર્ય લેતી આવી છે અને જ્યાં લાગ ફાવે ત્યાં કુહાડાના પ્રહાર

કરવા મંડી જાય છે. આના પરિણામે ઘણાઓની કફગી તેણે વ્હોરી લીધી છે. પંજાબમાં એક આર્યસમાજીએ આપણા શાસ્ત્રનો વિપરીત અને બીભત્સ અર્થ બનાવટી રીતે કરી જૈનોની નિંદા કરી હતી અને તે માટે કોર્ટમાં કેસ થતાં તેને શિક્ષા પણ થઇ હતી એ અમોને યાદ છે. પંડિતજી હંસરાજે તેની પદ્ધતિ પ્રતિકાર રૂપે ન વાપરવામાં કંઇ ગુજરાતના આબોહવા તથા તેની પરિસ્થિતિએ અસર કરી હોય તો તે પણ યોગ્યજ થયું છે, કારણ કે પોતાના પક્ષનું મંડન કેવી શાંતિપૂર્વક કરી શકાય છે તે આ પુસ્તકથી તેમણે બતાવી આપ્યું છે.

**शत्रोरपि गुणा वाच्या दोषा वाच्या गुरोरपि।**

જૈન ધર્મપર અનેક હુમલાઓ અયોગ્ય રીતે થયા છે અને તેમ થવાનું કારણ ધર્માન્ધતા ઉપરાંત મહર્ષિ યાસ્કના વાક્ય નામે '**नायं स्थाणो रपराधः यदेन मन्धो न पश्यति**' પ્રમાણે અજ્ઞાન-બેખબર છે. કેટલાક હુમલાઓ કરનાર સામે તો મૌનજ રહેવું ઇષ્ટ છે કારણ કે તેને એક કહેતાં સો સાંભળીએ તેમ છીએઃ કહ્યું છે કેઃ-

**भद्रं कृतं कृतं मौन कोकिलै र्दर्दुरागमे ।**
**दर्दुरा यत्र वक्तार स्तत्र मौनं हि शोभते ॥**

આ પુસ્તકમાં સ્યાદ્‌વાદ સંબંધે પૃ. ૨૨ થી ૨૮, ઇશ્વરનું અકર્તૃત્વ પૃ. ૨૯-૩૧ જગત્ અનાદિ અનંત છે તેના સંબંધે પૃ. ૩૩-૩૬, કાલ સંબંધી ૩૬-૩૭, જીવના ભેદ સંબંધી પૃ. ૩૯ થી ૪૧ તેમજ કર્મસંયોગ ૬૩-૬૫ વગેરે ખાસ વાંચી મનન કરવા યોગ્ય છે. આવીજ શૈલીએ જૈન સંબંધી જ્યાં જ્યાં વિપરીત ઉલ્લેખો છે તેનું નિરાકરણ કરવામાં શાસ્ત્રીજી તેમજ બીજા પોતાના સમય, શક્તિ અને બુદ્ધિ વાપરશે તો જૈનધર્મ સંબંધે રહેલું ભ્રમિત જ્ઞાન દૂર થશે. આવા પ્રયત્નોનો વિજય ઇચ્છીએ છીએ.

**अभिनंदन और सुमतिनाथ प्रभुकाचारित्र—( मुंनि माणकमुनिजी पृ. ४८ मूल्य दो आना )** હિંદી ભાષાથી અલ્પજ્ઞ હોવાથી આમાં ભાષા કેવી વપરાઇ છે તે સંબંધી કંઇ કહી શકીએ તેમ નથી, છતાં હિંદીમાં જૈન સાહિત્યનો પ્રચાર કરવો એ આશય અને તે નિમિત્તે પરિશ્રમ સ્તુત્ય છે.

**સદ્‌બોધક પ્રાચિન સ્તવન સંગ્રહ**—પ્ર૦ રાધનપુર યુવકોદય મંડળના પ્રમુખ લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ. કિં. ૭ આના. પૃ. ૧૬૭ ) સ્તવનાદિ પ્રકટ કરવાના પ્રયત્નો અનેક થયા છે અને આ તેવોજ પ્રયત્ન છે. કોઇ નવિન સ્તવનાદિ એકત્રિત કરી હવે પછી છપાવવાનો પ્રબંધ થશે તો વધુ યોગ્ય થશે. છાપવાની પદ્ધતિ અર્વાચીન રાખી છે તે યોગ્ય છે. કઠિન શબ્દોનો કોશ, આપ્યો હત તો ઉપયોગિતામાં વધારો થાત.

જૈન **આત્માનંદ સભા ભાવનગર**—રિપોર્ટ સં. ૧૯૬૯ થી ૧૯૭૧ સુધીનો ત્રણ વર્ષનો ભાવનગરમાં જૈન ધર્મ પ્રસારક સભા પછી લગભગ તેના જેવી બીજી સભા આ છે અને શ્રીમદ્ આત્મારામજીના સ્મરણાર્થ સ્થાપાયલી આ સંસ્થા આત્માનંદ પ્રકાશ નામનું માસિક તેમજ સંસ્કૃત પ્રાકૃતાદિ મૂલ પુસ્તકો અને કેટલાંક ભાષાંતરો પ્રસિદ્ધ કરી જૈન સમાજની સારી સેવા કરે છે. આત્મારામજી સૂરિનો શિષ્ય પરિવાર વિપુલ છે અને તેમાં યોગ્ય

બંધારણ હોવાથી સુસંપ અને સ્નેહ વૃદ્ધિંગત થતા હોવાથી અને સમયનું જાણપણું તેમાં વિશેષ હોવાથી ઘણું ઉપયોગી કાર્ય આ સંસ્થાદ્વારા કરવામાં નિમિત્ત ભૂત બને છે તે વિશેષ હર્ષ લેવા જેવું છે. માસિકમાં હમણાં હમણાં કવચિત્ કવચિત્ ઐતિહાસિક લેખો તેમજ તત્ત્વજ્ઞાનના સ્વતંત્ર લેખો આવતા હોવાથી તે વિશેષ મહત્ત્વનું પૂર્વ કરતાં નિવડયું છે તેમાં મૂળ કરતાં કદ પણ મોટું કરવામાં આવ્યું છે. આશા છે કે તે વિશેષ ઉપયોગી લેખો મેળવી વિશેષ પ્રકાશ પાડશે વળી હમણાં કેળવણી ફંડની સ્થાપના કરી જ્ઞાનને ઉત્તેજન આપવામાં રસ લેતી આ સભા થઇ છે તે માટે તેને અભિનંદન આપીએ છીએ. મુદ્રિત કરેલાં પુસ્તકોની ચુટણી સુંદર છે. આ સભાનો વિજય ઇચ્છીએ છીએ.

**મહુવા ગૌરક્ષક સભાની પાંજરાપોળ રિપોર્ટ વર્ષ સાતનો સં. ૧૯૬૪ થી ૧૯૭૦ પુ. ૨૪૮** જીવદયાનું કાર્ય જૈનો પોતાનું માને છે છતાં ખાસ કરી જૈનેતર ગૃહસ્થ મહેતા ઓધવજી રામજી મહુવામાં જે રીતે ગાયોનું રક્ષણ કરવા તરફ લક્ષ રાખી કાર્ય કરતા રહ્યા છે તે ખાસ નોંધવા જેવું છે. આ દેશની અનેક જાતની દોલતમાં ગાય પણ એક દોલત છે કારણ કે તેની પ્રજા બળદ ખેતિનું મુખ્ય સાધન છે તેમજ તેનું દૂધ સાત્વિક છે આ કારણે 'ગાયને ગૌમાતા' આપણે કહીએ છીએ.

હોય જીવતી જો ગાયો વા, બળદોની છત થાય,
ગોપુત્રોને હળમાં, ખેડી ખંતે ખેતી કરાય.-
—હિન્દનું દ્રવ્ય બળદ ને ગાય,

પ્રયાસ સ્તુત્ય છે. જેઓ ખાસ આ માટે જે દ્રવ્ય આપે છે તેનો પ્રમાણિકપણે સન્નિષ્ઠાથી અને ખરી લાગણીથી બુદ્ધિપૂર્વક ઉપયોગ કરે છે તેઓ ધન્યવાદને પાત્ર છે.

—તંત્રી

—o—

# પ્રાચીન પત્ર.

## સં. ૧૭૫૬માં, મહોપાધ્યાય શ્રી મેઘવિજયજીએ પોતાના શિષ્ય મુનિ સુંદરવિજયજી ઉપર લખેલો પત્ર*.

॥ श्रीसर्वज्ञाय नमः ॥

॥ ५० ॥ स्वस्ति श्री मत्परमानंदनद्रुमविद्रुमप्रभावेल्लत्पल्लवनहेतुविपल्लवल वननवमल्लतामल्लनमतल्लिकाकेतुबहुसंदर्भदर्भांकुरनिकरदुःकरावतार निःपारसंसारसागरतितीर्षु हर्षप्रकर्षलब्धस्तब्धावष्टब्धायतसेतुकरणिं शतशः प्रशस्यय शस्यतयान मिकर्मीकृत्य ×गोपगिरेर्मेघविजयः प्रणयेनाश्लिष्य शिष्यानुशिष्यमनुशिष्य प्रणयाद्वार्त्तयतिवार्तं यदत्र भवत् श्रीजिष्णुप्रभविष्णुतेजसांजसा सार्वत्रिक सुख सुषमासमाश्रयतितरां नितरामितरच्च अत्र शर्मकर्म छई, तत्रनो ताहरो लेख श्रावण सुदि

१२ नो लिख्यो लेख आव्यउ, समाचार जांण्या तथा क्षेत्र आश्री लिख्युं ते तो काल एहवोज छें, सर्वत्र क्षेत्र दुर्भिक्ष रूप थया छें, पन्नग व्याप्त छइं, तेणें जिम तिम निर्वाह करवो... .... .... .... .... .... ....

.... .... .... .... .... .... .... ....

... .... .... ....सुखानंदनी सदा प्रवृत्ति तिमज छइं. क्रियारत्नसमुच्चय मुक्तावली ए बइं पराठि अवश्य लेयो. बीजुं भाण, नैषध १ मंजरी २ हैमप्रक्रिया ३ भणइं छइं. पं० श्रीमाणिक्यविजय रघु मणें छइं, प्रक्रिया प्रथमवृत्ति भणी पछें मुंकी छइं. रत्नसी भणि नैषध १ मंजरी २ हैमप्रक्रिया ३ भणता हुता, हवणां पजूसण ऊपरिं गुरु बोलाव्या तत्र पुहता छैं ते जांणवुं। कागल ताहरो शुद्ध करी वलतो मोकल्यो छइं सीषवाभणी, थिरविजयनो पग भलो थयो सांभली घणी साता ऊपनी, हवै वहिरवा जवाइं छइं किंवा कांइ कसर छें ते जणाववुं, कसर हुइं तो तत्र कारीगर लगावी साता करवी, नगरस्थान छइं तत्र पणि कारीगर हस्यैंज, ते जांणवुं. बीजा सर्वसमाचार यथास्थित छइं. समस्या २ तुह्मे लिखयो, प्रमाणसुंदर मिलै तो लिखावयो. तत्र पं० मेरुनी घणी सेवा करयो. सुसंपा रहयो, कांइ पठन उद्यम करयो. कल्पसूत्र वांचयो. डाहा थायो. घणुं स्युं लिखीइं. ताहरी लिखी माघ समस्या शोधी, सपर्याय करी छइं. साता मानयौ. नैषधसमस्यानो ऊतारो नथी थयो ते मीछयो. भाण, वृत्तमौक्तिक १ श्रृंगारातिलक २ अमरनाममाला ३ लिखै छैं. एकलो हींड करें छैं, ते अह्मनिं दुःख लागें छें.... .... .... ...
.... ... ....कालनें इमज सुहाइं छइं हह्मारो स्यो जोर छइं ते जांणवुं. एक पासिं एकलो भांण पंडित तेहनइं फिरवुं थाइं छइं, बीजइं पासिं रतनसी गौतम जाइं छइं, काम काज जिहां पडें तिहां गौतम जाइं छइं ए समाचार जांणवा. तत्र पं० श्री भोजविजयगणि, पं० श्री मेरुविजयगणि, तेजविजय, प्रेमविजय, धनविजय स्थिरविजय, रूपविजय प्रमुखनइं अनुनति कहवी, तुह्मेऽनुनति जांणवी. श्राद्ध सर्वनैं बिहुं पारइं धर्मलाभ कहवो, वलता लेख सविशेष समाचारइं लिखवा. अत्र

* કિશનગઢનિવાસી નાહાટ રણજીતમલ્લજી વકીલે, જે ભંડાર શ્રીઆચાર્યમહારાજશ્રીને વહોરાવ્યો હતો, તે ભંડારમાંથી, આ પત્ર પ્રાપ્ત થયો છે. આ પત્રની અસલ કાપી શ્રીઆચાર્યમહારાજશ્રી પાસે મોજૂદ છે.

× ગોપગિરિ=ગ્વાલીયર શહેર, કે જે ગ્વાલીયર સ્ટેટની રાજધાની હતું. આ પુરાણી રાજધાની સિંધીયાની નવી રાજધાની લશ્કરથી ત્રણ માઇલ દૂર છે.

जलद चारू छई. + गोहुं दोढमण, चिणा २ छई, सुगाल छई. साता मानयो ॥ संवत् १७५६ भाद्र सुदि १ इति मंगलम् ॥

॥ उदयचंद यङ् प्रत्यय लगें सारस्वत रत्नसी पासिं भण्यो, हविं हुं पाठ चलवुं छुं. सवारे हैमप्राक्रिया पाठ करावुं छुं । सूत्रनो पाठ पूठी १ नो दिइं छइं. बीजुं आठमि चओदसी पाछलुं भण्युं गुणइं छइं, तै साता मांनयो. तथा सुगडांग मध्ये प्रथम स्कंध मध्ये ' उसिणोदगतत्तभोइणो ' ए पाठ छइं। आचारांगे ' उत्स्वेदिमादि ' जल कह्यां तथा उत्तराध्ययन मध्ये ' आयामक ' प्रमुख पांणी कह्यां ते थंडिलबाधादि बाह्यपरिभोग निमित्त छइं, जो पीवा योग्य हुइं तो चाउलनुं पांणी एकज किम उपवास मध्ये आदरणीय हस्यइं, ते पणि उपवास मध्ये पीतां तेहने पणि दोष नहीं लागइं, ते माटइं ' पडिगाहित्तए ' पाठ छइं, पणि भोगपाठ उष्णोदकनोज छइं । ' पडिग्गहणई ' पणि दशवैकालिकसूत्रमध्ये ' सं से इमं चाउलोदगं अहुणा धोयं विवज्जए ' ए पाठ छइं. आगलि ' जे जाणिज्जाचिराधोयं ' इत्यादि पाठ मध्ये ग्रहण कल्प जलनो पाठ पडिठाववानो छइं, पणि पीवानो नथी । यदि प्रत्याख्यान भंग न थाइं तो ' आसाइत्ताण रोयए ' ए पाठ छइं, प्रत्याख्यान भंगवालो ' हत्थगंदलाहिमे ' ए पाठ विवेकई करी कह्यो छइं. ' तं च हुज्ज अकामेणं विमणेण पडिच्छियं तं अप्पणा नपि बेनोवि अन्नस्स दावए ' इत्यादि स्पष्ट पाठ परिठवानोज छइं. नालं तएह विणित्तएइणं तृष्णा कह्या, माटइं ते भूलइं छइं, पणि इहां तृष्णा शब्दइं इच्छा प्रयोजननी जांणवी, अन्यथा परिठववानी आज्ञा न हुइं. सचित्त लवणाहारनी परइं आचारांगे आहार आज्ञाज हुइं ॥ तृष्णा शब्दइं इच्छा उत्तराध्ययन मध्ये छइं, अन्यथा ' तित्तगं कडुयं व कसायं अंबिलं च लेइं नही, अनिं ' जं जाणिज्ज चिराधोयं ' एहवुं तो जल अंबिलज्ज हुइं वो ते बारइं किम चिंराधोत हुइं, ते निर्मल हुइं तत्काल धौत आबिल गडुल हुइं ते धावन कार्यइं नावइं चिरधौत धावन कार्यइं आवइं, ए परमार्थ जांणवो ॥ आचारप्रणिधि अध्ययने ' उसिणोतत्तफासुयं पडिग्गाहिज्जसंजए ' । इति दशवैकालिके आठमई अध्ययनइं ॥

॥ शुभ ॥ गुरुगुरुतर भक्ति शक्ति प्रसक्त व्यस्तमुनि सुंदरविजय वराणाम् ॥

॥ *श्रीजिहांनाबादनागरे ॥ श्री ॥

---

+ તે વખતની સ્થિતિનું ભાન, આ અનાજના ભાવ ઉપરથી સહજ થઇ આવે છે આ મણ બંગાળી ( ગુજરાતના ડબલ ) સમજવા, કેમકે તે તરફ બંગાળી મણ ચાલે છે.

* दील्ली

ઉપર્યુક્ત પત્રના લેખક શ્રી મેઘવિજયજી ઉપાધ્યાય, ગણિ અજબ સાગરના વિદ્યાગુરૂ થતા હતા, અને તેટલા માટે ત્હેમણે શ્રીમેઘવિજયજી ઉપાધ્યાયની વ્રજભાષામાં સં ૧૭૬૧ માં શુકલ પક્ષની નવમી તિથિએ આ પ્રમાણે સ્તુતિ કરી છેઃ—

मेघविजय उवज्झायशिरोमनि पूरनपुन्यनिधानके भारा
ग्यानके पूरतें दूर कियो सब लोकनकै मतिको अंधीयारा ।
जा दिन लागि उडुग्गणमै रबि चंद अनारत तेज है सारा
ता दिन लों प्रतपो मुनिराज कहे कवि आज भवोदधितारा ॥ १ ॥
भानु भयो जिनकै तपतेजतै मेद उदोत सदा जगतीमै
दूर गयो मरुदेश तेंनां करि मूढपणो थरकी धरतीमें ।
जा दिन तें फुनि मुंह कर्यो इत कों तुम सुंदर पूरबहीमै
ता दिन तें दुषरोख देशके दूर गये तजिकैं किनहीमें ॥ २ ॥
नाम जपै जिनकै सुख होय बनै अतिनीको जगत्तिमै सारै ।
भूरितरोसबरो इतमाम अमाम बधे सुबिधि दिन भौरे ।
वानीमै जाकै मिली सब आय सुधाइ सुधाइ तजी सुरसारै
मेघविजय उवज्ञाय जयो तुम जादिन लों दिवि लौक मै तारै ॥ ३ ॥

विद्याविजय.

[ આ પત્ર લખનાર મેઘવિજય મહોપાધ્યાય ઘણા વિદ્વાન્ હતા, કે જેમણે કવિવર બનારસીદાસના અધ્યાત્મપર આક્ષેપ કર્યો છે. સાહિત્ય દૃષ્ટિથી જોઇએ તો આ પત્રની લેખનશૈલી સંવત્ અઢારમા સૈકામાં ગદ્યશૈલી કેવી હતી તેનો કંઇ આભાસ આપે છે. શોધખોળ કરતાં આવા પત્રો ( એક દેવચંદ્રજીનો અને બીજો પદ્મવિજયજીનો હમણાના આત્માનંદ પ્રકાશમાં છપાયા છે. ) ઘણા મળી આવે તેમ છે. ધાર્મિક દૃષ્ટિથી જોઇએ તો જણાય છે કે જૈન મુનિઓ પોતાના શિષ્યો પ્રત્યે ઘણી કાળજી ધરાવતા હતા અને સંસ્કૃત ભાષાના સાહિત્ય ગ્રંથોનું પઠન પાઠન કરાવતા હતા. વ્યાકરણમાં જૈન ગ્રંથો નામે હૈમપ્રક્રિયા (ઘણું કરી તેના સૈકામાં થયેલા વિનયવિજયજી ઉપાધ્યાય કૃત) કે જે શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય પર ટુંક પણ સુંદર ટીકા છે, ક્રિયારત્ન સમુચ્ચય ( ગુણરત્ન સૂરિકૃત કે જે હમણાં કાશીની યશોવિજય સંસ્કૃત પાઠશાલા તરફથી છપાઇ બહાર પડેલ છે ) શિખવાતા હતા; જ્યારે શબ્દશાસ્ત્રમાં અમરનામમાલા, ન્યાયમાં મુક્તાવલી, પિંગલમાં વૃત્તમૌક્તિક, કાવ્યમાં માઘ, નૈષ, શૃંગાર તિલક અને રઘુવંશ [ કવિ શિરોમણિ કાલીદાસ કૃત ] શિખવાતાં હતાં, આમાં મંજરી જણાવેલ છે તે ધનપાલની 'તિલક મંજરી' હોય એમ લાગે છે. આ સિવાય મુનિઓ શિષ્યની શંકાઓનું શાસ્ત્રના પ્રમાણથી સમાધાન કરતા હતા. સામાજિક દૃષ્ટિથી જોઇએ તો મુનિઓ પોતાના શિષ્ય મંડળને યોગ્ય સૂચના આપી તેઓનું હિત જાળવવા સાથે સંઘમાં સંપ રાખતા હતા. સં. ૧૭૫૬ ની આસપાસ દુર્ભિક્ષે દેશમાં દેખાવ આપ્યો હતો; તોપણ રૂપીએ ઘઉં દોઢ મણ, ચણા બે મણ ( બંગાલી ) એ ભાવો

અત્યારના ભાવો સાથે સરખાવતાં બમણાં સોંઘા માલૂમ પડે છે. **જૈન** સાધુઓ શ્રાવકને 'ધર્મલાભ' કહેવરાવે છે એ આપણે જાણીએ છીએ, પણ પોતાના શિષ્યને 'અનુનતિ' કહેવરાવતા હતા એ આ પત્ર પરથી જણાવે છે અને પત્ર શરૂ કરતી વખતે પ્રથમ '**श्री सर्वज्ञाय नमः**' એવું લખાતું હતું. તંત્રી.]

# જૈન ધર્મનો અન્ય ધર્મોમાં ઉલ્લેખ.

( ૩ )

આ લેખને અંતે આ લેખના દ્વિતીય ખંડકનો અને દ્વિતીય ભાગનો અંત આવે છે. અન્ય મતમાં થએલ ઉલ્લેખ તથા દંતકથાઓ અને તેમના પ્રાંત ભાગમાં આપેલી ટીપો તથા સૂચનાઓ વાંચવાથી તે તે વિષયનું સામાન્ય જ્ઞાન થવા ઉપરાંત ઐતિહાસિક જ્ઞાનની પણ કંઇક અભિવૃદ્ધિ થયા વગર રહેશે નહિ. અન્યમત વાળા ગમે તેમ લખતા હોય પણ તે વાંચીને તેમાંથી ન્યાય દૃષ્ટિ પૂર્વક સવળો અર્થ લેવો અને કષાયને મંદ પાડી દેવા એ જૈનોનો ખાસ ધર્મ છે. **જૈન** લોકોની અસહન શક્તિ નાશ પામીને જેમ જેમ સહનશક્તિ ખીલતી જશે તેમ તેમ **જૈન** કોમ કુદરતી નિયમ પ્રમાણે ઉચ્ચતર થતી જશે. કોઇએ આપણુને ગાળ આપી છે માટે તેના સામાં પગલાં લેવાં એ શ્રાવકોનો ધર્મ નથી ત્યારે સાધુઓનો તો તેવો ધર્મ હોય જ ક્યાંથી !! સહન કરવું, કષાય પાતળા પાડવા, સમભાવ રાખવો એ આપણો ધર્મ છે.

**पंचदशी**—શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી વિદ્યારણ્ય સ્વામિ પ્રણિત આ વેદાંતમતાવલંબી ગ્રંથ છે તેના ઉપર તેમના શિષ્યશ્રી રામકૃષ્ણજીએ પદદીપિકા વ્યાખ્યા કરી છે. આ ગ્રંથમાં **જૈન** સંબંધી ઉલ્લેખ નીચે પ્રમાણે છેઃ—

दिगम्बरा मध्यमत्वमाहुरापादमस्तकम् ।
चैतन्य व्याप्तिसंदृष्टेरानखाग्रश्रुतेरपि ॥ ८२ ॥

मध्यम परिमाणवादिनो मतं दर्शयति । दिगम्बरा इति तत्रोपपत्तिमाह । आपादेति । " सएष इह प्रविष्ट आनखाग्रेभ्यः " इति श्रुतिरप्यत्र प्रमाणमित्याह आनखाग्रेति ॥ ८२ ॥

सूक्ष्मनाडी प्रचारस्तु सूक्ष्मैरवयवैर्भवेत् ॥
स्थूल देहस्य हस्ताभ्यां कञ्चुकप्रतिमोकवत् ॥ ८३ ॥

ननु मध्यमपरिमाणत्वे श्रुतिसिद्धो नाडीप्रचारो न घटत इत्याशंक्याह । सूक्ष्मनाडीति । यथा देहावयवयोर्हस्तयोः कञ्चुकप्रवेशेन देहस्य कञ्चुक प्रवेशस्त द्वदात्मावयवानां सूक्ष्माणां नाडीषु प्रचारेणात्मनोऽपि प्रचार उपचर्यत इत्यर्थः ८३

न्यूनाधिक शरीरेषु प्रवेशोऽपि गमागमैः ॥
आत्मांशानां भवेत्तेन मध्यमत्वं विनिश्चितम् ॥ ८४ ॥

नन्वात्मनो नियतमध्यमपरिमाणत्वेकर्मवशान्न्यूनाधिकशरीरप्रवेशो न घटत इत्याशंक्यावयवाममापाय्याभ्यामात्मनो नियतमध्यमपरिमाणत्वाद् देहव तुभयं न विरुध्यते इत्याह । न्यूनाधिकेति । फलितमाह । तेनेति ॥ ८४ ॥

सांशस्य घटवन्नाशो भवत्येव तथासति ॥
कृतनाशाकृताभ्यागमयोः को वारको भवत् ॥ ८५ ॥

आत्मनः सावयवत्वे घटादिवदनित्यत्व प्रसंगे नैतत् दूषयति। सांशस्येति । भवतु को दोषस्तत्राह । तथा सतीति। कृतयोः पुण्य पापयोर्भोगमन्तरेण नाशः। अकृतयोरकस्मात् फलदातृत्वमकृताभ्यागमः । एत दोषद्वयमात्मनो नित्यत्वाभ्यु पगमे भवेदिति भावः ॥ ८५ ॥

तस्मादात्मा महानेव नैवाणुर्नापि मध्यमः ॥
आकाशवत्सर्वगतो निरंशः श्रुतिसंमतः ॥ ८६ ॥

अतः परिशेषादात्मनो विभुत्वं सिद्धमित्याह । तस्मादिति । तत्र प्रमाणमाह । आकाशवादिति । " आकाशवत्सर्वगतश्चनित्यः । निष्कलं निष्क्रियं " इत्याद्यागमः प्रमाणमित्यर्थः ॥ ८६ ॥

श्री पंचदश्यां चित्रदीपः

**સુરજરામજી કૃત ભજન**—આ ભક્ત આજથી ૫૦ વર્ષ ઉપર હૈયાત હતા અને તેઓ નિરાંત નામના કોળી (તળપદા) ના પ્રશિષ્ય હતા. તેમનો જન્મ કરજણ પ્રાંતના મેરાસર ગામમાં થયો હતો. તેઓ જાતે બ્રાહ્મણ હતા. તેમની ગાદી મેરાસરમાં છે અને તેમના પુત્ર મણિરામજી મહારાજ હાલ હૈયાત છે.

**રાગ સારંગ.**

સમજી લો સાર, સંતને સેવ્યા વિના કોઇ તરે નહિ;
માટે કરવો વિચાર આતમ ઓળખ્યા વિના ભવ ભય જાયે નહિ. ટેક.
જે સતગુરૂ વિના સાધન કરશે, જેમ પત્થરને નાવે ચઢશે
તે દુઃખી થઇ ભવ કૂપમાં પડશે...સમજી લો.-૧

જોને સેવડા શ્રાવકને સમજાવે, કદિ કંદમૂળ ન ખાસો હાવે;
એમ ભુલ્યા જીવને ભરમાવે. ... ... ... ...સમજી લો-૨
આપે રીંગડાં મુળાની બાધા, એણે સાચા સતગુરૂ નથી લાધા;
એવા કપટીને કાળે ખાધા ... ... ... ...સમજી લો-૩
તમે પાસે કરોને પાકમણું; તેથી ધરમાં થાએ ધન ઘણું;
લે છે પંચકણુ ને પામરપણું ... ... ... ...સમજી લો-૪
તમે હાંથે ગાંઠ્વાળી ધાડી, રોગ ભેંસને ડામે પાડી;
તમે ચાલ ચાલો છો બહુ આડી ... ... ...સમજી લો-૫

તમે મોક્ષમાર્ગ જઇ ઝાલો, નથી પ્રભુ વિના ઠામ ઠાલો;
સત સમજીને સર્વે પાળો ... ... ... ...સમજી લો-૬
તમે રાતે કરો ના વાળુ, આપો ઓછું ને કરો કાળું;
જૂઠું બોલી કાઢો દેવાળું. ... ... ... ...સમજી લો-૭
એ પ્રપંચ સર્વે દૂર કરી, રહો સતગુરૂ શરણે શીશ ધરી;
સુરજરામ નામે નિરખો હરિ ... ... ... ...સમજી લો-૮

**ટીપ:**—આ પદમાં સેવડા શબ્દ વાપર્યો છે તેનો અર્થ શ્વેતાંબર-શ્વેટપટા—થાય છે. ગુજરાતમાં મુખ્યત્વે શ્વેતાંબરામ્નાયનું પ્રબલ હોવાથી અને શ્વેતાંબરો માટે ભક્તોની ભાષામાં સેવડા શબ્દનો પ્રચાર હોવાથી આ પદમાં સેવડા શબ્દ વપરાય છે, પાકમણું એટલે પડિકમણું અર્થાત્ પ્રતિક્રમણ. ઉપરના પદમાં તે સમયની વણિક દક્ષતા અને વણિક ચાતુર્યને ટકોરા મારવામાં આવ્યા છે તે સમયમાં એક તરફથી પ્રતિક્રમણ કરતા અને બીજી તરફથી ઓછું તોળતા તથા દીવાળું કાઢતા એટલે કે કહેણી અને રહેણીમાં પરસ્પર વિરોધાત્મકતાવાળા ઘણા જૈનો મજકુર ભક્તરાજના જોવામાં આવેલ હશે તેપરથી તેમણે આ પદની યોજના કરી જણાય છે, જૈનોના પાંત્રીસ માર્ગાનુસારીના ગુણમાં ન્યાયોપાર્જિત ધનવાળો ગુણ પ્રથમ હોવોજ જોઇએ. હાલમાં પણ જૈન નામ ધરાવનારા કેટલાક જૈન શેઠીઆઓમાં ન્યાયોપાર્જિત ધનની ખામી જોવામાં આવે છે.

**શ્રી શંકર દિગ્વિજય:**—આ સંસ્કૃત ગ્રંથ શ્રી માધવાચાર્યજીએ શાલિવાહનના તેરમા શતકમાં રચેલ છે. શ્રી માધવાચાર્યજી જૈન માટે ઉલ્લેખ કરતાં આ ગ્રંથના ૧૫ મા સર્ગમાં ૧૪૨ મા શ્લોકથી ૧૫૬ શ્લોક સુધીમાં નીચે પ્રમાણે લખે છે.

**प्रतिपद्यतु बाह्हिकान्महर्षे विनयिभ्यः प्रविवृण्वति स्वभाष्यम् ॥**
**अवदन्नसहिष्णवः प्रवीणाः समये केचिदथार्हताभिधाने ॥ १४२ ॥**

( માળવાથી ) વિહાર કરીને શ્રી શંકરાચાર્યજી બાલ્હીક દેશમાં પધાર્યા અને પોતાના શિષ્યોને ભાષ્યનું વ્યાખ્યાન સંભળાવતા હતા, આ વખતમાં કેટલાક આર્હત-જૈન મતાવલંબીઓ આવ્યા અને અસહનતાથી તેમણે શ્રી શંકરાચાર્યજીને કહ્યું કે—

**ननुजीवमजीवमास्रवं च श्रितवत्संवरनिर्जरौ च बंधः ॥**
**अपि मोक्ष मुपैषि सप्त संख्यान्नपदार्थान्कथमेव सप्तभंग्या ॥ १४३ ॥**

સપ્તભંગી ન્યાયની પદ્ધતિ પ્રમાણે જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત પદાર્થોને કેમ માનતા નથી.

**कथयार्हत जीवमस्तिकायं स्फुटमेवंविध इत्युवाच मौनी ॥**
**अवदत्सच देहतुल्यमानो दृढ कर्माष्टकवेष्टितश्चविद्वान् ॥ १४४ ॥**

મુખ્ય જૈનને શ્રી શંકરાચાર્યજીએ પૂછ્યું કે હે જૈનમતાવલંબી તું તારા મતમાં જે પ્રકારે જીવનું સ્વરૂપ કહેલ છે તેનું સ્પષ્ટ વર્ણન કર. ત્યારે જૈન બોલ્યો કે હે વિદ્વાન્ જેવડો દેહ છે તેવડોજ જીવ છે અને તે જીવ આઠ પ્રકારનાં દૃઢ કર્મોથી વીંટાએલો છે.

अमहाननणुर्घटादिवत्स्यात्सन नित्योपिच मानुषाच्चा देहात् ॥
गजदेहमयन् विशेन्नकृत्स्नं प्रविशेच्चप्लुषिदेहमप्यकृत्स्नः ॥ १४५ ॥

જો જીવ મહાન નથી તેમ અણુ પણ નથી એટલે કે જો દેહ જેવડો જ જીવ હોય તો જેમ ઘટ અનિત્ય છે તેમ જીવ પણ અનિત્ય થશે વળી હાથીનો જીવ મનુષ્યના શરીરમાં જશે તો જીવ શરીરથી વધી પડશે તેમજ માણસનો જીવ હાથીના દેહમાં જશે તો હાથીના શરીરનો અમુક ભાગ જીવ વગર રહી જશે તથા મચ્છરના દેહમાં ઘણો જીવ શરીર બહાર રહી જશે.

उपयांतिचकेच न प्रतीका महता संहनने संगमेस्य ॥
अपयात्यधि जग्मुषोल्पदेहं तदयं देहसमः समश्रुतेश्च ॥ १४६ ॥

જૈનઃ--જ્યારે જીવ મોટા શરીરમાં જાય ત્યારે જીવને કેટલાક નવા અવયવો પ્રાપ્ત થાય છે અને જ્યારે જીવ નાના શરીરમાં જાય છે ત્યારે કેટલાક અવયવો જતા રહે છે એટલે જીવ દેહ જેવડો જ રહે છે તેથી અમારી માન્યતામાં દોષ આવતો નથી. વેદની શ્રુતિ પણ સ્વીકાર કરે છે કે "समो नागेन समो मशकेन" હાથીના શરીરમાં હાથ જેવડો અને મચ્છરના શરીરમાં મચ્છર જેવડો આત્મા છે.

उपयंत इमे तथा पयंतो यदिवर्ष्मेवन जीवतां भजेयुः ॥
प्रभवे युरनात्मनः कथंतेकथमात्मावयवाः प्रयंतु तास्मिन् ॥ १४७ ॥

**શ્રી શંકરાચાર્યજીઃ--**

જો અવયવો જતા રહે અને આવ્યા કરે તો તે જેમ શરીરથી આત્મા ભિન્ન છે તેમ આત્માથી તે અવયવો પણ ભિન્ન હોવા જોઇએ. તેમ એ અવયવોનું આવાગમન પંચમહાભૂતથી થવાનો સંભવ જણાતો નથી કારણ કે આત્મા પંચમહાભૂતનો વિકાર નથી.

जनिता रहिता क्षयेण हीनाः समुपायंत्यपयांति चात्मनस्ते ॥
अमुकोपचितः प्रयातिकृत्स्न त्वमुकै श्चापचितः प्रयात्य कृत्स्नं ॥ १४८ ॥

જૈનઃ--એ અવયવો જન્મરહિત અને ક્ષયહીન એટલે સનાતન છે છતાં આવે છે અને જાય છે માટે વૃદ્ધિ પામેલો જીવ હાથી વગેરેના શરીરમાં વ્યાપે છે અને સંકોચ પામેલો જીવ મચ્છર વગેરેમાં વ્યાપે છે એ સિદ્ધાંત બંધ બેસતો છે.

किमचेतनतोत चेतनत्वं वदतेषांचरमे विरुद्धमत्या ॥
वपुरुन्मथितं भवेत्तु पूर्वे बत कात्स्न्र्येन वर्नचेतयेयुः ॥ १४९ ॥

**શ્રી શંકરાચાર્યજી**—એ અવયવો—પ્રદેશો અચેતન છે કે ચેતન છે? જો ચેતન હોય તો ઘણા ચેતનોનો એકજ અભિપ્રાય કોઇ વખતે ન રહેવાથી વખતે શરીરની ખરાબી થાય ખરી અને જો અચેતન હોય તો તેના વડે આખું શરીર ચેતીભૂત થઇ શકેજ નહિ.

चलयन्ति रथं यथैकमत्या बहवो वाजिन एवमप्रतीताः ॥
इतरेतरसंगमे जयंतु ज्ञपते चेतनतामपि प्रपद्य ॥ १५० ॥

જૈનઃ—જેમ ઘણા અશ્વો એક મતવડે રથને ચલાવે છે તેમ ઘણા અવયવો એક મતથીજ શરીરને ચલાવે છે એમ માનીએ તો તેમાં કશી હરકત નથી.

**बहवोपि नियामकस्य सत्त्वात्सुमते तत्र भजेयुरैक मत्यम् ॥**
**कथमत्रनिषामकस्यतद्वद्विरहात्कस्यचिदप्य दोघटेत ॥ १५१ ॥**

**શ્રી શંકરાચાર્યજી**—હે સુજ્ઞ જૈન! રથમાં ઘણા અશ્વોનો એક મત થવાનું કારણ માત્ર સારથી છે તેમ શરીરમાં કોઇ નિયામક નહિ હોવાથી એ પ્રદેશો કેવી રીતે એક મત થશે ? શરીરની અંદર બીજો કોઇ નિયામક નહિ હોવાથી એકમતપણું કેમ ઘટશે ?

**उपयांति न चापयांति जीवावयवाः किंतु महत्तरे शरीरे ॥**
**विकसंति च संकुचत्य निष्टेयतिवर्यात्र निदर्शनंज लौका ॥ १५२ ॥**

જૈનઃ—જીવના અવયવો કાંઇ આવે છે અને જાય છે એમ તો નથીજ પણ તે મોટા શરીરમાં વિકાશ પામે છે અને નાના શરીરમાં સંકોચાય છે. આ બાબતમાં જળોનુ દૃષ્ટાંત લાગુ પડે છે, કે જ્યારે જળો લોહી પીએ છે ત્યારે ફુલે છે અને જ્યારે લોહી નીકળી જાય છે ત્યારે સંકોચાઇ જાય છે.

**यदि चैव ममी सविक्रियत्वाद् घटवत्ते च विनश्वरा भवेयुः ॥**
**इति नश्वरतां प्रयाति जीवे कृतनाशाकृतसंगमौ भवेतां ॥ १५३ ॥**

**શ્રી શંકરાચાર્યજીઃ**—જો એમ અવયવો સંકોચ વિકાશનું ભાજન હોય તો તે વિકારી નાશ ઠરતાં પામવાવાળા થાય છે. અવયવોના નાશથી જીવ પણ નાશ પામે અને તેથી જીવે પ્રથમ કરેલાં કર્મોનો નાશ અને નવાજીવે તેણે ઉત્પન્ન નહિ કરેલાં કર્મોનાં ફલોની પ્રાપ્તિ રૂપ બે દોષ પ્રાપ્ત થઇ પડે છે.

**अपि चैवमलाबुवज्जवाब्धौ निजकर्माष्टक भारमग्न जंतोः ॥**
**स ततोर्ध्वगति स्वरूपमोक्षस्तव सिद्धांत समर्थितो न सिध्येत् ॥ १५४ ॥**

બીજો દોષ એ આવે છે કે તુંબડાના ન્યાયથી અષ્ટકર્માવરણ યુક્ત જીવ દબાયલો રહે છે અને કર્મરહિત જીવ ઉર્ધ્વગમન કરે છે એમ તારો સિદ્ધાંત છે પણ અવયવો જતા આવતા હોવાથી કયા મૂળ અવયવોનો મોક્ષ થાય છે તે સમજી શકાય તેવું નથી.

**अपि साधनभूत सप्तभंगी नयमप्यार्हतनाद्रिया महेते ॥**
**परमार्थ सतां विरोधभाजां स्थितिरेकत्रहि नैकदा घटेत ॥ १५५ ॥**

બીજું પણ—પરસ્પર વિરૂદ્ધ ધર્મોનો એકી વખતે સમાવેશ કરવાવાળો જે સપ્ત ભંગી નય તારા મનમાં છે તેને પણ અમે યોગ્ય ગણતા નથી કારણ કે પરસ્પર વિરૂદ્ધતાવાળા ધર્મોની એક સમયે એક પદાર્થમાં સ્થિતિ સંભવી શકે નહિ.

**इति माध्यमिकेषु भग्नदर्पेष्वथभाष्यानि सनैमितोविनस्या ॥**
**दरदान्भरतांश्च शूरसेनान्कुरु पांचालमुखान्बहून जैषीत् ॥ १५६ ॥**

એ પ્રમાણે જૈન લોકોના ગર્વને તોડી નાખીને નૈમિષ ક્ષેત્રમાં સ્વકીય ભાષ્યોનો. પ્રચાર કરીને દરદ, ભરત, શૂરસેન, કુરૂ અને પાંચાલ વગેરે ઇતર દેશોના મોટા મોટા વિદ્વાનોને પણ જીતી લીધા—

**सामंताश्च दिगंबरान्वयभुवश्चार्वाक वंशांकुरा ॥**

**नव्याः केचिदलं मुनीश्वरं गिरा नीताः कथाशेषतां ॥ १ ७३ ॥**

કેટલાક વાદીઓ દિગંબરો એટલે જૈનોના વંશજોના ખંડીઆ રૂપ હતા અને ચાર્વાકના વંશના નવીન અંકુરા રૂપ હતા તેઓને શ્રી શંકરાચાર્યજીની ગિરાએ વાતમાંજ નષ્ટ કરી નાંખ્યા.

મજકુર ગ્રંથના ૧૬ મા સર્ગના શ્લોક ૭૭ તથા ૭૮ માં નીચે પ્રમાણે છે.

**अथाब्रवीद्दिग्वसनानुसारी रहस्यमेकं वदसर्व विच्चेत् ॥**

**यदस्तिकायोत्तर शब्दवाच्यं तत्किं मेतऽस्मिन्वद देशिकाग्रु ॥ ७७ ॥**

પછી દિગંબર એટલે જૈન ધર્માવલંબીએ શ્રી શંકરાચાર્યજીને પૂછયું કે જો તમે સર્વજ્ઞ હો તો અમારા મતમાં જેમની પાછળ 'અસ્તિકાય' શબ્દ લાગે છે એવા શબ્દોથી શું શું કહેવાય છે તે કહો.

**तत्राहदेशिकवरः शृणुरोचतेचेज्जीवादि पंचकमभीष्ट मुदाहरन्ति ॥**

**तच्छब्दवाच्यमिति जैनमते प्रशस्ते यद्यस्ति बोध्धुमपरं कथया शुतन्मे ॥७८ ॥**

શ્રી શંકરાચાર્યજી બોલ્યા કે જો તારી ઇચ્છા છે તો સાંભળ. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય એ પાંચ શબ્દોથી અનુક્રમે જીવ, પૃથ્વી, વગેરે સહિત સ્થાવર જંગમ, ધર્મ, અધર્મ, અને આકાશ કહેવાય છે. તારે કાંઇ બીજું પણ જાણવાની ઇચ્છા હોય તો શીઘ્ર પૂછ.

**ટીપઃ**—શ્રી જગત્ગુરૂ આદિ શ્રી શંકરાચાર્યજીને થયાં લગભગ ૨૪૦૦ વર્ષ થવા આવ્યાં છે. આ શ્રી શંકરાચાર્યજીનું જીવન શ્રી માધવાચાર્યે શંકર દિગ્વિજયમાં લખ્યું છે. માધવાચાર્યજી શાલીવાહનના ૧૩ મા શતકમાં હતા તેમનું રહેઠાણ તુંગભદ્રા નદી ઉપર આવેલા પંપાક્ષેત્રમાં હતું. આ વખતે વિજયનગરમાં હરિહરરાય અને બક્કરાય નામના રાજા થયા. આ રાજાઓના સમયમાં માધવાચાર્યની ખ્યાતિ થઇ. માધવાચાર્યજી તદન ગરીબ હતા. ગાયત્રી દેવી તેમના ઉપર પ્રસન્ન થયાં અને તેથી માધવાચાર્યજીને ચૌદ વિદ્યા મળી ત્યારથી તે માધવાચાર્યને બદલે વિદ્યારણ્ય કહેવાયા. માધવાચાર્યના ગુરૂનું નામ વિદ્યાતીર્થ હતું તે "**श्री विद्या तीर्थ रुपिणीम्**" એ શરૂઆતના શબ્દો પરથી જણાય છે.

**लोकवाणी———**

દુહો.

ગળીને પાણી પીએ, અળગણ પીએ લોઇ;
ઝીણાં જીવની રક્ષા કરે, માણુસ મારે જોઇ.— ૨

**ટીપઃ**—ઉપરનો ઉખાણો જૈનો માટેજ છે. કેટલાક જૈન બંધુઓ હંમેશાં ઉપાશ્રયે જાય, મુહુપતિ બાંધી પાટ આગળ બેશીને જી મહારાજ, તેત્ત, પ્રમાણ વચન, વગેરે બોલ્યા

કરે, ચોવિહાર પચ્ચખાણ કરે, લીલોતરી ખાય નહિ, કીડી, મંકોડી, મચ્છર, વાયુકાય, અપકાય, તેઉકાય, વગેરેનો સૂક્ષ્મ જીવો ઉપર દયા પાળવાનો પૂર્ણ દેખાવ રાખે; પાંજરાપોળની વફાદારી બતાવે પણ જ્યારે પ્રભુએ પણ વખાણ કરેલી અને ઇંદ્રાદિ દેવોએ પણ ઇચ્છાતી માણસ જાત તેવાના સપાટામાં આવે ત્યારે તેમને માથે દાવા બાંધીને તથા બીજી રીતે હેરાન કરીને ઘણી વખત પાયમાલ કરી મૂકે છે. વ્યવહારની લેવદેવમાં પણ માયા કપટ કરી ભોળા લોકોને ફસાવી પોતાનો સ્વાર્થ સાધવા નહિ ભૂલતા હોવાથી, **જૈન** નામને લજાવનારા અમુક ધર્મધૂર્ત્ત વણિકો માટે જ ઉપરનો બંધ બેસતો ઉખાણો કરેલો છે.

જ્યારે **જૈન**બંધુઓ કહેણી પ્રમાણે પોતાની રહેણી રાખશે અને મનુષ્યકોમ તરફ ખાસ દયા ધરાવશે અને રેસ ખમવાની તાકાતવાળા થશે ત્યારે **જૈન**ધર્મની કીર્તિ ફેલાશે

**श्री शंकराचार्य विजय डिंडिम:**—આ સંસ્કૃત ઉલ્લેખ શ્રી ધનપતિસૂરિએ શ્રી માધવાચાર્યજી કૃત શંકર દિગ્વિજય ઉપર કરેલો છે તેમાં જૈન માટે નીચે પ્રમાણે લખેલ છે.

आचार्य आह अमहाननणुर्देह परिमाणो जीवो घटाद्यामध्यमपरिमाणत्वाद्यथा न नित्यास्तथा नित्यो न स्यात् अपिच शरीराणामवनास्थितपरिमाणत्वान्मनुष्यजीवो मनुष्यपरिमाणो भूत्वा पुनः केनचित्कर्मविपाकेन हस्तिजन्म प्राप्नुवन्न सर्वं हस्ति शरीरं प्रविशेद्देहापरदेशो निर्जीवः स्यात्पुत्तिका देहं च प्राप्नुवन् सर्वोन प्रविशेत् देहाद्बहिरपि जीवः स्यादित्यर्थः चकारादस्मिन्नपि जन्मनि कौमारयौवनस्थविरेष्वेषदोषो बोध्यः। यदीमेऽवयवा उपयंतस्तथापयंतश्च तद्योगमापायित्वाच्छरीरवदात्मर्ता न भजेयुः किंचानात्मनस्ते जीवावयवाः कथं प्रादुर्भवेयुः कथं च तस्मिन्ननात्मनितेलियेरेन विरोधादित्यर्थः। बहवोपि वा जिनो नियामकस्य सत्त्वादैकमत्यं तत्र रथचालने भजेयु रत्र तु तद्वत्कस्य चिदपि नियामकस्या भावादद एकमत्यं कथं घटेत कटाक्षेण संबोधयति हे सुमते इति। यदि चैवं तर्हि स विक्रयत्वात्तेऽमी विनश्वराभवेयुरित्येवं जीवे नश्वरतां प्रयाति सति कृतनाशाकृताभ्यागमौ भवेतां। किं चैवं सति तुंबिकावत्संसारसागरे निजकर्माष्टकभारेणमग्नस्य जंतोः अपि च हे आर्हत ते साधनभूत सप्तभंगी नयमपि नाद्रियामहे हि यस्मात्परमार्थसतां विरोधभाजां सदसत्त्वादिधर्माणामेकस्मिन्धर्मण्येकदायुगपत्स्थितिर्नघटेत। इत्येवं माध्यमिकेषु भग्नगर्वेसत्सु अथानंतरं स श्री शंकराचार्यो नैमिशे..........

**ટીપઃ**— આ ઉલ્લેખ શ્રી બાલગોપાલતીર્થના શિષ્ય શ્રી ધનપતિસૂરિએ રચેલો છે, જેવી રીતે જૈનો માટે, આજથી લગભગ ૨૪૦૦ વર્ષની આસપાસ થએલા શ્રી આદિ શંકરાચાર્યજીએ તથા શ્રી રામાનુજાચાર્યજીએ તથા પંચદશીકાર શ્રી વિદ્યારણ્યજીએ તથા બીજા વિદ્વાનોએ દિગંબર શબ્દ વાપરેલો છે તેવી જ રીતે શ્રી ધનપતિસૂરિએ પણ દિગંબર શબ્દ વાપરેલો છે એટલું જ નહિ પણ વર્ત્તમાન દિગંબર જૈનો કે જેઓ કાલના અણુ માને છે તે જ વાત શ્રી શંકરાચાર્યજી વગેરેએ પણ આજથી ૨૪૦૦ વર્ષની આસપાસ ઉપર લખી

છે જેથી એમ સમજી શકાય છે કે કાલનાં અણુમાન વાળા દિગંબરોની શાખા પણ શ્વેતાંબરો સામે મૂળથી જ ચાલી આવે છે તથા દિગંબરોમાં મહાન્ વિદ્વાનો થએલા તથા મહાન્ રાજાઓ થએલા અને તેઓ વેદાન્તમતાનુયાયીના મહાન્ વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થમાં ઉતરેલા. શ્રી દ્વારિકાની શંકરાચાર્યજીની પરંપરા પ્રમાણે શ્રી શંકરાચાર્યજીને થયાં આજે ૨૩૮૦-૮૧ વર્ષ થયાં છે. શ્રી આદિ શ્રી શંકરાચાર્યજી ૩૨ વર્ષ જીવ્યા એટલે ૨૩૮૧-૩૨=૨૪૧૩ માં શ્રી શંકરાચાર્યજીનો જન્મ. આજથી ૨૪૪૪ વર્ષે શ્રી મહાવીર સ્વામી મોક્ષે પધાર્યા. ૨૪૪૪-૨૪૧૩=૩૧. મહાવીર નિર્વાણ પછી ૩૧ મે વર્ષે શ્રી શંકરાચાર્યજી જનમ્યા અને ૬૩ મેં વર્ષે કૈલાસ પધાર્યા. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે આદિશંકરાચાર્યજી અને શ્રી મહાવીર પ્રભુના પટ્ટશિષ્ય સુધર્માસ્વામી તથા જંબુસ્વામી સમકાલિન હતા. શ્રી શંકરાચાયજીનો મહાન્ ભક્ત અને હિંદમાં ચક્રવર્તિ તૂલ્ય સુધન્વા રાજા પણ આજ સમયમાં હતો. બૌદ્ધધર્મની મુખ્ય ચાર શાખાઓ, શાક્ત, વૈષ્ણવ, કાપાલિક, પાશુપત, ચાર્વાક વગેરે પંથો પણ તે સમયે હયાતી ધરાવતા હતા. શ્રી શંકરાચાર્યજીએ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિની પૂજા કરી હતી તે ઉપરથી સમજાય છે કે જૈનોની પેઠે તે વખતે અન્ય લોકોમાં પણ મૂર્તિ પૂજાનો પ્રચાર હતો. એટલું તો નિર્વિવાદ છે કે આદિ શંકરાચાર્યજીના સમયમાં જૈન કરતાં બૌદ્ધધર્મ ખાસ ભરતક્ષેત્રમાં પણ વિશેષ કાબુ ધરાવતો હતો. જો કે શ્રી શંકરાચાર્યજીએ જૈન તથા બૌદ્ધ ધર્મને મોટો ધકો લગાવ્યો હતો પણ તેમાં બૌદ્ધધર્મીને તો ભોંભરજ કરી દીધો; જૈનધર્મ તદ્દન ભોંભર ન થયો હતો જેના પરિણામે અત્યારે અને તે પહેલાં જૈનધર્મ જેવા પરમપવિત્ર ધર્મની હયાતી જોવાને ભાગ્યશાળી બની શકાયું છે શ્રીરામાનુજાચાર્યે પણ જૈન ધર્મને મહાન્ ધકો લગાવ્યો હતો. આવા અનેક મહાન્ હુમલાઓ વચ્ચે પણ શ્રી વીતરાગનો અભેદ માર્ગ અખિલ ભૂમંડલમાં પોતાના આત્મજ્ઞાનનો પ્રચાર, સત્પુરૂષોદ્વારા કરી રહ્યો છે એ વિશેષ ખુશી થવા જેવું છે. જેમ શ્રી મહાવીર પ્રભુ અને શ્રી બુદ્ધદેવ સમકાલિન હતા તેમ શ્રી મહાવીર પ્રભુના પટ્ટધર શિષ્ય આચાર્યશ્રી સુધર્માસ્વામી તથા જંબુસ્વામી અને શ્રી આદિશંકરાચાર્યજી સમકાલિન હતા. વળી શ્રી આદિ શંકરાચાર્યજીના વિચારોમાં ઉંડા ઉતરનારાઓ સમજી શકે છે કે શ્રી આદિ શંકરાચાર્યજીએ પોતાનો કેવલાદ્વૈતવાદ ચલાવ્યો ત્યારે તેમાં બુદ્ધ અને મહાવીરના કેટલાક સિદ્ધાંતોને દાખલ કરવા પડયા હતા. સમભાવના સિદ્ધાંતો શ્રીમહાવીરનાં છે અને શૂન્યને બદલે અચિન્ત્ય બ્રહ્મ એ શ્રીબુદ્ધના સિદ્ધાંતનું રૂપાંતર છે. ખરૂં જોતાં જગતમાં કાંઇ નવું જ નથી; માત્ર મૂળ વસ્તુના પર્યાયો જ છે. એ પર્યાયોની દેશકાળાનુસાર યોજના કરનાર ફાવે એ સંભવિત છે.

**श्रीहनुमन्नाटकम्:**—આ સંસ્કૃત નાટક શ્રીમદ્હનુમદ્વિરચિત છે. આ નાટક ઉપર પંડિતવર શ્રીમોહનદાસજીએ દીપિકાખ્ય વ્યાખ્યા સંસ્કૃતમાં રચી છે. સંસ્કૃત છંદોથી સહેલી ભાષામાં આ નાટક રચાએલું હોવાથી સાધારણ સંસ્કૃત જ્ઞાન ધરાવનારને પણ આનંદ આપે તેવું છે. આ નાટકના પ્રથમાંકના ત્રીજા શ્લોકમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

**यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो**

**बौद्धा बुद्धइति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ।**

अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः
सोऽयं वो विदधातु वाञ्छितफलं त्रैलोक्यनाथो हरिः ॥

જે શુદ્ધચૈતન્ય આત્મસ્વરૂપ એટલે પરમાત્માને શૈવલોકો શિવ નામવડે ભજે છે, વેદાન્તીઓ બ્રહ્મ કહીને ભજે છે, બૌદ્ધલોકો બુદ્ધદેવ કહીને ભજે છે અને ન્યાયશાસ્ત્રપારાંગત લોકો કર્તા કહીને ભજે છે, જૈનશાસનરત-જૈનલોકો અર્હત્ કહીને ભજે છે, મીમાંસકો કર્મ કહીને ભજે છે તે ત્રૈલોકયનાથ હરિ શ્રીરામ એટલે આત્મારામ કલ્યાણ કરો.

આ શ્લોક ઉપર શ્રી મોહનદાસજી પંડિતવર્ય દીપિકાખ્ય વ્યાખ્યા નીચે પ્રમાણે આપેછે.

अथ विद्यावानिति नेतृगुणं वक्तुं पद्यमवतारयति—यमिति । यं रामं शैवाः शिवभक्ताः शिवेति नाम्ना समुपासे ' महारुद्राद भूत्प्रकृतिरतः सूत्रं ततोऽहमिति ततो विश्वम् ' इति श्रुतेः । वेदान्तिनो ब्रह्मेति 'एकमेवाद्वितीय ब्रह्म नेह नानास्ति किंचन ' इति श्रुतेः । बौद्धा बुद्धइति ' प्राण्यालंभनं संसृति नन्नदयेति माम । इति श्रुतेः । प्रत्यक्षानुमानोपमान शब्दा भावार्थ प्राप्तिपत्ति प्रमाणानिति प्रमाणेष्वेव निपुणा नैयायिकाः कर्तेति ' सनातनाः पशवः प्राविशंति प्रमेयानभूतैः कर्तेव ततः ' इति श्रुतेः । जैनाज्ञाभिरता अर्हन्निति स्वभाव एवेश्वरो नान्योऽस्ति कदाप्यस्यानि दशत्वापत्तेः ' इति श्रुते, मीमांसकाः कर्मेति ' कर्मणा जायते नश्यति भयाभयसुखानि' इति श्रुतेः । एतैस्तदुपशिक्षितैर्मार्गेरेव यमुपासते सोऽयं रामो, वाञ्छितफलं विदधातु । एतेन विद्यावत्त्वमुक्तम् ।

**ટીપ**:—ઉપરોક્ત નાટક શ્રીમાન્ હનુમાનજી નામના શ્રીરામચંદ્રપ્રભુના પરમ ભક્તે રચીને સેતુબંધ રામેશ્વર પાસે એક શિલા ઉપર લખી રાખ્યું હતું. આ નાટક લખાયું તે વખતે યોગવાસિષ્ઠ તથા રામાયણના રચનાર આદિ સંસ્કૃત કવિ શ્રી વાલ્મિકિ ૠષિ હયાત હતા, જેથી જાણી શકાય છે કે આ નાટક પણ શ્રી વાલ્મિકિ રામાયણ જેટલું જ પ્રાચીન છે. કાલાન્તરે ધારાધીશ ભોજરાજા સેતુબંધ તરફ યાત્રાએ પધારેલ હતા. ત્યાં શિલા ઉપર લખેલા શ્લોકો ધર્મધુરંધર ભોજરાજાના જોવામાં આવ્યા તે ઉપરથી સમુદ્રગાંથી તે શિલા કઢાવીને નિજસભા મહાપંડિત મિશ્ર દામોદર કવિને સાનુબંધકાવ્ય સંદર્ભ સંગુમ્ફન માટે આજ્ઞા કરી. તનુજ્ઞયા ઉપલબ્ધ થએલ પ્રબંધને બુદ્ધિબલાનુસાર સરલ કરીને તેનો પ્રચાર કર્યો. આ નાટકમાં કેટલાક શ્લોકો અર્વાચીન કવિ ભવભૂત્યાદિવડે ઉમેરાયલા પણ જણાય છે. આ ઉપરથી સમજાય છે કે આ નાટક પંડિતવર શ્રીદામોદરમિશ્રવડે સમ્યકક્રમવડે સંદર્ભિત થએલું છે. यं शैवाः એ શ્લોક ઉપરથી જૈન ધર્મની પ્રાચીનતા સાબિત થાય છે. શ્રી હનુમાનજીને જૈન ધર્મમાં એક વિદ્યાધર તરીકે તથા મહાત્મા કે સંપૂર્ણજ્ઞાની તરીકે વર્ણવેલ છે. રામાયણમાં એ જ હનુમાનજીને શ્રીરામ-આત્મારામના પૂર્ણ ભક્ત કહેલ છે. શ્રી વાલ્મિકિ, શ્રીહનુમાનજી તથા શ્રીરામ જેવા મહાન્ પુરૂષો જૈન હતા તથા જૈન ધર્મ તરફ પૂર્ણ માનની લાગણી ધરાવનારા હતા. આ વાત હનુમાન નાટક ઉપરથી પણ સિદ્ધ થાય છે. ટીકાકારે પણ જૈનનો અર્થ અર્હત્ કે આર્હત્ રાખીને પોતાની બુદ્ધિની વિશાલતા દરશાવી છે. શ્રીહનુમાનજીનું ગુણગ્રાહીપણું તથા સમભાવ-વીતરાગભાવ-પણું જણાઇ આવે છે.

**નાથ સંપ્રદાયમાં જૈન કથન**:—પરમ યોગીરાજ શ્રી મત્સ્યેંદ્રનાથ તથા ગોરક્ષનાથથી નાથ સંપ્રદાયની વિશેષ વૃદ્ધિ થઇ હતી. આ નવ નાથની સંપ્રદાયમાં જૈનો માટે એવું કથન છે કે "એક વખતે મત્સ્યેંદ્રનાથને સંસાર ભોગવવાની ઇચ્છા થઇ તેથી ગિરનાર પર્વતની ધ્યાન ગુફામાંથી બહાર નીકળીને પોતાના શિષ્ય ગોરક્ષનાથને પોતાની સંસાર ભોગવવાની ઇચ્છા જણાવી અને અમુક મુદતે પાછો આવીશ એમ કહીને શ્રી મત્સ્યેંદ્રનાથજી ભરતક્ષેત્રમાં વિહાર કરવા લાગ્યા અને ક્રમે કરીને કામરૂપ દેશમાં પધાર્યા. કામરૂપ દેશમાં ત્રિયારાજ્ય-સ્ત્રીઓનું રાજ્ય હતું. લગભગ તમામ સ્ત્રીઓ મંત્રશાસ્ત્રમાં પ્રવિણ હતી. શ્રી મત્સ્યેંદ્રનું શરીર લાવણ્ય જોઇને કામરૂપ દેશની રાજા તરીકે રાજ્ય ચલાવતી મુખ્ય રાણી નામે મેનાવતી (કોઈ બીજાં નામો પણ આપે છે.) હતી તે શ્રીમત્સ્યેંદ્ર ઉપર મોહ પામી. શ્રીમત્સ્યેંદ્રનાથ પણ મેનામાં લપટાયા. ઘણા વર્ષ સુધી બંનેએ સંસારસુખો ભોગવ્યાં, કાળે કરીને શ્રીમત્સ્યેંદ્રનાથવડે મેનાને બે પુત્રો ઉત્પન્ન થયા તેમનાં નામો નેમનાથ અને પાર્શ્વનાથ પાડયાં હતાં. ગિરનારથી નીકળતી વખતે મત્સ્યેંદ્રનાથે શ્રીગોરક્ષનાથને અમુક મુદ્દત આપેલી તે પુરી થઇ જવા છતાં પણ ગુરૂ મત્સ્યેંદ્રનાથજી પાછા નહિ આવવાથી શ્રીગોરક્ષનાથજી મહાત્મા મત્સ્યેંદ્રનાથજીને શોધવા નીકળ્યા અને નટની સાથે કંપનીમાં ભળીને ગામોગામ "ચેત મચ્છંદર ગોરખ આયા" એ વાક્યનું ઉચ્ચારણ કરતા કરતા કામરૂપ દેશમાં પધાર્યા. ત્યાં શ્રી મત્સ્યેંદ્રનાથ અને ગોરક્ષનાથનો સમાગમ થયો. મેનાની રજા લઇને સુવર્ણની ઇંટ સહવર્તમાન નેમનાથ અને પાર્શ્વનાથને સાથે લઇને મત્સ્યેંદ્રનાથજી તથા ગોરક્ષનાથજીએ પ્રાતઃસ્મરણીય ગિરનારને રસ્તે ચાલવા માંડયું, રસ્તામાં ઇંટને વાવમાં ફેંકી દીધી પછી એક શહેરમાં આવીને ઉતર્યા. તે શહેરમાં વણિક કોમની વસ્તી ઘણી હતી અને તેજ દિવસે વણિકોમાં મોટું જમણ હતું. જમણસ્થાને એક ગાયની વાછડી મરણ પામેલી પડી હતી. નેમનાથ અને પાર્શ્વનાથ ભીક્ષા અર્થે ગામમાં નીકળ્યા અને જ્યાં વાછડીનું મુડદું પડયું હતું અને વણિકોની ભોજનશાળા ચાલતી હતી ત્યાં આવી પહોંચ્યા. વણિકોએ તે બંને બાલકોને લાડુથી ઝોળી ભરી આપવાનું કહી, ભોળવીને તે વાછડીનું મુડદું એ બાળકો પાસે ઢસડાવી ઘણે દૂર નંખાવી દીધું પછી લાડુની ઝોળી ભરી આપી. લાડુની ઝોળી ભરીને આસને પાછા આવ્યા ત્યારે શ્રી મત્સ્યેંદ્રનાથજી તથા શ્રી ગોરક્ષનાથજીના જાણવામાં તે વાત સમાધિદ્વારા આવી અને બંને પુત્રોને વણિકોએ ભ્રષ્ટ કર્યા છે માટે તે પુત્રો વણિકોને સોંપવા જોઇએ એમ વિચાર કરીને તે મહાન્ યોગીઓ બંને પુત્રો સહિત વણિકો પાસે આવ્યા, અને વણિકોને ધમકાવ્યા. વણિકો તે મહાત્માથી ડર્યા અને પ્રાયશ્ચિત માગ્યું ત્યારે શ્રી મત્સ્યેંદ્રનાથજી તથા શ્રી ગોરક્ષનાથજીએ વણિક કોમને આજ્ઞા કરી કે આ અમારા ભ્રષ્ટ થએલા પુત્રો નામે નેમનાથ તથા પાર્શ્વનાથને તમે ભૂલ ખવરાવી છે માટે તમો સર્વે તેમને માનો પુજો તથા તેમનું ભજન કરો એથી તમારૂં કલ્યાણ થશે. એ નેમનાથ તથા પાર્શ્વનાથ પરમપદને પામશે અને તમારો જૈનધર્મ આજથી પ્રસિદ્ધ થશે અને પાછળથી મંત્ર ચલાવવા, મ્લેચ્છ રહેવું, વેદની નિંદા કરવી વગેરે આચારો તમારા ધર્મમાં દાખલ થશે." આ હકીકતને મળતી જ હકીકત નવનાથના સંપ્રદાયવાળાઓ ભજન વગેરે દ્વારા બતાવે છે, અને જૈનમતને પાખંડ મત માને છે. ઝુંડો-રજોહરણ છે તે ગાયનું પૂછડું છે એમ તેઓ માને છે. આ માન્યતાના સંબંધમાં વિચાર કરીએ તો નાથ સંપ્રદાયની માન્યતા ઐતિહાસિક પ્રમાણ સાથે બંધ

બેસતી થતી નથી. જૈન માન્યતા પ્રમાણે નેમનાથ અને પાર્શ્વનાથ એ બે ભાઇજ ન હતા. એ બંને તીર્થંકરો વચ્ચે ૮૩ હજાર વર્ષનું લગભગ અંતર હતું. બંને શુરવીર રાજપુત્રો હતા. તેમને અને મત્સ્યેંદ્રનાથજીને કશોસંબંધ ન હતો. વળી જૈનધર્મ કાંઇ નેમનાથથી ચાલ્યો નથી પણ ઋષભદેવજીથી જૈનધર્મ પ્રચલિત થયો છે. હવે મત્સ્યેંદ્રનાથજી તથા ગોરક્ષનાથજી કયારે થઇ ગયા તેનો વિચાર કરીએ. જગત્ ગુરૂ શ્રી આદિશંકરાચાર્યને થયાં આજે ૨૩૮૦ વર્ષ થયાં છે. શ્રી મહાવીર નિર્વાણ પછી ૩૧ મે વર્ષે શ્રી આદિશંકરાચાર્ય ચાર્યજી જનમ્યા હતા. શ્રી આદિશંકરાચાર્યજી જ્યારે મંડનમિશ્રની સ્ત્રી ઉભયભારતી સાથે શાસ્ત્રાર્થમાં હાર્યા ત્યારે કામશાસ્ત્રનો અનુભવ મેળવવા સારૂ, મરણવશ થયેલા અમરક રાજાના શરીરમાં પ્રવેશ કરવા વિચાર કર્યો ત્યારે શ્રી પદ્મપાદે શ્રી આદિ શંકરાચાર્યજીને કહ્યું કે ઘણાં વર્ષો પહેલાં શ્રી મત્સ્યેંદ્રનાથજીએ પણ સંસાર ભોગવવાની ઇચ્છા કરી હતી, આ ઉપરથી સમજી શકાય છે કે શ્રી આદિ શંકરાચાર્યજીની પહેલાં ઘણાં વર્ષે શ્રી મત્સ્યેંદ્રનાથજી થઇ ગયા છે. શ્રી મહાવીર પ્રભુ પછી ૩૧ વર્ષેજ શ્રી આદિશંકરાચાર્યજી થયા માટે શ્રી મહાવીર પ્રભુની પણ અગાઉ શ્રી ગોરક્ષનાથ વગેરે થઇ ગયા હોય એમ જણાય છે. મહાવીર પ્રભુ પહેલાં ૨૫૦ વર્ષે લગભગ શ્રી પાર્શ્વનાથ સ્વામી થઇ ગયા છે. શ્રી પાર્શ્વનાથજી પ્રભુના સમયમાં અગર તેમની પણ અગાડી શ્રી મત્સ્યેંદ્રનાથજી તથા શ્રી ગોરક્ષનાથજી થઇ ગયા હોય એમ જણાય છે કારણ કે શ્રી આદિશંકરાચાર્યજી પહેલાં ઘણાં વર્ષે શ્રી ગોરક્ષનાથ વગેરે થઇ ગયા હતા એમ શ્રી શંકરદિગ્વિજયમાં લખ્યું છે. શ્રી મત્સ્યેંદ્રનાથજી અને શ્રી ગોરક્ષનાથજી કદાચ શ્રી પાર્શ્વનાથજીના સમકાલિન હોય અને તે સર્વે નાથ કહેવાતા તેથી નાથ સંપ્રદાયવાળાઓ પાર્શ્વનાથજી તથા નેમનાથજી પ્રભુને નાથ સંપ્રદાયમાં ભેળવી દે છે પણ તે વાત જૈન ઇતિહાસ સાથે બિલકુલ મળતી આવતી નથી; નેમનાથ અને પાર્શ્વનાથની હૈયાતીનો પુરતો પુરાવો જગતના બીજા ધર્મોના ઇતિહાસમાંથી નહિ મળતો હોવાથી માત્ર જૈન પરંપરા પ્રમાણ ઉપરજ આ બાબતમાં આધાર રાખીને સંતોષ માનવો પડશે. શ્રી મત્સ્યેંદ્રનાથજી અને શ્રી પાર્શ્વનાથજી સમકાલિન હતા તથા બંનેમાં નાથ શબ્દ આવે છે તથા બંને યોગી—વૈરાગી હતા વગેરે બાબતો ઉપરથી નાથ સંપ્રદાયવાળાએ શ્રી પાર્શ્વનાથજીને નાથ સંપ્રદાયમાં જોડી દીધા જણાય છે પણ ખરૂં જોતાં તો પાર્શ્વનાથજી એક રાજકુમાર હતા. નેમનાથ પ્રભુ તો શ્રીકૃષ્ણ ભગવાનના વખતમાં થઇ ગયા છે. શ્રીકૃષ્ણ ભગવાનના સમય પછી ઘણા વર્ષે શ્રી મત્સ્યેંદ્રનાથજી થયા હતા માટે નેમનાથ પ્રભુ તથા શ્રી મત્સ્યેંદ્ર સમકાલિનજ હતા નહિ,

**પૌરાણિકોમાં ચાલતી એક દંતકથા અને તેમાં શિવ પુરાણની કંઇક સહાનુભૂતિ:**—શિવપુરાણમાં ગૌતમઋષિના સંબંધમાં એક એવી આખ્યાયિકા છે કે "એક વખતે આ ભરતક્ષેત્રમાં ઉપરાઉપરી ઘણા દુષ્કાળો પડવાથી બ્રાહ્મણો સહિત તમામ માણસો ભુખમરાથી પીડાવા લાગ્યા. આવા કટાકટીના સમયમાં શ્રી ગૌતમ ઋષિ એક મહાન્ પ્રતાપી પુરૂષ ગણાતા હતા તેથી સર્વ બ્રાહ્મણો સહવર્તમાન શ્રી ગૌતમ ઋષિને શરણે ગયા. શ્રી ગૌતમ ઋષિએ પોતાના તપોબલ અને અધ્યાત્મ બલવડે સવારે જવ વાવે અને સાંજે લણે એવી સિદ્ધિનો પ્રયોગ અજમાવીને તમામ લોકોને સાત કે બાર દુકાળ ઉતાર્યા. આવા મહાન્ કાર્યવડે સકલ પ્રજા શ્રી ગૌતમઋષિના અહેશાનમાં દબાઇ

ગઇ શ્રી ગૌતમઋષિની કીર્તિ સ્વર્ગપર્યંત વ્યાપી જવાથી લોકોમાં કહેવાતી કહેવત (ભામણની આંખમાં ઝેર હોય) પ્રમાણે ઘણા ખરા બ્રાહ્મણોને ગૌતમઋષિની કીર્તિની ઇર્ષા આવી અને ગમે તે પ્રકારે પણ શ્રી ગૌતમઋષિ પટકી પડે તો ઠીક એને એ વિચારમાં બ્રાહ્મણોએ એક એવી યુક્તિ શોધી કાઢી કે એક બનાવટી–કૃત્રિમ–ગાય કરીને ગૌતમના જવના ખેતરમાં મૂકવી અને ગૌતમ તે ગાયને હાંકવા આવે કે તુરત ગાય મરણ પામે અને તે ઉપરથી ગૌતમને ગૌહત્યારો ઠરાવીને ન્યાત બહાર મૂકી દેવો આવી નીચ યુક્તિ શોધીને તેજ પ્રમાણે શ્રી ગૌતમઋષિના જવના ખેતરમાં ગુપ્તપણે કૃત્રિમ ગાય ઉભી કરી દીધી. શ્રી ગૌતમના જોવામાં તે ગાય આવવાથી, તે ગાયને પોતાના ખેતરમાંથી બહાર કાઢવા માટે એક દર્ભની સળી લઇને ગાય તરફ ફેંકી કે તરતજ ગાય નીચે પડી ગઇ અને મરણ પામી. આ સમયે ઘણા બ્રાહ્મણો આસપાસ સંતાઇ રહ્યા હતા. તેઓ ઇરાદાપૂર્વક બહાર આવીને ગૌતમે ગાયને મારી નાંખી છે માટે "ગૌતમ ગૌહત્યારો ગૌતમ ગૌહત્યારો" એવા પોકારો માર્યા અને ગૌતમને ભ્રષ્ટ ગણીને તેમની સાથેનો વ્યવહાર બંધ કર્યો. પરમપવિત્ર શ્રી ગૌતમઋષિએ જાહેર રીતે પાવન થવા સારૂ શ્રી અદમોચિની ગંગાજી ઉપર સખ્ત તપ કર્યું. શ્રી ગંગાજીએ પ્રકટ થઇ સર્વ લોકો દેખે તેમ શ્રી ગૌતમઋષિને પાવન કર્યા તેથી ગૌતમઋષિ પાછા જ્ઞાતિમાં દાખલ થયા. આને મળતુંજ આટલું જ લગભગ કથન શિવપુરાણમાં છે. આ કથનમાં લોકો તથા ઇતર પૌરાણિકો કંઇક વિશેષ ઉમેરીને એવું કહે છે કે શ્રી ગૌતમ ઋષિને બ્રાહ્મણોએ વિના વાંકે પજવ્યા તેથી શ્રી ગૌતમઋષિની આંખમાં બ્રાહ્મણો માટે ઝેર આવ્યું અને વૈરનો બદલો લેવા માટે અને બ્રાહ્મણોએ લોકોનું દ્રવ્ય હરણ કરવા વાસ્તે પાથરેલી જાળ તોડી પાડવા માટેજ વેદ ધર્મની સામે એટલે બ્રાહ્મણ ધર્મની સામે પોતાનો જૈનધર્મ નામે મત ચલાવ્યો. ધર્મના નામથી યજ્ઞમાં બ્રાહ્મણો ગાય, પાડા, બકરાં, અશ્વ, મનુષ્ય, વગેરે હોમાવતા અને નિરપરાધી પ્રાણીઓના પ્રાણો હરણ કરાવતા હતા; ઉપરાંત તે જીવોના માંસોનું ભક્ષણ પણ કરતા હતા. શ્રી ગૌતમે એ બ્રાહ્મણોની હિંસકવૃતિ અને પાછા સજીવન કરવાના ડોળની સામે અહિંસાનો ઉપદેશ ચલાવ્યો. લાખો મનુષ્યો અને રાજાઓને જણાયું કે યજ્ઞને નામે હિંસા કરવી તે વ્યાજબી નથી તેથી તે લોકો શ્રી ગૌતમના જૈન ધર્મમાં ભળ્યા તેથી બ્રાહ્મણોની આજીવિકામાં ઘણોજ ફેર પડી ગયો. શ્રી ગૌતમે ગાયના પુંછડાનો ઝુંડો વગેરે બનાવ્યા તે રજોહરણમાં દેખાય છે. આવા પ્રકારની પૌરાણિકોની કથાનો સાર એટલોજ નીકળે છે કે શ્રી ગૌતમને દુઃખતું હતું પેટ અને કુટવા માંડયુ માથું એ નિયમ પ્રમાણેજ વેદની સામે જૈનધર્મ નામનું પાખંડ પોતાનું વૈર લેવા નિમિત્તેજ ઉભું કરેલું છે. આવી દંત કથા લોકોમાં ચાલે છે. આ દંતકથા શિવપુરાણ ઉપરથી લોકોએ તદ્દન કલ્પી કાઢી છે કારણ કે શિવપુરાણમાં શ્રી ગૌતમે જૈનધર્મ ચલાવ્યો. એ હકીકતજ નથી મળતી, વળી જૈનધર્મ માટે શ્રીમદ્ ભાગવત પુરાણમાં તે ભવિષ્ય ભાખ્યું છે તેમાં પણ શ્રી ગૌતમ જૈનધર્મ ચલાવશે એમ નથી લખ્યું પણ કેકેવેકેવેંકટ દેશનો આર્હત નામે રાજા જૈનધર્મ ચલાવશે એમ લખ્યું છે. આ ઉપરથી એમ સમજાય છે કે જૈનધર્મના ઇંદ્રભૂતિ ઉર્ફે ગૌતમનું નામ સાંભળીને લોકોએ જૈનધર્મ ગૌતમે ચલાવ્યો છે એમ ભ્રાંતિથી માની લીધેલું છે. ખરૂં જોતાં જૈન ધર્મ તો શ્રી રૂષભદેવજીથી ચાલેલ છે અને શ્રી મહાવીરપ્રભુના એકશિષ્ય તરીકેજ ઇંદ્રભૂતિ નામના ગૌતમગોત્રી બ્રાહ્મણ હતા.

ઉલટું ઉપલી દંત કથાઓમાં તો બ્રાહ્મણો ઉપકારને બદલે અપકાર કરવાવાળા છે એવું સાબિત થાય છે. इत्यलम् ॐ शान्तिः शान्तिः शान्ति :

**એ પ્રમાણે જૈનધર્મનો અન્યધર્મોમાં ઉલ્લેખના દ્વિતીય ભાગનો દ્વિતીય ખંડક અને દ્વિતીય ભાગ સંપૂર્ણ થયો.**

—ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી.

# લાલા લજપતરાય શું કહે છે ?

## " અહિંસા પરમો ધર્મ " સત્ય છે કે ઘેલછા !

### અહિંસા પરમો ધર્મ :

સત્ય કરતાં ઉચ્ચ ધર્મ નથી અને 'અહિંસા પરમો ધર્મ :' કરતાં વર્તન દર્શક એકે ઉત્તમ માર્ગ નથી. યથાર્થ સમજાય અને જીવન વ્યવહારમાં યથાર્થ ઓતપ્રોત કરવામાં આવે તો એ સૂત્ર મનુષ્યને મહાત્મ્ય અને વીરતા બક્ષે છે. અયોગ્ય ભ્રમથી જીવનમાં તેનો અયથાર્થ ઉપયોગ થાય તો મનુષ્ય બીકણ, બાયલા, અધમ અને મૂર્ખ બની જાય છે. એક કાલે ભારતવાસીઓ તે સૂત્ર યથાર્થ સમજતા હતા, અને તેનો આચરણમાં યથાર્થ ઉપયોગ કરી પણ જાણતા હતા, ત્યારે તેઓ સત્ય, ઔદાર્ય, અને વીરતાના ગુણવડે અલંકૃત હતા.

### એ ઉદાર સત્યનું વિકૃત સ્વરૂપ

એક સમય એવો આવ્યો કે જ્યારે કેટલાક સદ્‌ગુણી મનુષ્યોએ સંપૂર્ણ ઉચ્ચ આશયથી અને સાધુતાથી તેનું સ્વરૂપ ઘેલછામાં ફેરવી નાખ્યું, તેને સર્વ સદ્‌ગુણથી ઉચ્ચસ્થાન આપ્યું એટલું જ નહિ પરંતુ સદાચારી જીવનની કસોટીનું અપૂર્વ શસ્ત્ર બનાવ્યું. તેમણે પોતાના જ જીવનમાં તેને અતિશય મહત્વ આપ્યું એટલુંજ નહિ પણ અન્ય સર્વ ગુણને ભોગે ઉચ્ચતમ પ્રજાકીય સદ્‌ગુણનું સ્વરૂપ આપી દીધું, અન્ય સર્વ ગુણો જે મનુષ્યને અને પ્રજાને ઉચ્ચ પ્રતિભાશાળી બનાવે છે, તેને પાછળ મૂકી દાધા અને તેમના મત અનુસાર આ ભલાઇની એકજ કસોટીથી તે સર્વ ગુણને ગૌણપદ આપ્યું.

### તેનાં ભયંકર પરિણામ

ધૈર્ય, શૌર્ય, વીરત્વ એ સર્વ સદ્‌ગુણો ધીમે ધીમે ધસાઇ ગયા, પ્રતિષ્ઠા અને સ્વમાન વિલુપ્ત થઇ ગયાં. સ્વદેશાભિમાન, સ્વદેશ પ્રીતિ, કુટુંબ પ્રતિ અનુરાગ જાતિ ગૌરવ એ સર્વનો ઝળહલતો દીપ ઓલવાઇ ગયો. અહિંસાના વિપરીત આચરણના દુરપયોગને લીધે અથવા સર્વ ઉચ્ચ તત્વોને ભોગે તેને અમર્યાદિત મહત્વ આપવાથીજ હિંદુઓનો સામાજિક, રાજકીય તેમજ નૈતિક અધઃપાત થયો. મરદાનગીમાં અહિંસા કરતાં કોઇ પણ રીતે તાત્વિક ઉણપ નથી એ વાત તેઓ તદ્દન વિસરી ગયા. તત્ત્વતઃ એ સદ્‌ગુણને જો યોગ્યરીતે વ્યવહારમાં મુકાય તો તે અહિંસાથી અલ્પાંશે પણ અસંગત નથી. વ્યક્તિહિત કે રાષ્ટ્રીય કલ્યાણ માટે બળીઆથી નિર્બળનું રક્ષણ કરવાની, અન્યાયભર્યું આક્રમણ કરનાર

* જુલાઇના મૉડર્નરિવ્યુમાં આવેલા અંગ્રેજી લેખનું ભાષાંતર.

અને રાજ્યાપહારી, ચોરટા અને લફંગા, કામાંધ, નરાધમ અને સ્ત્રીના સતીત્વને ભ્રષ્ટ કરનાર, દુરાચારી, ખુની અને શઠને અન્યાયાચરણ કરતા અને ઉપદ્રવ આપતા અટકાવવાની અનિવાર્ય અગત્ય તરફ તેઓએ દુર્લક્ષ આપ્યું. નિર્દોષને પીડા આપતા, વિશુદ્ધને ભ્રષ્ટ કરતા, અને અન્યના વ્યાજબી હકક ઉપર તરાપ મારતા—દુષ્ટ સ્વભાવવાળા મનુષ્યોનાં હૃદયને ન્યાયપુર:સર ક્રોધ અને તેને અંગે નીપજતાં પરીણામના ભયથી તેમ કરતા અટકાવે એમ માનવભાવના સ્વીકારે છે, તે વાત તેઓ વિસરી ગયા. જે મનુષ્ય અધર્મ અથવા ઝેર અને જુલમની જબરજસ્તીથી જમાવેલી સત્તાને સહન કરી, " ચાલે તેમ ચાલવા દેવાની રીત " રાખે છે, તે એક રીતે તેને અનુમોદન આપી ઉત્તેજે છે, અને તેથી દુરાચારીના અભ્યુદય અને પ્રાબલ્યની વૃદ્ધિ માટે કેટલેક અંશે જવાબદાર છે એ સત્યમાં રહેલા આવશ્યક અને મહાન્ રહસ્યને તેઓ પ્રત્યક્ષ કરી શકયા નહિ.

**અહિંસાનો અયોગ્ય વ્યવહાર—**

આ અહિંસાનો નિર્મર્યાદિત અને અયોગ્ય વ્યવહાર કોહાણરૂપે પલટી જઇ સુવ્યવસ્થાના સુંદર દેહમાં વિષરૂપે પ્રસરે છે, શક્તિને નિર્વીર્ય કરી મૂકે છે અને પુરૂષો અને સ્ત્રીઓને ચસકેલ મગજના, ચિત્તભ્રમિત, નિસ્તેજ બનાવી મહત્વાકાંક્ષા અને ઉચ્ચ સદ્‌ગુણોની પ્રાપ્તિ પાછળ અપ્રતિહત ખંતથી મંડયા રહેવામાં જોઇતા સામર્થ્ય વિનાના અને નમાલા કરી મૂકે છે, તેનાથી મનુષ્યહૃદય એકલતીલું અને ભીરૂ બની જાય છે. જૈનધર્મના સંસ્થાપકો આત્મસંયમન અને દેહદમનમાં જીવનને વ્યતિત કરનાર મહાત્માઓ હતા. તેમના અનુયાયી જૈન સાધુઓ વિકારોનો નાશ કરવામાં મહાન્ સંભવિત વિજય પ્રાપ્ત કરનારા મહાપુરૂષોની કોટિમાં આવે છે. ટૉલ્સ્ટૉયનો અહિંસા સિદ્ધાંત થોડાં જ વર્ષ પહેલાંજ જન્મ પામ્યો છે. જૈન અહિંસાને ભારતવર્ષ ત્રણ હજાર વર્ષથી જાણતો આવ્યો છે. પૃથ્વીતળ ઉપર એકે એવો દેશ નથી કે જેને ભારતવર્ષની માફક સૈકાઓ થયાં આવા અનેક અહિંસાવાદીઓ શોભાવી રહ્યા હોય પણ પૃથ્વીતળ પર એવોયે એક દેશ નથી કે જે હાલના અથવા છેલ્લાં પંદર શતકના ભારતવર્ષ માફક તદન કચડાઇ ગયેલો અને પૌરૂષત્વના એકેએક અંશ ગુમાવી બેઠેલો હોય. કેટલાક લોકો કહેશે કે ભારતવર્ષની આ સ્થિતિ અહિંસાવાદનું પરિણામ નથી, પણ બીજા સદ્‌ગુણોને તિલાંજલી આપવાનું પરિણામ છે. પણ હું તો આગ્રહપૂર્વક માનું છું કે ગૌરવ, મનુષ્યત્વ, અને સદ્‌ગુણના માર્ગને વિસારે પાડી અધ:પતન આણનાર જે જે કારણો છે, તેમાંથી એક અહિંસાવાદના ઉચ્ચ સત્યની વિકૃતિ છે. અત્યંત ખેદ તો એથીજ થાય છે કે જે લોકો આ સિદ્ધાંતને સંપૂર્ણ શ્રદ્ધાથી વળગી રહે છે, તેઓ પોતાના જ વર્તનથી બતાવી આપે છે કે આ સત્યનો વિપરીત વ્યવહાર મનુષ્યોને દાંભિક, નિર્માલ્ય અને ક્ષુદ્ર જીવનને માર્ગે દોરી જાય છે.

**મારા કુટુંબનું ઉદાહરણ—મારો જૈનધર્મનો ત્યાગ.—**

મારો જન્મ જૈન કુટુંબમાં થયો હતો, મારા દાદાને અહિંસામાં અત્યંત શ્રદ્ધા હતી. એટલે સુધી કે સર્પને મારવા કરતાં તેનાથી મૃત્યુ પામવાનું વધારે પસંદ કરે. તે એક જંતુને પણ ઇજા કરતા નહિ, ધાર્મિક ક્રિયાઓમાં કેટલાક કલાકના કલાક ગાળતા. દેખીતી રીતે તે એક સદ્‌ગુણી નર હતા અને કોમમાં માતબર માણસ ગણાતા. સૌને તેમની પ્રતિ માન ઉત્પન્ન થતું. તેમના ભાઇ સાધુ થયા હતા અને પોતાના પંથમાં એક પ્રતિષ્ઠાશાળી

ગુરૂ હતા. મારા જીવનમાં મેં જોએલા ઉચ્ચ સાધુઓમાંના એક હતા. તેઓ પોતાના સિદ્ધાંતને જીવનભર જાળવી રહ્યા અને દેહદમન તથા વિકારને અંકુશમાં રાખવામાં નિપુણતા મેળવવામાં સફળ નિવડયા હતા, પણ નૈતિક ધોરણના ઉચ્ચ કાનુનોને અનુસરીને જોઇએ તો તેઓનું જીવન શુષ્ક અને અસ્વાભાવિક હતું. હું તેમને ચાહતો અને માન આપતો પણ તેમનો મત સ્વીકારી શક્યો નહિ. તેમજ તેમણે પણ મને પોતાનો મત સ્વીકારાવવાની કાળજી કરી નહિ. પણ તેના ભાઇ–મારા દાદા–જુદીજ પ્રકૃતિના પુરૂષ હતા. તે અહિંસા ધર્મ–વિકૃત અહિંસાધર્મ–પાળતા. તે મત ગમે તેવા સંયોગોમાં કોઇના પ્રાણ હરવાની મનાઇ કરે છે, પણ તે પોતે, પોતાના ધંધાને અનુસરતાં, જે જે પ્રપંચ ખેલવા પડતા તે સર્વ પ્રપંચને વ્યાજબી ગણતા એટલુંજ નહિ પણ સર્વોત્તમ માનતા. પોતાના ધંધાના વ્યવહાર શાસ્ત્રાનુસાર એ પ્રપંચ તેમને મન છુટ આપી શકાય તેવા હતા. જુ, પક્ષી અને એવા બીજાં પ્રાણીઓ મૃત્યુના મુખમાં આવી પડતાં હોય તો તેને બચાવવામાં હજારો રૂપિઆ ખરચી નાંખે પણ સગીર કે વિધવા સાથે લેવડ, દેવડ. કરવામાં તેમનો છેલ્લો કોળીઓ પણ ઝુંટાવી લે એવા એ મતને માનનારાં ઘણાં મનુષ્યો મેં જોયાં જાણ્યાં છે.

**હાલના જૈનો—**

હું કોઇ રીતે એમ કહેવા નથી માગતો તે ભારતવર્ષમાં અન્ય હિંદુ કોમો કરતાં જૈનો વધારે અનીતિમાન છે, અથવા એમ પણ નથી કહેતો કે અહિંસા એવી અનીતિ તરફ દોરી જાય છે- એવા મિથ્યા દોષારોપણનો અણસારો પણ મારાથી દૂર રહો! પોતાની રીતભાતમાં જૈનો ઉદાર, અતિથિપૂજક, બુદ્ધિશાળી અને વ્યવહારમાં કુશળ છે. હિંદુઓમાં એવી બીજી જ્ઞાતિઓ પણ છે. મારો કહેવાનો ભાવાર્થ એવો છે કે અહિંસાના અમર્યાદિત વ્યવહારે તેઓને અન્ય કોમ કરતાં વધારે ઉચ્ચ નીતિના પંથે ચડાવ્યા નથી. વસ્તુતઃ જોર જુલમ અને લુટફાટને લીધે જો કોઇ કોમને વધારે ખમવું પડતું હોય તો તે જૈન કોમજ છે. કારણ કે વારસામાં મળેલી ભીરૂતા અને બળના ઉપયોગ તરફ તિરસ્કારને લીધે બીજા કરતાં તેઓ વધારે લાચાર હોય છે. તેઓ આત્મરક્ષણ કરી શકતા નથી, તેમજ પોતાના પ્રિયજનની આબરૂને સાચવી શકતા નથી.

**શું કર્ત્તવ્ય છે?**

વર્તમાન કાળે યુરોપ, સામાર્થ્યના દૈવી હકક માગનાર અવત્તાર છે. ત્યાં ટૉલ્સ્ટોયનો અવતાર યુરોપના સદભાગ્યેજ થયો. પરંતુ ભારતવર્ષની સ્થિતિ તદન જુદીજ છે. જુલમાટના; આક્રમણનાં કે લુટફાટનાં કર્તવ્યો માટે બરજોરી કે જબરજસ્તી વાપરવાનો ઉપદેશ આર્યસંતાનો આપેજ નહિ. મને વિશ્વાસ–શ્રદ્ધા છે કે આર્યભૂમિ એટલી પતિત થશેજ નહિ. પણ આપણી આબરૂનું તેમજ આપણી સ્ત્રી, બેન, પુત્રી કે માતાની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવા માટે પણ આપણે આપણા સાર્મથ્યનો ઉપયોગ કરવો એ પાપભર્યું છે એવું શિક્ષણ તો આપણે પાલવે તેમ નથી. એવું શિક્ષણ અસ્વાભાવિક અને અનિષ્ટકારક છે. આપણે રાજદ્વારી ખૂનોને ધિકકારી કાઢીએ; અરે! એથી પણ ન્યાય ખાતર, ન્યાયપુરઃસર હેતુ પાર પાડવા અન્યાયયુક્ત અને કાયદા વિરૂદ્ધ બળનો ઉપયોગ કરવાની રીતને અવખોડી કાઢીએ પરંતુ જ્યારે એક મહાન્ અને લોકમાન્ય પુરૂષ આપણા યુવાનોને કહે કે " દુષ્ટ જોર–જુલમ કરનાર મનુષ્યને સામા થયા વિનાં આત્માર્પણ કરીને જ આપણે આપણા આધારે

રહેલાં મનુષ્યોની પ્રતિષ્ઠાનુ રક્ષણ કરી શકીએ." અને વળી કહે કે "ઉપાયમાં શસ્ત્રના ઘા કરવા કરતાં શારીરિક અને માનસિક ધૈર્ય વધારે રહેલું છે" શું ? આમ મુંગા બેસી રહેવું આપણને પરવડે તેવું છે ? ધારો કે કોઇ નરાધમ આપણી પુત્રી પર હુમલો કરે તો રા. ગાંધી કહે છે કે તેમના પોતાના અહિંસા સંબંધી મત અનુસાર આપણી પુત્રી અને તે નરાધમ વચ્ચે ઉભા રહેવું. પણ જો તે નરાધમ આપણને મારી નાખે અને પોતાની પિચાશ વૃત્તિને પાર પાડે તો આપણી પુત્રીની કેવી દુર્દશા થાય ! રા. ગાંધીના મત પ્રમાણે, બળ જોરીથી સામા થવા કરતાં તેને તેનાથી બને તેટલું ખરાબ કરવા દેવું અને શાન્ત ઉભા રહેવું એમાં શારીરિક અને માનસિક ધૈર્ય વધારે જોઇએ.) રા. ગાંધી માટે સંપૂર્ણ માન દર્શાવતાં મારે કહેવું જોઇએ કે આનો અર્થ કાંઇ નથી. રા. ગાંધીના વ્યક્તિત્વ માટે મને ઘણું જ માન છે. તેઓ હું જે મહાપુરૂષોને પૂજું છું તેઓમાંના એક છે, હું તેમની સહૃદયતા માટે શંકા કરતો જ નથી. તેમની શુભ ધારણાઓ માટે મને સંશયજ નથી, પણ તેમણે જે અનિષ્ટકારક સિદ્ધાંત ફેલાવવાના સમાચાર મળ્યા છે તેની સામે સખ્ત વિરોધ દર્શાવવાની હું ફરજ સમજું છું, એક ગાંધી જેવા મહા પુરૂષને પણ આ વિષયમાં ભારત યુવકોના હૃદયને વિસ્મય કરી મુકવાની છુટ ન હોવી જોઇએ, રાષ્ટ્રીય ચૈતન્યના નિર્મલ ઝરાને મલિન કરવાની કોઇ પણ વ્યક્તિને સ્વતંત્રતા ન હોવી જોઇએ, બુદ્ધદેવે પણ એવો ઉપદેશ કર્યો નથી, ક્રાઇસ્ટ તો એમ કહેજ નહિ, જૈનો પણ એટલી હદ સુધી જાય એમ હું જાણતો નથી, અરે ? એવા સંયોગોમાં માન ભર્યું જીવન જ અસંભવિત છે- એ મતનો કોઇ પણ અનુયાયી ન્યાય પુરઃ સર કોઇ પણ સ્વેચ્છાચારીની સામે થઇ શકે નહિ, દક્ષિણ આફ્રિકામાંથી ભારતવર્ષીઓને કાઢી મૂકવાની તે દેશના ગોરાઓની પ્રિય ઇચ્છા સામે વિરોધ દર્શાવીને રા. ગાંધીએ શા માટે તે ગોરાઓની લાગણી દુભાવી ? ન્યાયાનુસાર કહીએ તો જ્યારે ગોરાઓએ ભારતવાસીઓને કાઢી મુકવાની ઇચ્છા દર્શાવી ત્યારે તેમણે પોતાનો સરસામાન બાંધીને તે દેશ છોડી દઇ ચાલ્યા જવું જોઇતું હતું અને પોતાના બંધુઓને પણ એવીજ સલાહ આપવી જોઇતી હતી. એવા સંયોગોમાં સામા થવામાં હિંસા રહેલી છે, શારીરિક હિંસા એ માનસિક હિંસાનું આચારસ્વરૂપ છે. જો એક ચોર, લુટારા કે શત્રુનો નાશ કરવાનો વિચાર કરવામાં પાપ હોય તો અલબત્ત તેના સામે બળ અજમાવવામાં વધારે પાપ છે જ. વાતજ એવી મૂર્ખાઇ ભરી જણાય છે કે રા. ગાંધીના ભાષણનો હેવાલજ ભૂલ ભરેલો હોય એમ શંકા કરવાની મને સહજ જ ઇચ્છા થઇ આવે છે. પણ પત્રો તે ઉપર છૂટથી વિવેચન કર્યા કરે છે; અને રા. ગાંધીએ તેનો જાહેર ઇન્કાર કર્યો નથી. ગમે તેમ હો પણ જ્યાં સુધી તે ભાષણમાં રહેલો વિરોધ દૂર થાય નહિં કે તેનો ખુલાસો થાય નહિ ત્યાંસુધી મને લાગે છે કે હું મુગો બેસી રહી શકું નહિ અને ભારતવાસી યુવકોમાં આ મતને અવિબાધિત અને ઉચ્ચ સત્ય તરિકે પ્રસરવા દઇ શકું નહિ. રા. ગાંધી કાલ્પનિક પૂર્ણતાનું જગત્ રચવા ઇચ્છે છે, અલબત્ત તેમ કરવા અને અન્યને તેમ કરવાનું કહેવા તેઓ પૂર્ણ સ્વતંત્ર છે, પણ તેજ પ્રમાણે તેમની ભૂલ દર્શાવી આપવાની હું મારી ફરજ સમજું છું.

—ઉદયેચ્છુ.

# कॉन्फरन्स मिशन.

## १ श्री सुकृत भंडार फंड.

( તા. ૨૪-૬-૧૬ થી તા. ૩૧-૭-૧૬, સંવત ૧૯૭૨ ના જેઠ વ. ૯ થી શ્રાવણ સુ. ૧ સુધી. )

વસુલ આવ્યા રૂ. ૪૪૩-૮-૦ ગયા માસ આખરના બાકી રૂ. ૨૪૮૩-૩-૦

**૧ ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—મહીકાંઠા.

ખેડબ્રહ્મા ૧૬, ગરોડા ૭, ઇડર ૨૦, કુકડીઆ ૮, સાબલી ૬ાા, જામળા ૭ાા, એરણા ૪, આગીઓલ ૬, ઢુંઢેર ૬, વામોજ ૦ાા, મનોરપર ૩ાા. **कुल रू. ८५-१२-०**

**૨ ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**—વહાડ.

**भांडक** १ाा, **चांदा** २५ाा, **वरोरा** १०, **नागपुर—सराफबजार** १५, **कांमठी** ४१ाा, **नागपुर** १४२, **खापा** २१, **सींदी** ६ाा, **वरधा** १३, **नाचणगांव** ६ाा, **पुलगांव** ५ाा, **धामणगांव** १२ तेल्हारा ५, **शेगांव** ४ाा, **खामगांव** २१.

**कुल रू. ३२५—८—०**

**૩ ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ**—અમદાવાદ જીલ્લો.

પંચાસર ૪. કુલ રૂ. ૪-૦-૦

**મુંબઇના** ગૃહસ્થો તરફથી પાંચ રૂપીઆવાળી અને એક રૂપીઆવાળી રસીદોના આવ્યા (દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ વખતના ) રૂ. ૧૮-૦-૦

**અમદાવાદ** એક ગૃહસ્થે મોકલ્યા. રૂ. ૦-૪-૦

૨૯૨૬-૧૧-૦

**નોટ—બે રસીટ બુકો** ચાર આનાવાળી નં. ૨૨૧—૨૪૦, ૪૮૧—૫૦૦ સુધીની દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના મંડપમાં વૉલંટીઅરો માર્ફત સ્ત્રી પ્રેક્ષકોએ **મંગાવેલી** તે પાછી આવી નથી. તો જે બ્હેનો પાસે તે બુકો રહી હોય તેમણે કૉન્ફરન્સ **ઓફીસમાં** મોકલી આપવી.

## २ श्री धार्मिक हिसाब तपासणी खातुं.

તપાસનાર—**શેઠ ચુનીલાલ નાહનચંદ** ઓનરરી ઓડીટર શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.

**૧ ઉત્તર ગુજરાતના કડી મહાલના ડાંગરવા ગામ** મધ્યે શ્રી ધર્મનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ હેમચંદ દલીચંદ તથા શેઠ ફૂલચંદ લાલચંદ, તથા શેઠ બાદરચંદ કંકુચંદ, તથા શેઠ ડાહ્યાચંદ અમુલખના હસ્તકનો સંવત ૧૯૪૬ થી **સંવત ૧૯૭૨ ના જેઠ સુ. ૭** સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. તેની હકીકત નીચે મૂજબઃ—

દેરાસરજી તથા મહાજન ખાતાના ચોપડા ભેગા રાખી વહીવટ ચલાવવામાં આવતો હતો તેથી જૈનો દેવદ્રવ્યના લેપમાં પડતા હતા. માટે દેરાસરજીનો વહીવટ જૂદો ચલાવવા ગોઠવણ કરી આપી છે.

મહાજન ખાતામાં તથા કૂતરા, કબુતર વગેરે તમામ ખાતામાં પૂરતી આવક નહી હોવાથી ખૂટતાં નાણાં દેરાસરમાંથી વાપરવામાં આવ્યાં છે એટલુંજ નહીં પણ તે ગામમાં પાખીઓ

૪ જમવાના રૂપીઆ ગામ મધેના જૈનીઓને વ્યાજે આપવામાં આવ્યા છે તે વ્યાજ પૂરેપુરૂં વસુલ નહીં આવવાથી દેરાસરજીના વહીવટમાંથી જેની પાસે લેણું રહ્યું હોય તેના ખાતે ઉધારી પાખીઓ જમે છે તે ઉપર ત્યાંના શ્રી સંઘનું ધ્યાન ખેંચી હવેથી તેવી રીતે નહીં કરવા સૂચવવામાં આવ્યું છે.

**૨ ઉત્તર ગુજરાતના ખેરાળુ મહાલના બલાદ ગામ મધ્યે શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરના** વહીવટને લગતો રીપોર્ટ—સદરહુ સંસ્થાના • શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ મુળચંદ પરશોતમદાસના હસ્તકનો સંવત ૧૯૭૧ ના આસો સુ. ૧ થી સં. ૧૯૭૨ ના જેઠ વ. ૮ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. તે જોતાં વહીવટ ચલાવવાનું ધોરણ સાદું અને સરલ હોવાથી તેનું નામુ રીતસર રહી વહીવટ જૈન શૈલીને અનુસરી સારી રીતે ચાલે છે. એટલુંજ નહીં પણ ચડાવા વગેરેનાં નાણાં વસુલ આવી જાય છે તે માટે વહીવટકર્ત્તા ગૃહસ્થને ધન્યવાદ ઘટે છે.

પુરાતમાં રહેતાં નાણાં સાચવવા માટે જૈનોમાં ૪–૪ મહિનાના વારા કરવામાં આવ્યા છે તેનો બરાબર અમલ થતો હોવાથી તેમાં કોઇ રીતે ગેરવ્યવસ્થા નહીં થતાં નાણાં સારી રીતે સચવાય છે એટલુંજ નહીં પણ તેના સમાગમમાં આવતા જૈનો દેવદ્રવ્યના લેપમાં ફસતા નથી. સદરહુ સંસ્થાનું જૈનમંદિર ઘણું જીર્ણ થઇ ગએલું હોવાથી અકસ્માત તૂટી પડી કેટલીક આશાતના થવાનો ભય રહે છે. તેથી તાકીદે તેનો જીર્ણોદ્ધાર કરાવવાની જરૂર હોવાથી તે માટે વહીવટકર્ત્તા ગૃહસ્થને સૂચના કરવામાં આવી છે.

અમારા તરફથી સદરહુ સંસ્થાનો વહીવટ તપાસવાની માગણી કરતાં તેના વહીવટ કર્ત્તા ગૃહસ્થે તરત દેખાડી આપ્યો તે માટે તેમનો આભાર માનીએ છીએ.

**૩ ઉત્તર ગુજરાતના ખેરાળુ મહાલના ગામ ચાણસોલ મધ્યે શ્રી રૂષભદેવજી** મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટઃ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા દોશી લાલચંદ લીલાચંદ તથા સોની રવચંદ લક્ષ્મીચંદ તથા શા. ભીખાભાઈ બેચરના હસ્તકનો સંવત ૧૯૭૨ ના જેઠ વ. ૧૦ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. તે જોતાં નામું બહુજ ગુંચવણ ભરેલી રીતે રાખવામાં આવ્યું છે. તેથી લોકોના ખાતાનો હિસાબ કરતાં બહુજ મુશ્કેલી પડતી હતી. પરંતુ તે ગામ મધ્યેના જૈનો સરલ સ્વભાવના હોવાથી પોતપોતાના હિસાબો કરી આપી હવે પછી અમોએ નામું લખવાની જે પ્રમાણે ગોઠવણ કરી આપી છે તે પ્રમાણે નામું લખી વહીવટ રીતસર ચલાવવાનું તેઓએ પોતપોતામાં ચોકસ કરેલું છે.

**નોટ—**સદરહુ ત્રણે સંસ્થાઓના વહીવટ તપાસી તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર દરેક વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

### ३ शेठ फकीरचंद प्रेमचंद स्कोलरशीपो ( इनामो. )

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદ તરફથી સને ૧૯૧૬ ની સાલમાં મેટ્રીકમાં પસાર થએલ જૈન શ્વેતાંબર મૂર્તિપુજક વિદ્યાર્થીઓ પૈકી એક **લીંબડીના રહીશ મી. સૌભાગ્યચંદ ખીમચંદ કોઠારીને** સંસ્કૃત વિષયમાં સૌથી વધારે માર્ક મેળવ્યા હોવાથી રૂા. ૪૦ ) ની સ્કૉલરશીપ આપવામાં આવેલ છે, અને બીજી સ્કૉલરશીપ રૂા. ૪૦ ) ની સુરતના વતની માટેની હોવાથી **મી. ત્રીભોવનદાસ છોટાલાલ કાપડીઆને** ઉંચા નંબરે પાસ થવાથી આપવામાં આવેલ છે તે સર્વ જૈનબંધુઓને જાહેર કરવામાં આવે છે!

તૈયાર છે ? તૈયાર છે ? તૈયાર છે ?

કૉન્ફરન્સ ઑફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ

## શ્રી જૈન ગ્રંથાવલી.

જુદા જુદા ધર્મધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી ઔપદેશિક, ભાષા સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લિસ્ટ. ગ્રંથકર્ત્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફુટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ટ, રચ્યાનો સંવત અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળ પૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તક ભંડાર, લાયબ્રેરી તથા સામાન્ય મંડળમાં અવશ્ય રાખવા લાયક છે તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કીંમત માત્ર રૂ. ૩—૦—૦

પાયધુની, મુંબઇ નં. ૩, } આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## શ્રી જૈન શ્વેતાંબર-મંદિરાવલિ. પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર દેરાસર સુદ્ધાંત) હકીકત આપવામાં આવેલી છે. કૉન્ફરન્સ ઑફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણાં પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ભોમીયા તરીકે થઇ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદી જુદી કલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકનું સ્ટેશન યાને મોટા ગામનુ નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળ નાયકનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૯૦ પાનાનું સુંદર પુંઠાથી બંધાવેલું છે. બહારગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે. કીંમત માત્ર રૂ. ૧—૮—૦.

પાયધુની મુંબઇ નં. ૩. } આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ.

શ્રી શ્વેતાંબર કોમમાં સર્વોપરી સ્થાન ભોગવતા આ માસિકમાં વિદ્વાન લેખકોના તેમજ મુનિ મહારાજના હાથથી લખાયેલા સાંસારિક, ધાર્મિક, તેમજ સાહિત્યને લગતા વિદ્વતા ભરેલા લેખો આપવામાં આવે છે. તેમજ કૉન્ફરન્સને લગતી દરેક બાબતનો યોગ્ય હેવાલ આ માસિકમાં આપવામાં આવે છે. તે દરેક જૈનને અવશ્ય વાંચવા લાયક છે. કૉન્ફરન્સના કાર્યને ઉત્તેજન આપવા ઉપરાંત ખાસ અંકોનો લાભ લઇ શકાશે. વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત માત્ર રૂ. ૧—૮—૦ છે.

મળવાનું ઠેકાણું-આ. સેક્રેટરી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, પાયધુની, મુંબઇ.

તૈયાર છે. તૈયાર છે ! તૈયાર છે !

જૈન બંધુઓ ! વાંચો અને અમૂલ્ય લાભ લ્યો.

## શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરી.

વ્હાલા બંધુઓ ! આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ કૉન્ફરન્સ વખતે જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતિ જાણવા માટે સર્વે જૈન બંધુઓનો વિચાર થવાથી ડીરેકટરી કરવાનું કામ કૉન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત કામના પ્રથમ ફળ રૂપે અમદાવાદ કૉન્ફરન્સ પહેલાં શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ ભાગ ૧ લો બહાર પાડવામાં આવ્યો હતો ત્યાર પછી કૉન્ફરન્સ ઓફીસ તરફથી આ મુશ્કેલ કામના દ્વિતીય ફળ રૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીનો-ભાગ ૧ લો ( ઉત્તર ગુજરાત ) અને ભાગ ૨ જો [ દક્ષિણ ગુજરાત ] એવી રીતે બે ભાગ જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુકવામાં આવેલ છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન જાણવા લાયક હકીકતો દાખલ કરવામાં આવી છે; જૈનોની વસ્તી સંખ્યા દેખાડનારી ગામની નિશાનીઓ ઉપરાંત તીર્થ સ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં ચિન્હો વાળો સુંદર નકશો પણ આપેલો છે. ટુંકામાં જૈનોની વસ્તીવાળા જીલ્લા અને તાલુકાવાર ગામ, રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓફીસ, દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા, ઉપાશ્રય, પુસ્તક ભંડાર, લાઇબ્રેરી, પાઠશાળા, પાંજરાપોળ અને સભા મંડળ વિગેરેને લગતી સઘળી બાબતોથી આ ડીરેકટરી ભરપુર છે. આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છની, કુંવારા પરણેલા, વિધુર અને વિધવાની તેમજ ભણેલા તથા અજાણની સંખ્યા આ ડીરેકટરીમાં સમજપૂર્વક આપવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે, વિશેષમાં જીલ્લાવાર જનરલ રીપોર્ટ પણ આપેલ છે, આ ડીરેકટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી કરવામાં લગાર પણ કચાસ રાખવામાં આવી નથી. ડીરેકટરી તૈયાર કરવા પાછળ રૂ. ૧૫૦૦૦ની મોટી રકમ ખર્ચવામાં આવી છે; તે છતાં જુજ કિંમત રાખવાનું કારણ કમાવાની ખાતર નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો સરખો લાભ આપવાનું છે, માટે સર્વ જૈન બંધુઓ આ મોટો લાભ અવશ્ય લેશેજ એવી અમોને સંપૂર્ણ ખાત્રી છે. કિંમત માત્ર પહેલા ભાગના રૂ. ૦-૧૨-૦ બીજા ભાગના રૂ. ૧-૪-૦ બન્ને ભાગ સાથેના ૧-૧૪-૦ નકશાની છુટક નકલ અઢા આનાની પોષ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

પાયધુની, મુંબઇ નંબર ૩ } આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.


## હૅરલ્ડ માસિકના ગ્રાહકોને વિનતિ.

આ માસિકનો બધો આધાર લવાજમ ઉપર છે. માટે જે જે ગ્રાહકો પાસે લવાજમ બાકી હોય તેમણે મનીઓર્ડરથી તાકીદે મોકલી આપવા કૃપા કરવી. અગર વી. પી. આવે તો સ્વીકારી લેવા વિનંતિ કરવામાં આવે છે.

પાયધુની, પોસ્ટ નંબર ૩ મુંબઈ. } આસિસ્ટંટ સેક્રેટરી,
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

# શ્રી સુકૃત ભંડાર ફંડ.

## આ ફંડમાં કંઇ આપી સુકૃત કરો.

**પ્રિય બંધુઓ અને બ્હેનો ! યાદ રાખજો કે આ ફંડમાંથી અર્ધો ભાગ કૉન્ફરન્સના નિભાવ ખાતે અને અર્ધો ભાગ કેલવણીના પ્રચાર અર્થે ખર્ચાય છે.**

કૉન્ફરન્સ દેવીએ અત્યાર સુધી જૈન સમાજના ઉદ્ધાર અર્થે જે કર્યું છે તે કોઇ પણ કરી શકયું નથી. તો તેના કાર્યને હમેશાં નિભાવો. કેલવણી કે જેના પર સમગ્ર દેશ, જ્ઞાતિ, કોમ અને વ્યક્તિના અભ્યુદયનો આધાર છે, તેને પુષ્ટ બનાવો. આવી રીતે કૉન્ફરન્સ અને કેલવણીને સ્થાયી પાયા પર મૂકવા માટે આ ફંડમાં યથાશક્તિ મદદ કરો. મદદ કરી અનેક ભાઇઓના શુભ આશીર્વાદો મેળવો અને આત્માનું કલ્યાણ કરો. શ્રીમતી કૉન્ફરન્સની દશમી બેઠક મુંબાઇમાં હાલ થઇ ગઇ છે. આ પ્રસંગે નીચે મુજબનો ૧૩ મો ઠરાવ થયો છેઃ—

**ઠરાવ ૧૩ મો સુકૃત ભંડાર ફંડ** (Sukrita Bhandar Fund).

આ કૉન્ફરન્સ દ્રઢતાથી આગ્રહ કરે છે કે દરેક વર્ષે દરેક શ્રાવક શ્રાવિકાએ ઓછામાં ઓછા ચાર આના શ્રી સુકૃત ભંડાર ફંડમાં દેવાજ જોઇએ કે જે ફંડની આવક કેલવણી અને કૉન્ફરન્સના નિભાવમાં વપરાય છે અને જે ફંડની ઉપર કૉન્ફરન્સની હયાતી તથા કૉન્ફરન્સે ઉપાડેલા કાર્યનો આધાર રહેલો છે.

(૧) આ ફંડમાં અત્યાર સુધી જે જે મહાશયોએ પૈસા ભરી પોતાની સહાનુભૂતી દર્શાવી છે તેને આ કૉન્ફરન્સ ધન્યવાદ આપે છે. (૨) જે જે સ્થળના સંઘોએ આ ફંડ એકઠું કરી કૉન્ફરન્સ ઑફીસપર મોકલાવવાનો પરિશ્રમ ઉઠાવ્યો તે સર્વેનો આ કૉન્ફરન્સ આભાર માને છે. (૩) પોતપોતાના ગામમાંથી સંવત ૧૯૭૨ નું સુકૃતભંડાર ફંડ એકઠું કરીને જેમ બને તેમ જલદી કૉન્ફરન્સ ઑફીસપર મોકલાવી આપે એવી પ્રત્યેક ગામ અને શહેરના સંઘને આ કૉન્ફરન્સ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે."

શ્રી સુકૃત ભંડાર ફંડમાં દરેક સ્ત્રી પુરૂષોએ એક વર્ષમાં ઓછામાં ઓછા ચાર આના આપવાના છે. ચાર આના જેવી રકમથી કોઇને કશો ભાર પડવાનો નથી. ચાર આના જેવી રકમ વરસ દિવસે આપવી તે કાંઇ વિસાતમાં નથી. દરેક માણસ પોતાની સુકમાઇમાંથી **અઠવાડીઆમાં એક પાઈ** શ્રી સુકૃત ભંડાર ફંડ માટે જુદી કાઢે તો એક વર્ષે રકમ સવાચાર આનાની થાય. આવી જૂજ રકમ દરેક જૈન બંધુઓ પોતાના ઉમંગથી મોકલી આપે તો આપણી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી કેળવણી ખાતામાં-પાઠશાળાઓ વગેરેમાં અપાતી મદદમાં વાંધો આવે નહિ. તેમજ આપણી મહાન્ સંસ્થા (કૉન્ફરન્સ) ને નિભાવવામાં કશી અડચણ આવે નહિ.

પાયધુની, પોસ્ટ નં. ૩
મુંબાઇ.
સં. ૧૯૭૨. સને ૧૯૧૬

લી० શ્રી સંઘના સેવકો,
**કલ્યાણચંદ શોભાગચંદ ઝવેરી.**
**ગુલાબચંદ ઢઢ્ઢા.**
જનરલ સેક્રેટરીઓ, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## आ हेरॅल्ड मासिकमां जाहेर खबर आपनाराओने अमूल्य तक.

आ मासिकनो हिंदुस्तानना जुदा जुदा भागोमां तेमज झांझीबारमां वसती जैन कोममां बहोळो फेलावो थयेलो छे. तेमां जाहेर खबर आपनाराओ माटे नीचे मुजब घणा ओछा भावो राख्या छे.

| | एक पेज. | अर्धु पेज. | पा पेज. | चार लाइन. |
|---|---|---|---|---|
| एक वर्ष माटे. | ३० | १५ | १० | ५ |
| छ मास माटे. | २० | १० | ५ | ४ |
| त्रण मास माटे. | १२ | ६ | ४ | ३ |
| एक वखत माटे. | ५ | ३ | २ | १ |

जाहेर खबरो, हिंदी, गुजराती या ईंग्रेजी भाषामां लेवामां आवशे. जाहेर खबरनां नाणां अगाउथी मळ्या सिवाय जाहेर खबर दाखल थशे नहीं. आ मासिकनी मार्फत छुटां हेन्डबीलो वहेंची शकाशे नहीं. पण मासिक साथे बंधावी वहेंची आपवाना भाव रुबरु मळवाथी के पत्रव्यवहारथी नकी थशे.

पायधुनी, मुंबइ नं. ३ } आसीस्टंट सेक्रेटरी.
श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

## धी जैन एज्युकेशन फंड.

[ मुंबइमां आ वर्षे भरायेली दशमी कॉन्फरन्समां आ फंडनी स्थापना करवामां आवी छे, अने ते संबंधीनी विगत नीचे प्रमाणे छेः– ]

आपणी कॉन्फरन्स तरफथी जैन एज्युकेशन बॉर्ड नामनुं मंडळ आपणी जैन कोममां केळवणीनो वधु फेलावो करवाना हेतुथी स्थापवामां आव्युं छे. आ फंडने अंगे नाणांनी मोटी मददनी जरुर छे. ते केटलेक अंशे पुरी पडे एवी धारणाथी धी जैन एज्युकेशन फंड ए नामनी योजना करवामां आवे छे.

मेंबर १. एज्युकेशन बोर्डना दरेक सभासदे दर वर्षे रुपीआ पांच लवाजमना आपवा, अने एकी वखते रुपीआ १०० सोनी रकम आपनार सभासदने लाइफमेंबर गणी तेने लवाजममांथी मुक्त करवा.

२. लाइफ मेंबरना जे रुपीआ आवे ते कायम फंड तरीके राखवामां आवशे ने ते सारी सीक्युरीटीमां सेक्रेटरीओना नामे मूकवामां आवशे अने ते नाणांनुं व्याजज मात्र खरचवामां आवशे.

सहायक. मेंबर सिवायना अन्य सद्गृहस्थ दर वर्षे रुपीआ पांच आपनारने सहायक गणवामां आवशे.

( આજના અંકનો વધારો. )

પ્રત્યેક સ્ત્રી પુરૂષે મનન કરવાયોગ્ય ગૃહસંસારની શિખામણોનો અપૂર્વ ગ્રંથ

# તૈયાર છે ! નવ-દંપતીને શિખામણ. તૈયાર છે !

**પૃષ્ઠ ૩૦૦, સોનેરી પાકું પૂંઠું, મૂલ્ય રૂ. ૧), વી. પી. પોસ્ટેજ ૩ આના.**

અજ્ઞાન, વહેમ, ખરાબ સોબત, કુટેવો, વિહારનો અતિયોગ, સ્ત્રીઓની આરોગ્ય સંબંધી અણુસમજ, વાંઝીયાપણું, જુવાન વયમાં થતાં અનેક ભયંકર તથા ગુપ્ત દર્દો, ગર્ભસંચાર પ્રસવ અને બાળકની માવજત સંબંધી અજ્ઞાન ઈત્યાદિ કારણોને લીધે અનેક નવ-દંપતીઓનો ગૃહસ્થાશ્રમ જીવતાં નરકાવાસ ભોગવવા જેવો દુઃખજનક જણાઈ આવે છે. નવ-દંપતીઓ પોતાના ગૃહસ્થાશ્રમના પ્રારંભથી જ અને બીજાઓ "ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો" એ કહેવત પ્રમાણે સવેળા જો કેટલીક ઉપયોગી શિખામણો મેળવી લે, તો તેઓ પોતાનું ભવિષ્ય સુખમાં વ્યતીત કરે, એટલું જ નહિ, પણ સંસારમાં તેઓ નબળાઈ, હિસ્ટિરિયા, વાંઝીયાપણું, દુર્બળ અને રોગિષ્ઠ સંતાનો ઈત્યાદિ દોષોથી સંતાપ પામ્યા કરે છે તે સત્વર દૂર થવા પામે. આવી સર્વ પ્રકારની શિખામણો, આહારવિહારના સ્પષ્ટ નિયમો, દર્દોનાં લક્ષણો અને તેની સમજ, દર્દોના ઘરગથ્થુ ઉપાયો વગેરે સર્વ કોઈ વિષયો **નવ-દંપતીને શિખામણ** નામના પુસ્તકમાં બે સ્ત્રીઓના સંવાદરૂપે સ્ત્રીઓ પણ સમજે તેવી સરલ ભાષામાં સમાવેલા છે. સમજુતી એટલી સ્પષ્ટ છે કે ઓછું ભણેલાઓ પણ સમજી શકે અને જે કાંઈ ઉપાયો આપેલા છે તે એટલા સરલ છે કે નાના ગામડામાં પણ કરી શકાય. વિષયોની અનુક્રમણિકા ઉપરથી પુસ્તકની ઉપયોગિતા સમજાશેઃ—

૧ યુવાવસ્થા. ( જુવાની આવવાનો સમય અને તેનાં ચિન્હો ). ૨ શયન, શય્યા અને ગૃહ. ( સૂવાનું સ્થળ અને રીત ). ૩ સમાગમ. ( સ્ત્રીસમાગમ સંબધી નિયમો અને તેના સારા માઠા પ્રકાર સંબંધી સમજણ ). ૪ અસ્વાભાવિક ગમનમાં રહેલો દોષ. ( કેટલીક કુટેવો ને તેનાં માઠાં પરિણામો ). ૫ સ્તન ( સ્તનની રચના અને સ્ત્રીના સૌંદર્ય સંબંધી વિગતો). ૬ ઋતુની શરૂઆત અને માસિક ઋતુ. ( નીરોગી ઋતુ અને ઋતુદોષનાં લક્ષણ તથા નિવારણ ). ૭ કષ્ટપ્રાપ્ત ઋતુ અથવા બાધક. ( ઋતુ સંબંધી દર્દો અને તેના ઉપાયો. ). ૮ પ્રદર રોગ. ( ધોળા તથા લાલ પ્રદરનાં લક્ષણ અને તે મટાડવાના ઉપાયો ). ૯ કુમારિકાઓનો પ્રદર. ( છોકરીઓને થતો પ્રદર અને તેનાં કારણ ). ૧૦ વાઈ અથવા હિસ્ટિરિયા. ( જુવાન સ્ત્રીઓને થતો હિસ્ટિરિયા, તેનાં કારણો અને તે મટાડવાના ઉપાયો ). **૧૧** લગ્ન, સ્ત્રી-પુરૂષ અને આરોગ્ય. ( લગ્નની મહત્તા અને દંપતીધર્મ ). **૧૨ વીર્ય અને આર્ત્તવ.** (પુરૂષનું વીર્ય અને સ્ત્રીના આર્તવ સંબંધે સમજુતી તથા તેનો ઉપયોગ). **૧૩ ગર્ભસંચાર અથવા ગર્ભાધાન.** ( ગર્ભસંચાર સંબંધી સમજણ અને તે જાણવાની રીત). **૧૪** વંધ્યત્વ પ્રાપ્ત થવાનાં કારણો અને તેના ઉપાયો. **૧૫** સગર્ભાવસ્થામાં રાખવી જોઈતી સંભાળ. **૧૬** ગર્ભધારણનાં લક્ષણો. (ગર્ભ ધારણ થયો હોય તો તે ઓળખવાની રીત). ૧૭ દોહદ અથવા ડોહોળો

(ગર્ભવતી સ્ત્રીને ઉત્પન્ન થતી ઇચ્છા અને તે પૂર્ણ કરવાની જરૂર). ૧૮ ગર્ભસ્રાવ અને ગર્ભપાત. (તેનાં કારણ અને તેમ ન થવા દેવાના ઉપાયો). ૧૯ ગર્ભમાંના બાળકનાં લક્ષણો. (પુત્ર પુત્રી થવા વિષેનાં ચિન્હો અને તેની સમજણ).૨૦ કયા ઉપાયોથી સન્તાન સુંદર થાય? (સુંદર સંતાનો પ્રાપ્ત કરવાની કેટલીક ઉપયોગી રીતો). ૨૧ પ્રસવની તૈયારી. (પ્રસૂતિ થયા પહેલાં રાખવાની સંભાળ અને તે સમય આવી પહોંચ્યા વિષેની સમજૂતી). ૨૨ પ્રસવકાળે થતી વેદના. (કયાં કારણોથી પ્રસવકાળે થતી વેદના થોડી અથવા વધારે વાર સુધી લંબાય છે અને કયા દેશમાં કેવા પ્રકારના નિયમોથી પ્રસવ થાય છે?). ૨૩ પ્રસવનો સમય અને વેદના થવાનું કારણ. ૨૪ પુત્ર કે પુત્રીની સંખ્યા, ઉત્પત્તિ અને આયુષ્ય. ૨૫ વંશ વધારવાના ઉપાયો. (બળવાન અને સુંદર સંતાનો ઉત્પન્ન કરવા માટેના નિયમો અને વીર્યવૃદ્ધિના ઉપાયો). ૨૬ અનિયમિત ઋતુથી થતી વેદના તથા ગર્ભધારણના ઉપાયો. ૨૭ સન્તાન જીવતાં ન હોય તેના ઉપાયો. ૨૮ અર્ધમૃત અવસ્થામાં જન્મેલાં બાળકોને બચાવવાના ઉપાયો. ૨૯ બાળકોનાં મળમૂત્રનો ત્યાગ કરાવવા વિષે. ૩૦ કેવી રીતે ઉછેરવાથી બાળકો દીર્ઘાયુષી થાય? (બાલસંગોપનની પદ્ધતિ). ૩૧ બાળકોના રોગ અને તેનાં કારણોનો નિર્ણય. ૩૨ શા કારણથી બાળક ક્ષીણ થઇ જાય છે? ૩૩ બાળકને ધવરાવવા વિષે સામાન્ય નિયમો. ૩૪ દૂધના સંબંધમાં રાખવી જોઇતી સંભાળ. ૩૫ બાળકને ઉંઘાડવાના નિયમો. ૩૬ દાંતનું રક્ષણ. (દાંતને બગડતા તથા કોહાતા અટકાવવાના ઉપાયો). ૩૭ બાળકોનો કૃમિરોગ. ૩૮ ધાત્રી અથવા નર્સ (બાળકની માવજત કરનાર સ્ત્રીની પસંદગી કેવી રીતે કરવી?) ૩૯ બાળકોના આરોગ્ય સંબંધી કેટલાક સામાન્ય નિયમો. ૪૦ સ્નાન સંબંધી ઉપયોગી નિયમો. ૪૧ આહાર સંબંધી ઉપયોગી નિયમો. ૪૨ બાળકોનો તાણનો રોગ. (તે રોગ થવાનાં કારણો અને તે મટાડવાના નિયમો). ૪૩ બાળકોની શર્દિ તથા ખાંસી (અને તેના ઉપાયો). ૪૪ બાળાગોળી અને બાળકોના પ્રકીર્ણ રોગો. ૪૫ બાળકના ગળામાં કાંઇ ભરાઈ રહે ત્યારે શું કરવું? ૪૬ ઓરી અને અછબડા. (એ દર્દો ઉભરાય ત્યારે કેવી સંભાળ રાખવી જોઇએ?) ૪૭ શીળી અથવા બળીઆ. ૪૮ વંશનો લોપ થવાનું કારણ. ૪૯ બાળકનો પ્રસવ થવાની ચોક્કસ મુદત. (ગર્ભધારણનો કાળ અને પ્રસવકાળના નિર્ણયનું કોષ્ટક). ૫૦ ઉપસંહાર.

આ પુસ્તક એટલું ઉપયોગી થયું છે કે વિદ્વાનોએ તેને માટે ઉંચા અભિપ્રાયો આપ્યા છે અને વાચક વર્ગે તેને 'અમૂલ્ય' ની ઉપમા આપી છે. મી. હીરાલાલ સંપટ ગોંડળવાળા લખે છે કે "આ પુસ્તક બહાર પાડીને તમે જનસમાજ ઉપર મોટો ઉપકાર કર્યો છે." મી. વ્રજલાલ સી. શાહ લખે છે કે "તમારૂં પુસ્તક મારા એક મિત્રને તેના લગ્નની ભેટ તરીકે આપતાં તે તેને સોનાના મૂલ્યનું થઇ પડ્યું છે." મી. એચ. જે. ઢગટ મુંબઇથી લખે છે કે "પ્રથમ મેં નવદંપતીને શિખામણની એક કૉપી મંગાવી હતી. મારા મિત્રોને પણ તે ઉપયોગી જણાવાથી તેની બે વધુ પ્રતો વી. પી. થી મોકલશો." આવાં વગરમાંગ્યા અનેક સર્ટીફીકેટો મળ્યાં છે.

ગુજરાતી ભાષામાં એક અપૂર્વ અને અદ્વિતીય ગ્રંથ

# श्री भक्तामर-मंत्र-माहात्म्य ॥

**પૃષ્ઠ ૨૫૦, છીંટનું પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૧, વી. પી. પોસ્ટેજ ૨ આના.**

**'ભક્તામર'** સ્તોત્રની મહત્તા ઘણાઓના **સમજવામાં** છે; પરન્તુ તેના અપૂર્વ માહાત્મ્યથી તથા 'મંત્ર' અને 'જંત્ર' તરીકેના તેના વિશુદ્ધ ઉપયોગથી હજી ઘણાઓ અજાણ્યા પણ છે. ભક્તામર સ્તોત્રનો પ્રત્યેક શ્લોક એક એક અપૂર્વ બળધારી મંત્ર છે અને તે મંત્રની સિદ્ધિ યથાવિધિ કરવામાં આવે તો અનુપમ ફળસિદ્ધિ કરી આપવાનું સામર્થ્ય પણ તેનામાં રહેલું છે. તેવી જ રીતે પ્રત્યેક શ્લોકનો જંત્ર તરીકે ઉપયોગ પણ કરી શકાય છે, પરન્તુ તે શ્લોકની સાથે ઉપયુક્ત 'ઋદ્ધિ' અને 'મંત્ર' જોડવાની જરૂર હોય છે કે જેને ઘણાઓ મેળવી શકતા નથી. પ્રત્યેક શ્લોકનો મંત્ર અને જંત્ર તરીકે ઉપયોગ કેવી રીતે કરવો, તેથી કેવું ફળ પ્રાપ્ત થાય અને ફળના જિજ્ઞાસુ પુરૂષમાં કેવી યોગ્યતા હોવી જોઇએ તે તો કોઈક જ જાણી શકે છે અને એ સિદ્ધિદાયક સ્તોત્રનું ખરૂં મૂલ્ય સમજનારાઓ તો વિરલ જ જોવામાં આવે છે.

**'શ્રી ભક્તામર-મંત્ર-માહાત્મ્ય'** નામનો જે આ નવીન ગ્રંથ મુનિ શ્રી છોટાલાલજીએ અને ચુ. વ. શાહે ગુજરાતી ભાષામાં તૈયાર કર્યો છે તેમાં સર્વ કોઇને સમજ પડે એવી રીતે **ભક્તામરના શ્લોકો, તેના અર્થ, પ્રત્યેક મંત્ર તથા ઋદ્ધિના પાઠ, જાપ, જંત્ર તૈયાર કરવાનો વિધિ, જંત્રોની આકૃતિ, તેથી થતું ફળ,** વગેરે સંબંધી વિસ્તૃત સમજૂતી આપવામાં આવી છે. વિશેષમાં એ મંત્રોના પાઠથી કોના કોના ઉપરની કેવી કેવી આપત્તિઓ અને કેવાં કેવાં અરીષ્ટો કેવી કેવી રીતે દૂર થયાં તે દર્શાવનારી પ્રાચીન ગ્રંથોમાં આપેલી બોધક અને ચમત્કારપૂર્ણ કથાઓ પણ આપેલી છે. પ્રત્યેક શ્લોકનું ફળ દર્શાવનારી કથાઓનો મોટો સંગ્રહ આ પુસ્તકમાં આપવામાં આવ્યો હોવાથી **પુસ્તકનું કદ લગભગ ૨૫૦ પૃષ્ઠનું** થયું છે અને તેને સારા ટકાઉ કાગળમાં છાપીને તથા છીંટના પાકા પૂંઠાથી બાંધીને બહાર પાડવામાં આવ્યું છે. તેનું **મૂલ્ય માત્ર ૧ રૂપિયો** (પોસ્ટ ખર્ચ વધારે) રાખવામાં આવ્યું છે.

મંત્રોમાં જે અપૂર્વ શક્તિ રહેલી છે તેને નહિ સમજનારા કેટલાકો તેને વહેમ ગણે છે પરન્તુ મંત્રશક્તિ શું શું કરી શકે છે અને તેમાં કેટલું સત્ય રહેલું છે તે 'સાયન્ટીફીક' રીતે સમજાવવાને આ ગ્રંથમાં 'મંત્રશક્તિ' વિષે એક મોટો નિબંધ આપવામાં આવ્યો છે કે જેથી મંત્રોને નહિ માનનારાને પણ સત્યનો પ્રકાશ મળી શકે. વળી તેમાં ભક્તામર સ્તોત્રના જ માનવામાં આવતા કેટલાક વધારાના શ્લોકોનું સંશોધન કરીને આપવામાં આવ્યું છે. ટૂંકામાં આ પુસ્તક પ્રત્યેક રીતે તેના ગ્રાહકને ઉપયોગી થઇ પડે તેવી રચના સાથે તેને બહાર પાડ્યું છે. છાપવામાં તથા જંત્રોની આકૃતિઓમાં શુદ્ધતા ઉપર ખાસ લક્ષ આપ્યું છે કારણકે આવાં પુસ્તકોમાં અશુદ્ધિ મહા અનર્થકારક થઇ પડે છે. માત્ર થોડી પ્રતો સીલીકે રહી છે.

એક નવીન ઉપદેશક અને રસિક ગ્રંથ

# સુબોધક કથાપંચક.

**પૃષ્ઠ ૧૫૦, છીંટનું પાકું પૂંઠું, મૂલ્ય માત્ર ૫ આના, વી. પી. પોસ્ટેજ ૨ આના.**

આ ગ્રંથમાં પાંચ સુબોધક કથાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. (૧) **રાજા શશીશેખરની** કથામાં એ રાજાના રહસ્યમય સ્વપ્નનો વૃત્તાંત છે. એક ગરીબ બ્રાહ્મણને એક અમૂલ્ય રત્ન મળે છે, પરન્તુ તે રત્ન તે કેવી રીતે ગુમાવી નાંખે છે તેનો કરૂણાજનક વૃત્તાંત આપવામાં આવ્યો છે. એકંદર એ વાર્તા બોધક અને એટલી રસિક છે કે એક વાર હાથમાં લીધા પછી છોડવાનું ગમતું નથી. (૨) **મંગલકલશ કુમારની** કથા જૈન સજ્ઝાયોને આધારે લખવામાં આવી છે અને તેને એક નવલકથાનું રૂપ આપી આકર્ષક બનાવવામાં આવી છે. તેમાં મંગલકલશ કુમારનો ભાગ્યોદય ઉપદેશક છે. (૩) **અમરકુમાર** એક ગરીબ બ્રાહ્મણનો પુત્ર હતો અને તેને માથે અનેક આફતો આવી પડી હતી, છતાં માત્ર એક નવકાર મંત્રના ઉચ્ચારણના પ્રભાવથી તેનાં કષ્ટો દૂર થયાં હતાં અને છેવટે તે ઉચ્ચ ગતિને પામ્યો હતો. (૪) 'વિધિના લેખ ટાળ્યા ટળતા નથી' એ કહેવત યથાર્થ રીતે દર્શાવનારી કથા **મત્સ્યોદર કુમારની** છે. તે કુમાર ઉપર અત્યંત દુઃખો આવી પડ્યાં હતાં પરન્તુ છેવટે વિધિ ઉપર આધાર રાખીને તેણે ધૈર્ય રાખ્યું હતું તેને પરિણામે છેવટે તે સુખી થયો હતો. (૫) **રાજા શુદ્ધમતિની** કથા 'સંસાર ક્ષણિક છે' તે નિદર્શન કરાવનારા ચમત્કારોથી ભરપૂર છે અને એક વાર વાંચવા માંડ્યા પછી તેને પૂરી કર્યા વિના ચેન પડતું નથી.

આ પાંચે કથાઓ '**સુબોધક કથાપંચક**' ને નામે બહાર પાડવામાં આવી છે. તે કથાઓ ઉપરથી ગ્રહણ કરવાનો બોધક સારાંશ **પંડિત મુનિરાજ શ્રી રત્નચંદ્રજીને** હસ્તે લખાએલો આપવામાં આવ્યો છે અને કથાઓ પ્રકાશકે જ લખેલી છે. માત્ર ગણી ગાંઠી પ્રતો સીલીકે છે.

ઉપર જણાવેલાં સઘળાં પુસ્તકો તૈયાર છે. જેમને જે પુસ્તક જોઇતું હોય તેમણે આ હસ્તપત્ર ભરીને મોકલવું અથવા જુદા પત્રથી ખબર આપવી. ત્રણે પુસ્તક સામટાં મંગાવનારને માત્ર ૪ આના જ પોસ્ટ ખર્ચ બેસશે. પુસ્તક તુરતજ વી. પી. થી મોકલવામાં આવશે.

**મળવાનું સ્થળ:—** **ચુનીલાલ વર્ધમાન શાહ.**

સારંગપુર—**અમદાવાદ.**

| નવ-દંપતીને શિખામણની પ્રત | ભક્તામર-મંત્ર-માહાત્મ્યની પ્રત | સુબોધક કથા-પંચકની પ્રત | ગ્રાહકનું પૂરૂં નામ, ગામ, ઠેકાણું, પોસ્ટ, જીલ્લો. |
|---|---|---|---|
| | | | |

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.




आजकल करते २ अरसा २० सालसे मैं कुछ ऐसी दवाकी खोजमें था जो जगत्को आशीर्वाद रुप हो जाय, एक ही छोटी सीसी अपने जेबमें रखनेसे सारा दवाखाना निकम्मा हो जाय-यानी अपना जाकीटके जेबमें एक छोटीसी सीसीके अंदर सारा दवाखाना आ जाय। परदशमें, रेलमें, जहाजमें, जंगलमें छोटे मोटे गांवमें जहां जिस वक्त कोई बीमारी उमड आई उसीदम उसका इलाज अपने जेबमेंसे निकाल पडे। कई आशा निराशाके झोके खाते आज २० वर्षके बडे परिश्रमके बाद मैंने यह चन्द्रामृत पाया है।

इससे बादी, बदहजमी, दस्त, कै, खांसी, दमा, शीरदर्द, जुखाम, आंखका दर्द, दांत वा डाढ़का दर्द, कर्ण रोग, दाद, खुजली, खाज, हैजा, सूजम गठिया, वात, लकवा, कमजोरी, अशक्ति, नामर्दी, ज़हरी डंक, प्लीहा, अण्डवृद्धि, प्रदर रोग, सरदी, बवासीर मुंह के छाले, प्रमेह, रक्त शुद्धि, जलना, ताप ( बुखार ) न्हारुआ हिचकी, दुर्गन्धि, खटमल आदि प्राय: सर्व रोगोंका पूरा २ इलाज है। गृहस्थों को एक शीशी अवश्य पास रखना चाहिये। कीमत अमीर गरीब सब के लिये थोड़ी रखी है. खाने लगानेकी तरकीब दवा के साथ मिलती है। की० फी शीशी ।।।) तीन शीशी २) रु० डा०. खर्च अलग।

दवा मंगाववानुं स्थल:—

चन्द्रसेन जैन वैद्य, चन्द्राश्रम-इटावह. U. P.

લોહી સુધારવા માટે સૌથી સરસ

# ડૉ. વામન ગોપાલનું

# જગપ્રસિદ્ધ અને લોકપ્રીય

# આયોડાઇઝડ

# સાર્સાપરિલા

જેનો લાખો દરદીઓએ ઉપયોગ કરી પોતાની નિરાશા દુર કીધી છે.
આ સાર્સાપરિલા બગડેલા લોહીથી થતા દરદો માટે એક
ફતેહમંદ અકસીર ઇલાજ છે.

અને આજ ૬૦ વરસથી એક સરખી રીતે માન પામેલું છે અને જુદા જુદા પ્રદર્શનોમાં

## સોના અને રૂપાના ચાંદો મેળવવા

### આ એક જ સાર્સાપરિલા ભાગ્યશાળી નિવડયું છે.

લોહી એ મનુષ્યનું જીવન છે તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન્ન થાય છે. માટે તે સુધારવા દરેક માણસે કાળજી લેવી જોઇએ, તેને માટે આ સાર્સાપરિલા વિના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંશ એટલે ગરમી અને તેના વડે થતા રોગો–તેમજ લકવા, સંધીવા, ચામડી પરના કાળા ડાઘ પડવા, અંગનું સુજી આવવું, શરીરમાં બળતરા થવી, શરીર ઉપર દેવી સરખા ફોલ્લા થઈ આવવા વિગેરે વિકારો ઉપર આ દવા અકસીર થઈ ચુકી છે.

શીશી ૧ નો રૂ. ૧ા, ચાર શીશી પીવાથી સારો ગુણ આવે છે. પોસ્ટ ખર્ચ જુદું.
ચાર એકદમ મંગાવનારને રૂ. ૪ા. પોસ્ટેજ સાથે.

**ડૉ. ગઉત્તમરામ કેશવ–ઠાકુરદ્વાર—મુંબઈ.**

અમદાવાદના અજંટ—શા. ગોકળદાસ મોતીચંદ ઠે. ઘાંચીની પોળ–અમદાવાદ.